# Educational Research Monograph

# શૈક્ષણિક સંશોધન મોનોગ્રાફ (2021-23)




હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

સંલગ્ન

## શ્રીમતી આર. કે. ડી. ખાણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**NAAC- B ગ્રેડ** કોલેજ કોડ:-280

राष्ट्रीय मूल्यांकन एवं प्रत्यायन परिषद

विश्वविद्यालय अनुदान आयोग का स्वायत्त संस्थान

**NATIONAL ASSESSMENT AND ACCREDITATION COUNCIL**

*An Autonomous Institution of the University Grants Commission*

# Certificate of Accreditation

The Executive Committee of the
National Assessment and Accreditation Council
on the recommendation of the duly appointed
Peer Team is pleased to declare the
Matrushree S. S. Govinda and Shrimati
R. K. D. Khanushiya College of Education
Palanpur, Dist. Banaskantha,
affiliated to Hemchandracharya North Gujarat University, Gujarat as
Accredited
with CGPA of 2.16 on four point scale
at B grade
valid up to April 30, 2020

Date : May 01, 2015

Director

# EDUCATIONAL RESEARCH MONOGRAPH

## (2021-23)


**:Chief Editor:**

Dr. Pinakshiben B. Patel (Prof. & Head)

**:Sub Editors:**

Shri. Piyushkumar K. Pancholi (Asst. Prof)

Shri Jayantibhai V. Patel (Asst. Prof)

Dr. Jyotsanaben L. Barad (Asst. Prof)

Smt. Tanushree S. Bhargava (Asst. Prof)



**SMT. R.K.D. KHANUSHIYA M.ED. COLLEGE, PALANPUR**

**AFFILIATED WITH**

**HEMCHANDRA ACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN**

**MANAGED BY**

**SHRI BANASKANTHA KADVA PATIDAR SANSKAR MANDAL, PALANPUR**

**Copyright @ RKDMED**

**Composed By:**
Smt. R.K.D. Khanushiya M.Ed. College,
Karnavat School Campus,
Gobri Road, Palanpur-385001
Dist. – Banaskantha (Gujarat)

**Printer:**
Network Print
1, Old Market Yard,
Palanpur-385001
M: 9426004741

**Publisher:**
Shri BKKPSM TRUST,
Karnavat School Campus,
Gobri Road, Palanpur-385001
Dist. – Banaskantha (Gujarat)

**Edition: Second(4,November 2023)**

**ISBN NO:978-93-6013-105-0**

**Price: Rs. 390/-**



## આચાર્યશ્રીનું આવકાર નિવેદન

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત એમ.એડ્. વિભાગ દ્વારા શૈક્ષણિક સંશોધન સારાંશ (2021-23) નું અત્યંત મૂલ્યવાન પ્રકાશન થવા જઈ રહ્યું છે. જે અત્યંત પ્રસન્નતા અને ગૌરવપૂર્ણ બાબત છે. આ મુજબના શૈક્ષણિક પ્રકાશન માટે સતત કાર્યરત અને જાગૃત એમ.એડ્ વિભાગનો પરિવાર વિશેષ અભિનંદનને પાત્ર છે.

શૈક્ષણિક ક્ષેત્રમાં શિક્ષણ વિદ્યાશાખાનું સ્થાન કેન્દ્રનું છે. આ વિદ્યાશાખાના માધ્યમથી સંશોધનાત્મક પદ્ધતિઓ, અભિગમ, તેના વિવિધ આયામો, આંતર વિદ્યાશાખાકીય સંબંધો વગેરેથી માંડીને સંશોધનના વિવિધ ક્ષેત્રોના વિશાળ વ્યાપ પર ઝીણવટભર્યું અને અભ્યાસપૂર્ણ સંશોધન તથા તેના ફળ સ્વરૂપ તારણ એ માત્ર એક જ વિદ્યાશાખાને નહીં પરંતુ શૈક્ષણિક ક્ષેત્રોની અનેક વિદ્યાશાખા માટે ઉપયોગી બની શકે તે સ્વાભાવિક છે.

એમ.એડ્. વિભાગની 15 વર્ષની અવિરત સંશોધન યાત્રા દરમિયાન કુલ 446 શિક્ષણ અનુસ્નાતક અભ્યાસક્રમના લઘુશોધ નિબંધ થઈ ચૂક્યા છે, જે પૈકી વર્ષ 2020-2022 માં કુલ 46 લઘુશોધ નિબંધના મોનોગ્રાફનું વિમોચન ગત શૈક્ષણિક વર્ષમાં થયું. શૈક્ષણિક વર્ષ 2021-2023 માં તૈયાર થયેલા કુલ 55 લઘુશોધ નિબંધ સાથે મોનોગ્રાફની આ બીજી શ્રેણીનું પ્રકાશન થવા જઈ રહ્યું છે. તે માત્ર એમ.એડ્. વિભાગ માટે જ નહીં પરંતુ સમગ્ર સંસ્થા માટે સીમાચિહ્ન રૂપ પ્રકલ્પ છે. સંશોધનાત્મક ક્ષેત્રની ગૌરવગાથાની રચના અને તેના પ્રત્યક્ષીકરણ માટે એમ.એડ્ કોલેજના બધા જ અધ્યાપકો અભિનંદનને પાત્ર છે. આ ભગીરથ કાર્ય માટે તમામને સવિશેષ ધન્યવાદ પાઠવું છું.

સમગ્ર પ્રકલ્પની સફળતા માટે હાર્દિક શુભેચ્છાઓ.

ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ
પ્રોફેસર એન્ડ હેડ
શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા. એમ.એડ્ કોલેજ, પાલનપુર



## પ્રમુખશ્રીનો સંદેશ

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ પાલનપુર સંચાલિત શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્ કોલેજના પ્રોફેસર એન્ડ હેડ અને અધ્યાપકો દ્વારા સંપાદિત "**શૈક્ષણિક સંશોધન સારાંશ** (2021-23)" નામક મોનોગ્રાફ પ્રકાશિત થઈ રહયો છે તે જાણીને ગૌરવ અનુભવું છું.

એમ.એડ્ વિભાગના પ્રોફેસર એન્ડ હેડ અને અધ્યાપકો અધ્યાપન ઉપરાંત અધ્યયનના પરિપાક સ્વરૂપે થયેલા સંશોધનોને સમાજ ઉપયોગી બનાવવા માટે જે પ્રયાસ કરી રહ્યા છે તે ખુબ જ સરાહનીય છે. વર્તમાન સમયમાં જ્યારે શિક્ષણ ક્ષેત્રનો વ્યાપ વધતો જાય છે ત્યારે તેના નવા આયામ તરફ પણ લક્ષ્ય આપવું જરૂરી છે. શિક્ષણ પદ્ધતિમાં નવી તકનીકી સંરચનાઓ અને શિક્ષણ દરમિયાન લેવાનારી પરીક્ષા અને મૂલ્યાંકન જેવી બાબતો સમયાંતરે પરિવર્તન માગે છે પરંતુ આ પરિવર્તન પણ ભારતીય તત્વજ્ઞાનના મૂલાધાર અને ભારતીય સામાજિક મનોવિજ્ઞાનના પરિપ્રેક્ષ્યમાં હોવું ઘટે.

મને એ વાતનો આનંદ છે કે એમ.એડ્ વિભાગના પ્રોફેસર એન્ડ હેડ ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ અને અધ્યાપક મિત્રો સર્વશ્રી શ્રી પિયુષકુમાર કે. પંચોલી, શ્રી જયંતીભાઈ વી. પટેલ, ડૉ. જ્યોત્સનાબેન બારડ અને સુશ્રી તનુશ્રી ભાર્ગવા જેવા પરિવર્તનના પ્રહરી અને એટલા જ સંશોધન ઉત્સુક આ ભગીરથ કાર્યમાં સહયોગી બન્યા છે. મને લાગે છે કે સંશોધન એ માત્ર ઉપાધિ મેળવવાનો ઉપક્રમ નથી પરંતુ તે રાજ્યના શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસના ઘડતરમાં ઉપયોગી બને તો જ શિક્ષણ સંસ્થાનું ખરું પ્રદાન ગણાય.

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળના પ્રમુખ તરીકે આ પ્રયાસને બિરદાવતાં મને હર્ષની લાગણી અનુભવાય છે અને સમગ્ર મંડળ આ કાર્યને કારણે વધુ પ્રતિષ્ઠિત થશે તેવી મને ખાતરી છે. આ પ્રકાશનના સર્વ સહભાગી વ્યક્તિઓને અભિનંદન અને શુભેચ્છા.

શ્રી ઇશ્વરભાઇ એ. કર્ણાવત
પ્રમુખ
શ્રી બ.કાં.ક.પા.સંસ્કાર મંડળ,પાલનપુર

# સંપાદકીય

શિક્ષણ, સંશોધન, માર્ગદર્શન અને વિસ્તરણ એ અનુસ્નાતક શિક્ષણ કક્ષાએ અધ્યયન-અધ્યાપન માટેનાં મુખ્ય ચાર ધ્રુવ છે. જેમાંથી માર્ગદર્શન અને વિસ્તરણ એમ.એડ્નાં 2 વર્ષનાં સંશોધન આધારિત લઘુશોધ નિબંધ માટે અનિવાર્ય બની રહે છે.

સંશોધનો હાથ ધરાય, તેનાં અહેવાલો લખાય, તાલીમાર્થીઓ ડિગ્રી મેળવી લે અને અહેવાલો ગ્રંથાલયનાં કબાટમાં કેદ થઇ જાય તેનાથી ભાવિ તાલીમાર્થીઓને કંઇ જ ફાયદો ન થાય. આથી, એમ.એડ્. વિભાગના પ્રોફેસર એન્ડ હેડ અને અધ્યાપકો એ વિચાર કર્યો કે ચાલુ વર્ષ પણ એટલે કે વર્ષ 2021 - 2023 નાં તાલીમાર્થીઓ દ્વારા હાથ ધરાયેલાં અમુલ્ય સંશોધનો ગ્રંથાલયનાં કબાટોમાં પુરાઇ જાય એ પહેલાં તેના સાચા ઉપભોક્તા- શિક્ષકો અને ભાવિ સંશોધકો સુધી સરળતાથી પહોંચે તેવું કંઇક કરવું જોઇએ.

આ કંઇક નવું કરવાના સદ્-વિચારથી પ્રેરાઇને કોલેજ દ્વારા વર્ષ 2020-22 દરમિયાન હાથ ધરવામાં આવેલ સંશોધન સારાંશોને એક મોનોગ્રાફ રૂપે શૈક્ષણિક સંશોધન સારાંશ (2020-22) શીર્ષક હેઠળ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. તેની બીજી શ્રેણીના મોનોગ્રાફ તરીકે આ શૈક્ષણિક વર્ષે પણ શૈક્ષણિક સંશોધન સારાંશ (2021-23) નો મોનોગ્રાફ કુલ 07 શિક્ષણ સંશોધન ક્ષેત્રોમાં વર્ગીકૃત કરી, દરેકને એક પ્રકરણ સ્વરૂપે રજૂ કર્યા છે. આ કાર્યને પાર પાડવામાં નિષ્ણાત, કાર્યક્ષમ અને મહેનતું એવા એમ.એડ્ વિભાગના પ્રોફેસર એન્ડ હેડ અને તમામ અધ્યાપક મિત્રોનો ફાળો અનન્ય રહ્યો છે.

આ મોનોગ્રાફના પ્રકાશન કાર્યમાં જરૂરી પ્રોત્સાહન અને મંજૂરી આપવા માટે શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજના આદરણીય પ્રોફેસર એન્ડ હેડ ડૉ. પિનાક્ષીબેન પટેલનાં ઋણી છીએ. સન્માનનીય પ્રમુખશ્રી ઇશ્વરભાઇ કર્ણાવતના આભારી છીએ.

તારીખ:- 4 નવેમ્બર 2023

સ્થળ: પાલનપુર

અધ્યાપક ગણ

શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્ કોલેજ,

પાલનપુર

## અધ્યાપક ગણ

ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ

શ્રી પિયુષકુમાર કે. પંચોલ

શ્રી જયંતિભાઈ વી. પટેલ

ડૉ. જ્યોત્સનાબેન એલ. બારડ

શ્રીમતી તનુશ્રી એસ. ભાર્ગવા

## સમીક્ષાત્મક પરિચય

શ્રીમતી રેવાબેન કરસનભાઇ દેવાભાઇ ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુરની સ્થાપના 2008 માં થઇ ત્યારથી 2022 સુધીનાં કુલ 446 શિક્ષણ અનુસ્નાતક અભ્યાસક્રમના લઘુશોધ નિબંધો થઈ ચૂક્યા છે. જે પૈકી અહીં વર્ષ 2021-2023 માં હાથ ધરાયેલાં 55 લઘુશોધ નિબંધોનો જ સમાવેશ કરાયો છે.

## અનુક્રમણિકા


| પ્રકરણ - 1 શિક્ષણનિતિ અને વ્યવસ્થાપન | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | સંશોધક અને માર્ગદર્શક | સંશોધન શીર્ષક | સંશોધન પેટા ક્ષેત્ર | પાન નં. |
| 1 | રાવલ અભિલાષા આર.<br>શ્રી પિયુષકુમાર કે. પંચોલી | પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે જૂની શિક્ષણનીતિ અને નવી શિક્ષણનીતિનો તુલનાત્મક અભ્યાસ | પ્રાથમિક શિક્ષણ, તુલનાત્મક શિક્ષણ | |
| 2 | પટેલ રવ્યના એ.<br>ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ | બી.એડ પ્રશિક્ષણાર્થીઓમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 સભાનતાનો અભ્યાસ | શિક્ષક શિક્ષણ | |
| 3 | પ્રજાપતિ દિપીકાબેન સી<br>શ્રી પિયુષકુમાર કે. પંચોલી | બનાસકાંઠા જિલ્લાના શિક્ષિત-અશિક્ષિત વાલીઓના કન્યા કેળવણી અભિયાન અંગેના અભિપ્રાયો | શિક્ષણનું વ્યવસ્થાપન, કન્યા કેળવણી | |
| 4 | પારધી મોનાલીસા એસ .<br>ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ | આશ્રમ શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓનો અભ્યાસ | શિક્ષણનું વ્યવસ્થાપન, બુનિયાદી શિક્ષણ | |
| 5 | લીમ્બાચીયા પૂનમબેન કે.<br>શ્રીમતી તનુશ્રી એસ. ભાર્ગવા | TET અને TAT પરીક્ષાના અભ્યાસક્રમ અંગે બી.એડ.પ્રશિક્ષણાર્થીઓનાં અભિપ્રાયોના અભ્યાસ | શિક્ષણનું વ્યવસ્થાપન, શિક્ષક શિક્ષણ | |
| 6 | વ્યાસ રિધ્ધિબેન પી.<br>ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ | પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપનનો અભ્યાસ | શિક્ષણનું વ્યવસ્થાપન, માધ્યમિક શિક્ષણ | |
| પ્રકરણ - 2 શિક્ષણનું તત્વજ્ઞાન – શિક્ષણ દર્શન | | | | |
| ક્રમ | સંશોધક અને માર્ગદર્શક | સંશોધન શીર્ષક | સંશોધન પેટા ક્ષેત્ર | પાન નં. |
| 7 | રાણા અંકિતાબેન જે.<br>શ્રી જયંતિભાઈ વી. પટેલ | ઓશો રજનીશના વિચારોમાંથી પ્રગટ થતું શિક્ષણદર્શન | શિક્ષણ દર્શન | |
| 8 | પરમાર અશ્વિન .એ .<br>શ્રી જયંતિભાઈ વી. પટેલ | ડો.બાબાસાહેબ આંબેડકરનું શિક્ષણ દર્શન એક અભ્યાસ | શિક્ષણ દર્શન | |
| 9 | પરમાર ભરતકુમાર એ.<br>શ્રી પિયુષકુમાર કે. પંચોલી | હીચકી ફિલ્મનો શૈક્ષણિક દ્રષ્ટિકોણ | શિક્ષણ દર્શન, શૈક્ષણિક ટેક્નોલોજી | |
| 10 | પટેલ નિકુલબેન. કે<br>ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ | મેડમ ગીતારાણી ફિલ્મનો શૈક્ષણિક દ્રષ્ટિકોણ | શિક્ષણ દર્શન, શૈક્ષણિક ટેક્નોલોજી | |

| | | | | |
|---|---|---|---|---|
| 11 | બાજગ વિક્રમકુમાર ટી.<br>શ્રી જયંતિભાઈ વી. પટેલ | મહાત્મા જ્યોતિબા ફુલેનું શિક્ષણદર્શન એક અભ્યાસ | શિક્ષણ દર્શન | |
| 12 | રાવલ યતિનકુમાર એસ.<br>ડૉ. જ્યોત્સનાબેન એલ. બારડ | શિક્ષક પ્રતિબદ્ધતા વિકાસ કાર્યક્રમનો અમલ અને અસરકારકતા | શિક્ષણ દર્શન | |
| પ્રકરણ - 3 મૂલ્ય શિક્ષણ | | | | |
| ક્રમ | સંશોધક અને માર્ગદર્શક | સંશોધન શીર્ષક | સંશોધન પેટા ક્ષેત્ર | પાન નં. |
| 13 | મેવાડા અમી એ.<br>ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ | ધોરણ - 7 ના સામાજિક વિજ્ઞાનના પાઠય- પુસ્તકમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યોનો અભ્યાસ | મૂલ્ય શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ | |
| 14 | પરમાર દક્ષાબેન જી.<br>ડૉ. જ્યોત્સનાબેન એલ. બારડ | શ્રી ગિજુભાઈ બધેકા રચિત બાળવાર્તાઓ માંથી નિષ્પન્ન થતાં મૂલ્યોનો અભ્યાસ | મૂલ્ય શિક્ષણ, ભાષા શિક્ષણ | |
| 15 | ચૌહાણ જયાબેન સી.<br>ડૉ. જ્યોત્સનાબેન એલ. બારડ | ધોરણ 12 વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન પાઠ્યપુસ્તકમાંથી નિષ્પન્ન થતાં આર્થિક અને વ્યક્તિગત મૂલ્યોનો અભ્યાસ | મૂલ્ય શિક્ષણ માધ્યમિક શિક્ષણ | |
| 16 | સાલવી પુષ્પાબેન આર.<br>ડૉ. છાયાબેન ત્રિવેદી | ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં નાગરિકતાના મૂલ્યોનો અભ્યાસ | મૂલ્ય શિક્ષણ માધ્યમિક શિક્ષણ | |
| 17 | પ્રજાપતિ રીટાબેન એલ.<br>ડૉ. જ્યોત્સનાબેન એલ. બારડ | ધોરણ 12 ના સંસ્કૃત વિષયના પાઠ્યપુસ્તકમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યોની ઓળખ અને વર્ગીકરણ | મૂલ્ય શિક્ષણ, માધ્યમિક શિક્ષણ | |
| પ્રકરણ - 4 વ્યક્તિ અભ્યાસ | | | | |
| ક્રમ | સંશોધક અને માર્ગદર્શક | સંશોધન શીર્ષક | સંશોધન પેટા ક્ષેત્ર | પાન નં. |
| 18 | વરવાડિયા લલિતાબેન જી.<br>શ્રી જયંતિભાઈ વી.પટેલ | કાણોદર પ્રાથમિક શાળા નં- 1 એક વ્યક્તિ અભ્યાસ | વ્યક્તિ અભ્યાસ | |
| 19 | મેવાડા રચના પી.<br>શ્રી જયંતિભાઈ વી. પટેલ. | ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી સિધ્ધપુરનો સંસ્થાકીય વ્યક્તિ અભ્યાસ | વ્યક્તિ અભ્યાસ | |
| પ્રકરણ- 5 શૈક્ષણિક ટેક્નોલોજી | | | | |
| ક્રમ | સંશોધક અને માર્ગદર્શક | સંશોધન શીર્ષક | સંશોધન પેટા ક્ષેત્ર | પાન નં. |
| 20 | સુંઢેશા ભરત.બી.<br>શ્રી પિયુષકુમાર કે. પંચોલી | માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ઓપન ઓફિસ 3.2 પ્રોગ્રામ જાગૃતતા કાર્યક્રમની રચના અને અજમાયશ | શૈક્ષણિક ટેક્નોલોજી, કમ્પ્યુટર શિક્ષણ, માધ્યમિક શિક્ષણ | |

| | | | | |
|---|---|---|---|---|
| 21 | શ્રીમાળી ભાવનાબેન આર.<br>ડૉ. જ્યોત્સનાબેન એલ. બારડ | જલોત્રા ગામના ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીનો અભ્યાસ | શૈક્ષણિક ટેક્નોલોજી, માધ્યમિક શિક્ષણ | |
| 22 | રાજપૂત ગીતાબેન બી.<br>શ્રી પિયુષકુમાર કે. પંચોલી | ધો-8 ના સામાજિક વિજ્ઞાન વિષયમાં રાષ્ટ્રવાદ માટે બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમની રચના અને અસરકારકતા | શૈક્ષણિક ટેક્નોલોજી, પ્રાથમિક શિક્ષણ | |
| 23 | ભાટીયા હર્ષિદાબેન એન<br>ડૉ. જ્યોત્સનાબેન એલ. બારડ | ધો-10 ના ગુજરાતી વિષયમાં વ્યાકરણમાં પસંદિત એકમના સંદર્ભમાં રૈખિક અભિક્રમની રચના અને અસરકારકતા | શૈક્ષણિક ટેક્નોલોજી, ભાષા શિક્ષણ | |
| 24 | ખાનચિયા કમળાબેન ડી<br>ડૉ. છાયાબેન ત્રિવેદી | ઇન્ટરનેટના ઉપયોગથી વિધાર્થીઓ પર થતી અસરોનો અભ્યાસ | શૈક્ષણિક ટેક્નોલોજી | |
| 25 | ચૌધરી કિંજલબેન પી.<br>શ્રીમતી તનુશ્રી એસ. ભાર્ગવા | ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અધ્યયન ટેવોનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ | શૈક્ષણિક ટેક્નોલોજી, માધ્યમિક શિક્ષણ | |
| 26 | પટેલ મિત્તલ કે.<br>ડૉ. છાયાબેન ત્રિવેદી | ધોરણ 8ના વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિષયમાં પસંદિત એકમ પર મોડ્યુલર શિક્ષણ પધ્ધતિઓની અસરકારકતા | શૈક્ષણિક ટેક્નોલોજી, પ્રાથમિક શિક્ષણ | |
| 27 | બારા સેજલબેન કે.<br>શ્રી પિયુષકુમાર કે. પંચોલી | આભાસી વર્ગખંડ અને વાસ્તવિક વર્ગખંડ અંગે બી.એડ ના તાલીમાર્થીઓના અભિપ્રાયોનો તુલનાત્મક અભ્યાસ | શૈક્ષણિક ટેક્નોલોજી, શિક્ષક શિક્ષણ | |
| 28 | પરમાર શીતલબેન એ.<br>શ્રી જયંતિભાઈ વી. પટેલ | ધોરણ 8માં વિજ્ઞાન વિષયમાં પસંદીત એકમ માટે સ્વ અધ્યયન સામગ્રીની રચના અને અસરકારકતા | શૈક્ષણિક ટેક્નોલોજી, વિજ્ઞાન શિક્ષણ | |
| 29 | પંડ્યા વિનોદકુમાર જી<br>શ્રીમતી તનુશ્રી એસ. ભાર્ગવા | ધોરણ-9 ના અંગ્રેજી વ્યાકરણમાં પસંદિત 'Tense' એકમના સંદર્ભમાં રૈખિક અભિક્રમની સંરચના અને અસરકારકતા | શૈક્ષણિક ટેક્નોલોજી, ભાષા શિક્ષણ | |
| | | પ્રકરણ- 6 શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન | | |
| ક્રમ | સંશોધક અને માર્ગદર્શક | સંશોધન શીર્ષક | સંશોધન પેટા ક્ષેત્ર | પાન નં. |
| 30 | પટેલ અનિતાબેન બી.<br>ડૉ. જ્યોત્સનાબેન એલ. બારડ | ધો-9 ના વિજ્ઞાન વિષયમાં પસંદિત પ્રયોગો માટે પ્રયોગ પદ્ધતિ અને પરંપરાગત પદ્ધતિનો તુલનાત્મક અભ્યાસ | વિજ્ઞાન શિક્ષણ, તુલનાત્મક અભ્યાસ | |
| 31 | નાઈ અનિતાબેન ડી.<br>શ્રી પિયુષકુમાર કે. પંચોલી | બી.એડ. કોલેજના અભ્યાસક્રમમાં આંતરિક મૂલ્યાંકનથી થતી અસરો અંગે અધ્યાપકો અને પ્રશિક્ષણાર્થીઓના અભિપ્રાયોનો અભ્યાસ | માપન અને મૂલ્યાંકન, શિક્ષક શિક્ષણ | |

| | | | | |
|---|---|---|---|---|
| 32 | ઇલાસરીયા ભાવેશકુમાર બી.<br>શ્રીમતી તનુશ્રી એસ. ભાર્ગવા | ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક વર્ષ 2018 -19 ના વર્ષથી ધોરણ 9 માં અમલી બનેલ N.C.E.R.T. પાઠ્યપુસ્તકો પરત્વે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ | માપન અને મૂલ્યાંકન, માધ્યમિક શિક્ષણ | |
| 33 | પટેલ દેવાક્ષીબેન ડી.<br>ડૉ. જ્યોત્સનાબેન એલ. બારડ | ધોરણ-8 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના પસંદિત એકમો માટે પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્યક્રમની રચના અને અસરકારકતા | વિજ્ઞાન શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ | |
| 34 | પરમાર હાર્દિકબેન વી.<br>ડૉ. છાયાબેન ત્રિવેદી | ધોરણ- 11 ના જીવવિજ્ઞાન વિષયના પાઠયક્રમ આધારિત પ્રશ્નબેંકની સંરચના | માધ્યમિક શિક્ષણ | |
| 35 | પરમાર હરકિશનલાલ ડી.<br>શ્રીમતી તનુશ્રી એસ. ભાર્ગવા | ધોરણ - 10 ના ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતાનો અભ્યાસ | ભાષા શિક્ષણ માધ્યમિક શિક્ષણ | |
| 36 | જોશી કિંજલબેન બી.<br>શ્રી જયંતિભાઈ વી. પટેલ | બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકોએ કરેલ નવતર પ્રયોગની અસરકારકતાનો અભ્યાસ | માપન અને મૂલ્યાંકન, પ્રાથમિક શિક્ષણ | |
| 37 | મહુડીયા મોતીભાઈ જે.<br>શ્રી પિયુષકુમાર કે. પંચોલી | ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક વર્ષ- 2018-19 ના વર્ષથી ધો-8 માં અમલી બનેલ N.C.E.R.T. પાઠ્યપુસ્તકો પરત્વે વિદ્યાર્થીઓ,વાલીઓ અને શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ | માપન અને મૂલ્યાંકન, પ્રાથમિક શિક્ષણ | |
| 38 | પરમાર પ્રકાશકુમાર કે.<br>ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ | ધોરણ 7 ના અંગ્રેજી વ્યાકરણના કેટલાક એકમો માટે નિદાન ઉપચાર કાર્યક્રમની અસરકારકતા | માપન અને મૂલ્યાંકન, ભાષા શિક્ષણ | |
| 39 | ચૌહાણ પ્રતિક્ષાબેન ડી.<br>શ્રી જયંતિભાઈ વી. પટેલ | પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની પર્યાવરણ પ્રત્યેની સભાનતાનો અભ્યાસ | માપન અને મૂલ્યાંકન, પર્યાવરણ શિક્ષણ | |
| 40 | જોષી રક્ષાબેન વી.<br>શ્રી પિયુષકુમાર કે. પંચોલી | ધો- 9 ના અંગ્રેજી વ્યાકરણના નામયોગી અવ્યયવ એકમ માટે નિદાન – ઉપચાર કાર્યક્રમની રચના અને અસરકારકતા | માપન અને મૂલ્યાંકન, ભાષા શિક્ષણ | |
| 41 | સોલંકી શર્મીલાબેન બી,<br>શ્રી જયંતિભાઈ વી. પટેલ | દાંતા તાલુકાના પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના ધોરણ - 8 ના સામાજિક વિજ્ઞાન વિષયની અધ્યયન નિષ્પત્તિઓનો અભ્યાસ | માપન અને મૂલ્યાંકન, પ્રાથમિક શિક્ષણ | |
| 42 | વારેચા સ્મિતા જી.<br>ડૉ. છાયાબેન ત્રિવેદી | પાલનપુર તાલુકાના ધો- 8માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ગણિત વિષયના પાયાના ખ્યાલોનો અભ્યાસ | પ્રાથમિક શિક્ષણ, ગણિત શિક્ષણ | |

| | | | | |
|---|---|---|---|---|
| 43 | રાજપૂત સોનલબેન એમ<br>ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ | સતલાસણા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ચાલતી પ્રાર્થના પ્રવૃતિઓનો અભ્યાસ | માપન અને મૂલ્યાંકન, પ્રાથમિક શિક્ષણ | |
| 44 | અનાવાડીયા સુર્યકુમાર વી.<br>ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ | કોલેજના વિદ્યાર્થીઓ માટે HIV AIDS જાગૃતતા કાર્યક્રમની રચના અને અસરકારકતા | ઉચ્ચ શિક્ષણ, સ્વાસ્થ્ય શિક્ષણ | |
| 45 | દેસાઈ ઉષાબેન એ.<br>ડૉ. જ્યોત્સનાબેન એલ. બારડ | સરસ્વતી તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓના ધોરણ-7ના વિધાર્થીઓની ગુજરાતી વિષયની અધ્યયન નિષ્પતિઓનો અભ્યાસ | માપન અને મૂલ્યાંકન, પ્રાથમિક શિક્ષણ | |
| 46 | પુરોહિત વીણા આર.<br>ડૉ. છાયાબેન ત્રિવેદી | સ્ત્રી શિક્ષણ જાગૃતિ કાર્યક્રમની સંરચના અને અસરકારકતા | માપન અને મૂલ્યાંકન, સ્ત્રી શિક્ષણ | |
| પ્રકરણ - 7 શિક્ષણનું મનોવિજ્ઞાન | | | | |
| ક્રમ | સંશોધક અને માર્ગદર્શક | સંશોધન શીર્ષક | સંશોધન પેટા ક્ષેત્ર | પાન નં. |
| 47 | ચૌધરી અલ્પેશકુમાર ડી.<br>ડૉ. છાયાબેન ત્રિવેદી | ધાનેરા તાલુકામાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં પ્રવર્તમાન અંધશ્રદ્ધાનો અભ્યાસ | શિક્ષણનું મનોવિજ્ઞાન, વિજ્ઞાન શિક્ષણ | |
| 48 | જોષી ચક્ષુ સી.<br>ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ | ધોરણ 9 ના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિના કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ | શિક્ષણનું મનોવિજ્ઞાન, માધ્યમિક શિક્ષણ | |
| 49 | વડનગરા જીજ્ઞાસા કે.<br>ડૉ. જ્યોત્સનાબેન બારડ | ધોરણ – 9 ના વિદ્યાર્થીઓના અનુકૂલનનો સ્વ-સન્માનના સંદર્ભમાં અભ્યાસ | શિક્ષણનું મનોવિજ્ઞાન | |
| 50 | ગામી મુકેશકુમાર એમ.<br>ડૉ. છાયાબેન ત્રિવેદી | પાલનપુર તાલુકાની શાળાઓમાં ધોરણ 10 માં સામાજિવિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓની અભિરુચિ વધારવા માટેના કાર્યક્રમની રચના અને તેની અસરકારકતા | શિક્ષણનું મનોવિજ્ઞાન, માધ્યમિક શિક્ષણ | |
| 51 | નાયક પંકજકુમાર વી.<br>ડૉ. છાયાબેન ત્રિવેદી | ધોરણ - ૯ ના વિદ્યાર્થીઓની સામાજિકવિજ્ઞાન વિષય પરત્વેના વલણોનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ | શિક્ષણનું મનોવિજ્ઞાન, માધ્યમિક શિક્ષણ | |
| 52 | સોલંકી પવનબા.પી.<br>ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ | પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના હિન્દી વિષય પ્રત્યેના મનોવલણોનો અભ્યાસ | શિક્ષણનું મનોવિજ્ઞાન, હિન્દી શિક્ષણ | |
| 53 | દરબાર શૈલેષકુમાર કે.<br>શ્રી પિયુષકુમાર કે. પંચોલી | માધ્યમિક શાળાના ધો-9 ના વિદ્યાર્થીઓની ગણિત વિષયમાં અરૂચિના કારણોની તપાસ | શિક્ષણનું મનોવિજ્ઞાન, માધ્યમિક શિક્ષણ | |

| | | | | |
|---|---|---|---|---|
| 54 | પટેલ સ્નેહલ આર.<br>શ્રી જયંતિભાઈ વી. પટેલ | તરુણાવસ્થાની સમસ્યાઓ માટે સહકારી માર્ગદર્શન કાર્યક્રમની સંરચના અને અસરકારકતા | શિક્ષણનું મનોવિજ્ઞાન | |
| 55 | ચૌધરી વિણાબેન આઈ<br>ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ | ધો-8 ના વિદ્યાર્થીઓ માટે ગણિત વિષયમાં માનસિક શક્તિ કસોટીની રચના અને અસરકારકતા | શિક્ષણનું મનોવિજ્ઞાન | |

## સંશોધન સારાંશ

## પ્રકરણ - 1

## શિક્ષણનિતિ અને વ્યવસ્થાપન (1 થી 6)

**સંશોધન સારાંશ 1**

**સંશોધક :** રાવલ અભિલાષા આર.

**કોલેજ :** શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શક :** શ્રી પિયુષકુમાર કે. પંચોલી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી :** 2021-23 / HNGU, Patan / M.Ed.

**સંશોધન શીર્ષક :**

**પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે નવી શિક્ષણ નીતિ અને જુની શિક્ષણ નીતિનો તુલનાત્મક અભ્યાસ**

A Comparative Study of New Education Policy and Old Education policy in the Field of Primary Education

**સંશોધન ક્ષેત્ર :** પ્રાથમિક શિક્ષણ, તુલનાત્મક શિક્ષણ અને શિક્ષણનું સંગઠન, વહીવટ અને સંચાલન

**સંશોધનના હેતુઓ :**

1. 1986 ની રાષ્ટ્રીય શિક્ષણનીતિ અને નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 નો પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે તુલનાત્મક અભ્યાસ હાથ ધરવો.
2. નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ના દસ્તાવેજનો સમીક્ષાત્મક અભ્યાસ કરવો.
3. 1986 ની રાષ્ટ્રીય શિક્ષણનીતિ અને નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 નાં માળખાનો તુલનાત્મક અભ્યાસ કરવો.
4. 1986 ની રાષ્ટ્રીય શિક્ષણનીતિ અને નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની ભલામણોનો પ્રાથમિક શિક્ષણનાં સ્તર મુજબ તુલનાત્મક અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો :**

1. 1986 જુની શિક્ષણનીતિના માળખા કરતાં નવી શિક્ષણનીતિ 2020 નું માળખું કેવું હશે ?
2. નવી શિક્ષણનીતિ 2020 માં પ્રાથમિક શિક્ષણનાં સ્તર મુજબ ભલામણો કેવી હશે?
3. નવી શિક્ષણનીતિ 2020 માં શિક્ષક - પ્રશિક્ષક માટેની ભલામણો કેવી હશે ?

**સંશોધનનો પ્રકાર :** વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ :** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિના પ્રકાર પૈકી વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો :** જુની શિક્ષણનીતિ 1986 અને નવી શિક્ષણનીતિ 2020 ના ભારત સરકાર દ્વારા પ્રકાશિત દસ્તાવેજ

**ઉપકરણ :** દસ્તાવેજી મૂલ્યાંકન પૃથક્કરણ પત્રકો

**પૃથક્કરણની રીત :** વિષયવસ્તુ વિશ્લેષણ અને વર્ણનાત્મક વિશ્લેષણ માટે અભ્યાસનાં પ્રશ્નો અનુરૂપ વર્ગીકરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો :**

1986 ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ કરતાં 2020 ની નવી શિક્ષણ નીતિ તમામ વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણની એક સમાન ઉપલબ્ધિ સાથે એક આગવી શિક્ષણ વ્યવસ્થા ધરાવવાની પરિકલ્પનાને રજૂ કરે છે. નવી રાષ્ટ્રીય

શિક્ષણ નીતિ ભારતને વૈશ્વિક જ્ઞાનની મહાસત્તા બનાવવા માટેની ઉદ્દઘોષણા પૂરી પાડે છે. પ્રાથમિક શિક્ષણમાં માળખાકીય સુધારાઓને પ્રોત્સાહન અને પૂર્વ પ્રાથમિક શૈક્ષણિક સંસ્થાઓનો પ્રારંભિક શિક્ષણમાં સમાવેશ કરવામાં આવ્યો છે. નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ઔપચારિક શિક્ષણની મુખ્ય ધારા સાથે વ્યાવસાયિક શિક્ષણને સંકલિત કરી તેનું સ્તર ઊંચું લાવવાનાં પ્રયાસ કરે છે. 1986 ની શિક્ષણ નીતિમાં સર્વ શિક્ષા અભિયાન, મધ્યાહન ભોજન જેવી યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**સંશોધનના ફલિતાર્થ :**

પ્રસ્તુત અભ્યાસમાં જોવા મળ્યું હતું કે 1986 ની શિક્ષણ નીતિમાં વિદ્યાર્થીની સવલતોનું અચૂકપણે ધ્યાન રાખવામાં આવ્યું હતું પરંતુ 34 વર્ષનાં લાંબા અંતરાલ પછી અસ્તિત્વમાં આવેલી નવી શિક્ષણ નીતિએ શિક્ષણ જગતમાં ધરમૂળથી ફેરફાર લાવવા પ્રયાસો કરેલ છે. વિદ્યાર્થી વિકાસ જ નહીં પરંતુ શિક્ષક, સમાજ અને રાષ્ટ્રનાં વિકાસની બાબતોનું સુંદર રીતે નિરૂપણ જોવા મળે છે. 2020 ની શિક્ષણ નીતિનું યોગ્ય અમલીકરણ થાય તો નજીકનાં ભવિષ્યમાં ભારત સંપૂર્ણપણે શિક્ષણમાં હરણફાળ ભરી શકે.

**ઉપસંહાર :**

પ્રસ્તુત સંશોધનનો હેતુ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે નવી શિક્ષણ નીતિ અને જુની શિક્ષણ નીતિનો તુલનાત્મક અભ્યાસ કરવાનો હતો. આ સંશોધન વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું. સંશોધનમાં વ્યાપવિશ્વ તેમજ નમૂનો બંને જુની શિક્ષણ નીતિ 1986 અને નવી શિક્ષણ નીતિ 2020 નો ભારત સરકાર દ્વારા પ્રકાશિત દસ્તાવેજ હતાં. પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ સ્વ નિર્મિત દસ્તાવેજી મૂલ્યાંકન પૃથક્કરણ પત્રકો હતાં અને માહિતી એકત્રીકરણ કર્યા બાદ વિષયવસ્તુ વિશ્લેષણ અને વર્ણનાત્મક વિશ્લેષણ માટે અભ્યાસનાં પ્રશ્નો અનુરૂપ વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. તેનાં પરથી જાણવા મળ્યું હતું કે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ઔપચારિક શિક્ષણની મુખ્ય ધારા સાથે વ્યાવસાયિક શિક્ષણને સંકલિત કરી તેનું સ્તર ઊંચું લાવવાનાં પ્રયાસ કરે છે.

**ચાવીરૂપ શબ્દો : રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, દસ્તાવેજ**

**<u>સંશોધન સારાંશ 2</u>**

**સંશોધક: પટેલ રવ્યના એ.**

**કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર**

**માર્ગદર્શક : ડૉ. પિનાક્ષીબેન. બી. પટેલ**

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** : 2021-23 / HNGU, Patan / M.Ed.

**સંશોધન શીર્ષક :**

**બી.એડ્. ના પ્રશિક્ષણાર્થીઓમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ - 2020 સભાનતાનો અભ્યાસ**

A study of awareness among B.Ed teacher traininees on National Education Policy- 2020

**સંશોધન ક્ષેત્ર: શિક્ષક શિક્ષણ, પૂર્વ સેવા અને સેવાકાલીન શિક્ષક શિક્ષણ**

**સંશોધનના હેતુઓ :**

1. બી.એડ્. ના પ્રશિક્ષણાર્થીઓ માટે રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 સભાનતા કસોટીની રચના કરવી.
2. જાતિ અનુસાર બી.એડ્. ના પ્રશિક્ષણાર્થીઓની રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની સભાનતા જાણવી.
3. વિસ્તાર અનુસાર બી.એડ્. ના પ્રશિક્ષણાર્થીઓની રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની સભાનતા જાળવી
4. પ્રવાહ અનુસાર બી.એડ્. ના પ્રશિક્ષણાર્થીઓની રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની સભાનતા જાણવી.

**સંશોધનના પ્રશ્નો :**

1. કુમાર અને કન્યા પ્રશિક્ષણાર્થીઓની રાષ્ટ્રીય શિક્ષણની 2020 સભાનતા કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

2. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓને રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 સભાનતા કસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

સંશોધનના ચલ : પરતંત્ર ચલ : સભાનતા કસોટીમાં મેળવેલા મેળવેલ પ્રાપ્તાંકો; પરિવર્તક ચલ: -જાતિ, વિસ્તાર,પ્રવાહ; અંકુશિત ચલ:- કોલેજ, વિષય, માધ્યમ

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પદ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિના પ્રકાર પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની બી. એડ્ કોલેજોમાં અભ્યાસ કરતા પ્રશિક્ષણાર્થીઓ પૈકી 02 બી.એડ્. કોલેજો, એક ગ્રામ્ય અને એક શહેર બંનેનો સમાવેશ નમૂનામાં કરવામાં આવ્યો છે.

ઉપકરણ : રાષ્ટ્રીય શિક્ષણનીતિ- 2020 સભાનતા કસોટી

પૃથક્કરણની રીત : પ્રાપ્ત થયેલી માહિતીનું સાદી અંકશાસ્ત્રીય ગણતરી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

સંશોધનના તારણો :

1. બી.એડ્. ના કુમારો રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની સભાનતા બાબતમાં કન્યાઓ કરતા ચડિયાતા છે.
2. ગ્રામ્ય વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓ રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની સભાનતા બાબતમાં શહેરી પ્રશિક્ષણાર્થીઓ કરતા ચડિયાતા છે.
3. શહેરી વિસ્તારના કુમાર પ્રશિક્ષણાર્થીઓ રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની સભાનતાની બાબતમાં શહેરી કન્યા પ્રશિક્ષણાર્થીઓ કરતા ચડિયાતા છે.

ઉપસંહાર :

કોઈપણ પ્રકારનાં સંશોધનમાં સંશોધનના હેતુ, માહિતીનું એકત્રીકરણ તેમજ અર્થઘટન અને તારણ અંતરંગ તત્વ તરીકે નિહિત હોય છે. પ્રસ્તુત સંશોધનનો મુખ્ય ઉદ્દેશ બી.એડ્. ના પ્રશિક્ષણાર્થીમાં 2020 ની સભાનતા કસોટીની રચના કરવા તેમજ તેમની સભાનતા જાણવા માટેનો હતો. ઉપરોક્ત સંશોધનનું ક્ષેત્ર શિક્ષક શિક્ષણ ક્ષેત્ર છે。 વ્યાપવિશ્વ તરીકે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની બી.એડ્. કોલેજોનો સમાવેશ કરવામાં આવ્યો છે. બી.એડ્. ના કુમારો રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની સભાનતા બાબતમાં કન્યાઓ કરતાં ચડિયાતા છે. ગ્રામ્ય વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓ રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની સભાનતા બાબતમાં શહેરી પ્રશિક્ષણાર્થીઓ કરતાં ચડિયાતા છે અને શહેરી વિસ્તારના કુમાર પ્રશિક્ષણાર્થીઓ રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની સભાનતા બાબતમાં શહેરી કન્યા પ્રશિક્ષણાર્થીઓ કરતાં ચડિયાતા છે.

ચાવીરૂપ શબ્દો: સભાનતા, નવી શિક્ષણ નીતિ, પ્રશિક્ષણાર્થી

<u>સંશોધન સારાંશ</u> 3

સંશોધક : પ્રજાપતિ દિપીકાબેન સી.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : શ્રી પિયુષકુમાર કે. પંચોલી

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

બનાસકાંઠા જિલ્લાના શિક્ષિત-અશિક્ષિત વાલીઓના કન્યા-કેળવણી અભિયાન અંગેના અભિપ્રાયો

A Study On The Opinions On Educated-Uneducated Guardians On Girl's Education Mission Of Banaskantha District

સંશોધન ક્ષેત્ર: શિક્ષણ વ્યવસ્થાપન, સ્ત્રી શિક્ષણ

સંશોધનના હેતુઓ :

1. કન્યા કેળવણી અભિયાન સંકલ્પનાની સમજના સંદર્ભમાં બનાસકાંઠા જિલ્લાના શિક્ષિત અશિક્ષિત વાલીઓના અભિપ્રાયો જાણવા.
2. કન્યા કેળવણી અભિયાન સંકલ્પનાની સમજના સંદર્ભમાં અધ્યયન અધ્યાપન સામગ્રી અંગે બનાસકાંઠા જિલ્લાના શિક્ષિત અશિક્ષિત વાલીઓના અભિપ્રાયો જાણવા.

3. કન્યા કેળવણી અભિયાન સંકલ્પનાની સમજના સંદર્ભમાં વિદ્યાર્થીઓની ભાગીદારી, મૂલ્યાંકન, અભિયાન ફળશ્રુતિ, અહેવાલ લેખન અંગે બનાસકાંઠા જિલ્લાના શિક્ષિત અશિક્ષિત વાલીઓના અભિપ્રાયો જાણવા.
4. કન્યા કેળવણી અભિયાન સંકલ્પનાની સમજના સંદર્ભમાં જ્ઞાતિ અને વિસ્તારના સંદર્ભમાં બનાસકાંઠા જિલ્લાના શિક્ષિત અશિક્ષિત વાલીઓના અભિપ્રાયો જાણવા.

સંશોધનના પ્રશ્નો :

1. કન્યા કેળવણી અભિયાન સંકલ્પનાની સમજના સંદર્ભમાં બનાસકાંઠા જિલ્લાના શિક્ષિત અશિક્ષિત વાલીઓના અભિપ્રાયો કેવા હશે ?
2. કન્યા કેળવણી અભિયાન સંકલ્પનાની સમજના સંદર્ભમાં અધ્યયન અધ્યાપન સામગ્રી અંગે બનાસકાંઠા જિલ્લાના શિક્ષિત અશિક્ષિત વાલીઓના અભિપ્રાયો કેવા હશે ?
3. કન્યા કેળવણી અભિયાન સંકલ્પનાની સમજના સંદર્ભમાં વિદ્યાર્થીઓની ભાગીદારી, મૂલ્યાંકન, અભિયાન ફળશ્રુતિ, અહેવાલ લેખન અંગે બનાસકાંઠા જિલ્લાના શિક્ષિત અશિક્ષિત વાલીઓના અભિપ્રાયો કેવા હશે ?
4. કન્યા કેળવણી અભિયાન સંકલ્પનાની સમજના સંદર્ભમાં જ્ઞાતિ અને વિસ્તારના સંદર્ભમાં બનાસકાંઠા જિલ્લાના શિક્ષિત અશિક્ષિત વાલીઓના અભિપ્રાયો કેવા હશે ?

સંશોધનની ઉત્કલ્પનાઓ :

1. કન્યા કેળવણી અભિયાન સંકલ્પનાની સમજના સંદર્ભમાં બનાસકાંઠા જિલ્લાના શિક્ષિત અશિક્ષિત વાલીઓના અભિપ્રાયોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
2. કન્યા કેળવણી અભિયાન સંકલ્પનાની સમજના સંદર્ભમાં અધ્યયન અધ્યાપન સામગ્રી અંગે બનાસકાંઠા જિલ્લાના શિક્ષિત અશિક્ષિત વાલીઓના અભિપ્રાયોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
3. કન્યા કેળવણી અભિયાન સંકલ્પનાની સમજના સંદર્ભમાં વિદ્યાર્થીઓની ભાગીદારી, મૂલ્યાંકન, અભિયાન ફળશ્રુતિ, અહેવાલ લેખન અંગે બનાસકાંઠા જિલ્લાના શિક્ષિત અશિક્ષિત વાલીઓના અભિપ્રાયોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
4. કન્યા કેળવણી અભિયાન સંકલ્પનાની સમજના સંદર્ભમાં જ્ઞાતિ અને વિસ્તારના સંદર્ભમાં બનાસકાંઠા જિલ્લાના શિક્ષિત અશિક્ષિત વાલીઓના અભિપ્રાયોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પદ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિના પ્રકાર પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો :

વ્યાવવિશ્વ તરીકે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની પ્રાથમિક શાળાઓના “કન્યા કેળવણી અભિયાન” સાથે સંકળાયેલા શિક્ષિત-અશિક્ષિત વાલીઓ અને પાલનપુર તાલુકાની પ્રાથમિક શાળાઓના કુલ 200 શિક્ષિત-અશિક્ષિત વાલીઓની નિદર્શ તરીકે પસંદગી કરવામાં આવી હતી.

ઉપકરણ : સ્વરચિત અભિપ્રાયાવલિ

પૃથકકરણની રીત :

અભિપ્રાયાવલિમાં કુલ છ વિભાગો મુજબ કુલ 42 વિધાનો પંચબિંદુ પર જે આવૃતિઓ પ્રાપ્ત થઈ તેનું કાઈવર્ગ મુલ્ય શોધવામાં આવ્યુ હતું.

સંશોધનના તારણો :

1. બનાસકાંઠા જીલ્લાના પાલનપુર તાલુકાના શિક્ષિત અશિક્ષિત વાલીઓ કન્યા કેળવણી અભિયાનની સંકલ્પનાની સ્પષ્ટ સમજ ધરાવે છે. તેમ છતાં અભિયાન વિષયક ઉંડાણલક્ષી તાલીમની જરૂરિયાત જાણે છે. જાતિ તેમજ વિસ્તારની દ્રષ્ટિએ વાલીઓના અભિપ્રાયોમાં તફાવત જોવા મળતો નથી.

2. બનાસકાંઠા જીલ્લાના પાલનપુર તાલુકાના શિક્ષિત અશિક્ષિત વાલીઓ કન્યા કેળવણી અભિયાનની અધ્યયન અધ્યાપન સામગ્રી સંકલ્પનાની સ્પસ્ટ સમજ ધરાવે છે. તેમ છતાં અધ્યયન અધ્યાપન સામગ્રીની ઉણપ જોવા મળે છે. જાતિ તેમજ વિસ્તારની દ્રષ્ટિએ વાલીઓના અભિપ્રાયોમાં તફાવત જોવા મળતો નથી.
3. બનાસકાંઠા જીલ્લાના પાલનપુર તાલુકાના શિક્ષિત અશિક્ષિત વાલીઓ કન્યા કેળવણી અભિયાનમાં વિદ્યાર્થીઓની ભાગીદારી અંગે સ્પષ્ટ સમજ ધરાવે છે. કન્યાઓ સક્રિયાતથી ભાગીદારી નોંધાવે છે. જાતિ તેમજ વિસ્તારની દ્રષ્ટિએ વાલીઓના અભિપ્રાયોમાં તફાવત જોવા મળતો નથી.

સંશોધનના ફલિતાર્થ :

આ પ્રકારના અભિયાનને ફળદાયી બનાવવા માટે વાલીઓને ઉંડાણલક્ષી અને કૌશલ્યપૂર્ણ ખાસ તાલીમ આપવી જોઈએ. તજજ્ઞોને પણ આ અભિયાન સાથે સાંકળીને તેઓના કૌશલ્યોનો અને જ્ઞાનનો મહત્તમ ઉપયોગ થાય તેવું આયોજન જિલ્લા કે તાલુકા કક્ષાએ થવું જોઈએ. બનાસકાંઠા જીલ્લાના પાલનપુર તાલુકાના શિક્ષિત અશિક્ષિત વાલીઓ કન્યા કેળવણી અભિયાનમાં સંકલ્પનાની, અધ્યયન અધ્યાપન સામગ્રી સંકલ્પનાની અને વિદ્યાર્થીઓની ભાગીદારી અંગે સ્પષ્ટ સમજ ધરાવે છે.

ઉપસંહાર :

બનાસકાંઠા જીલ્લાના પાલનપુર તાલુકાના શિક્ષિત અશિક્ષિત વાલીઓ કન્યા કેળવણી અભિયાનની સંકલ્પનાની સ્પષ્ટ સમજ ધરાવે છે. તેમ છતાં અભિયાન વિષયક ઉંડાણલક્ષી તાલીમની જરૂરિયાત જાણે છે. જાતિ તેમજ વિસ્તારની દ્રષ્ટિએ વાલીઓના અભિપ્રાયોમાં તફાવત જોવા મળતો નથી. બનાસકાંઠા જીલ્લાના પાલનપુર તાલુકાના શિક્ષિત અશિક્ષિત વાલીઓ કન્યા કેળવણી અભિયાનમાં વિદ્યાર્થીઓની ભાગીદારી અંગે સ્પસ્ટ સમજ ધરાવે છે. કન્યાઓ સક્રિયાતથી ભાગીદારી નોંધાવે છે. જાતિ તેમજ વિસ્તારની દ્રષ્ટિએ વાલીઓના અભિપ્રાયોમાં તફાવત જોવા મળતો નથી. આ પ્રકારના અભિયાનને ફળદાયી બનાવવા માટે વાલીઓને ઉંડાણલક્ષી અને કૌશલ્યપૂર્ણ ખાસ તાલીમ આપવી જોઈએ. તજજ્ઞોને પણ આ અભિયાન સાથે સાંકળીને તેઓના કૌશલ્યોનો અને જ્ઞાનનો મહત્તમ ઉપયોગ થાય તેવું આયોજન જિલ્લા કે તાલુકા કક્ષાએ થવું જોઈએ

ચાવીરૂપ શબ્દો : શિક્ષિત અશિક્ષિત વાલી, કન્યા કેળવણી અભિયાન

<u>સંશોધન સારાંશ </u>4

સંશોધક : પારધી મોનાલીસા એસ.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : ડૉ. પિનાક્ષીબેન. બી. પટેલ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

આશ્રમશાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાનો અભ્યાસ

A study of student's Educational Problems of Ashramshalas

સંશોધન ક્ષેત્ર : શૈક્ષણિક વ્યવસ્થાપન અને માર્ગદર્શન

સંશોધનના હેતુઓ :

1. આશ્રમશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની શિક્ષણ સંબંધિત શૈક્ષણિક સમસ્યાઓ જાણવી.
2. આશ્રમશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વર્ગવ્યવહાર સંબંધિત શૈક્ષણિક સમસ્યાઓ જાણવી.
3. આશ્રમશાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓ જાણવી.

સંશોધનના પ્રશ્નો :

1. આશ્રમશાળાના વિદ્યાર્થીઓ કઈ કઈ શૈક્ષણિક સમસ્યાઓ અનુભવતા હશે ?
2. આશ્રમશાળાના વિદ્યાર્થીઓ સહઅભ્યાસિક પ્રવૃત્તિ સંબંધિત કઈ કઈ શૈક્ષણિક સમસ્યાઓ અનુભવતા હશે ?
3. આશ્રમશાળાના વિદ્યાર્થીઓ શૈક્ષણિક સાધનસામગ્રીને લગતી કઈ કઈ શૈક્ષણિક સમસ્યાઓ અનુભવતા હશે ?

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન
સંશોધન પધ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ  પૈકી સર્વેક્ષણ પદ્ધતિ
વ્યાપવિશ્વ અને નમુનો : બનાસકાંઠા જીલ્લાની ૨૧ આશ્રમશાળાઓ પૈકી નમુના તરીકે પાંચ આશ્રમશાળાના ૩૦૦ વિદ્યાર્થીઓ
ઉપકરણ : સ્વ-રચિત એકમ કસોટી
પૃથક્કરણની રીત : અંકશાસ્ત્રીય પ્રયુક્તિ તરીકે કાઈ - વર્ગનો ઉપયોગ કરી સાર્થકતા કક્ષા નક્કી કરી .
સશોધનના તારણો :

પ્રસ્તુત સંશોધનમાં આશ્રમ શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓના અભ્યાસમાં જાણવા મળ્યું કે શિક્ષક ખુબ જ કડક હોવાથી તેમને બીક લાગે છે.  સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં ભાગ લેવાના કારણે પાઠ્યક્રમ અધુરો રહી જવાનો ભય રહે છે.  વિદ્યાર્થીઓ વર્ગમાં અસભ્ય વર્તન કરે છે ત્યારે તેમને શિક્ષા કરવામાં આવે છે.

સંશોધનના ફલિતાર્થ :

પ્રસ્તુત અભ્યાસમાં આશ્રમ શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓ જાણવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ દ્વારા મળેલા પ્રતિચારોથી પ્રવર્તમાન સ્થિતિની તપાસ કરી છે .અભ્યાસના અંતે રજુ થતા શૈક્ષણિક ફલિતાર્થ આ સંશોધનની નીપજ ગણી શકાય. આ અભ્યાસ શિક્ષકો તથા વાલીઓને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓ જાણવા માટે ઉપયોગી બનશે. વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપવા માટે આ અભ્યાસ ઉપયોગી બનશે. પ્રસ્તુત અભ્યાસમાં વિદ્યાર્થીઓની સમસ્યાઓની તત્કાલીન અને દુરગામી અસર વિશે અનુમાન કરી શકાશે.

ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધન આશ્રમ શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓનો અભ્યાસ જાણવા માટે હાથ ધરવામાં આવ્યું હતું. વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક પ્રકારનું સંશોધન હતું. આ સર્વેક્ષણ પદ્ધતિમાં વ્યાપવિશ્વ તરીકે બનાસકાંઠાના જીલ્લાની ૨૧ આશ્રમ શાળાની પસંદગી કરવામાં આવી, નમુના તરીકે ૫ આશ્રમ શાળાના ૩૦૦ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી. આ સંશોધનમાં ઉપકરણ તરીકે સ્વ-રચિત એકમ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અંકશાસ્ત્રીય પ્રયુક્તિ તરીકે કાઈ-વર્ગનો ઉપયોગ કરી સાર્થકતાની  કક્ષા નક્કી કરવામાં આવી.

ચાવીરૂપ શબ્દો : આશ્રમશાળા, વિદ્યાર્થીઓ, શૈક્ષણિક સમસ્યાઓ

<u>સંશોધન સારાંશ</u> 5

સંશોધક : લીમ્બાચીયા પૂનમબેન કે.
કોલેજ : શ્રીમતી  આર. કે. ડી.  ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર
માર્ગદર્શક : શ્રીમતી  તનુશ્રી  એસ.  ભાર્ગવ
વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.
સંશોધન શીર્ષક :
TET અને TAT પરીક્ષાના અભ્યાસક્રમ અંગે  બી.એડ્. ના પ્રશિક્ષણાર્થીઓના  અભિપ્રાયોનો  અભ્યાસ
A Study Of The Opinions Of B.Ed. Trainees Regarding TET And TAT Exam Syllabus

સંશોધનનું ક્ષેત્ર : શૈક્ષણિક વ્યવસ્થાપન અને માર્ગદર્શન, મૂલ્યાંકન ક્ષેત્ર
સંશોધનના હેતુઓ :

1. TET અને TAT પરીક્ષાના અભ્યાસક્રમ અંગે બી.એડ્. ના પ્રશિક્ષણાર્થીઓના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.
2. TET અને TAT પરીક્ષાના અભ્યાસક્રમ અંગે બી.એડ્. ના પ્રશિક્ષણાર્થીઓના  અભિપ્રાયો જાણવા અભિપ્રાયાવલીની રચના કરવી.
3. TET અને TAT પરીક્ષાના અભ્યાસક્રમ અંગે બી.એડ્.  ના પ્રશિક્ષણાર્થીઓના અભિપ્રાયો જાણવા.

સંશોધનના પ્રશ્નો:

1. TET અને TAT પરીક્ષાના અભ્યાસક્રમ અંગે બી.એડ્. ના પ્રશિક્ષણાર્થીઓનો અભિપ્રાયો કેવા હશે?
2. TET અને TAT પરીક્ષાના અભ્યાસક્રમ અંગે કુમારોના અભિપ્રાય કેવા હશે ?

3. TET અને TAT પરીક્ષાના અભ્યાસક્રમ અંગે કન્યાઓના અભિપ્રાય કેવા હશે?

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પદ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો :

બનાસકાંઠા જિલ્લાની નવ બી.એડ્. કોલેજના વર્ષ 2022- 23 દરમિયાન અભ્યાસ કરતા પ્રશિક્ષણાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ હતો અને ત્રણ બી.એડ્. કોલેજોના કુલ 200 પ્રશિક્ષણાર્થીઓને નમૂનામાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

ઉપકરણ : સ્વ રચિત અભિપ્રાયાવલી

પૃથક્કરણની રીત : અંકશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ કાઈ- વર્ગ દ્વારા કરવામાં આવ્યો હતો.

સંશોધનના તારણો :

પહેલાની શિક્ષક નિમણૂક પદ્ધતિ કરતા TET અને TAT અભ્યાસક્રમ દ્વારા ઉત્તિર્ણ થયેલ શિક્ષકોની નિમણૂક પદ્ધતિ વધુ યોગ્ય છે. TET અને TAT અભ્યાસક્રમ દ્વારા લેવાતી પરીક્ષા ના કારણે શિક્ષકોની વ્યવસાયિક તકોમાં વધારો થયો છે. TET અને TAT અભ્યાસક્રમમાં અંગ્રેજી ભાષાના જ્ઞાનને મહત્વ આપવામાં આવ્યું છે. TET અને TAT અભ્યાસક્રમમાં બાળ મનોવિજ્ઞાનને મહત્વ આપવામાં આવેલ છે.

સંશોધનના ફલિતાર્થ :

1.TET અને TAT પરીક્ષા દ્વારા નિમણૂક પામેલા શિક્ષકો દ્વારા શિક્ષકોની ગુણવત્તા સુધરશે.

2.TET અને TAT કસોટી દ્વારા નિમણૂક પામેલા શિક્ષક ગુણવત્તા સભર શિક્ષણ કાર્ય કરવામાં સફળ થશે.

2.TET અને TATપરીક્ષા દ્વારા પરીક્ષાલક્ષી ભ્રષ્ટાચાર થવાની સંભાવના દૂર થશે .

4. શિક્ષકની નિમણૂક માટે TET અને TAT પરીક્ષા જરૂરી છે.

ઉપસંહાર :

TET અને TAT પરીક્ષાના અભ્યાસક્રમ અંગે બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓના અભિપ્રાયોનો અભ્યાસ હાથ ધરેલ છે. આ સંશોધનમાં બનાસકાંઠા જિલ્લાની નવ બી.એડ્. કોલેજના વર્ષ 2022 -23 દરમિયાન અભ્યાસ કરતા પ્રશિક્ષણ નો સમાવેશ કરવામાં આવેલ હતો. પાલનપુર તાલુકાની ત્રણ બી.એડ્. કોલેજના કુલ 200 પ્રશિક્ષણાર્થીઓને નમુના તરીકે સમાવિષ્ટ કરવામાં આવેલ હતો. આ સંશોધન ધ્યેય આધારે વ્યવહારિક સંશોધન અને અમલીકરણના આધારે સંખ્યાત્મક પ્રકારનું સંશોધન હતું. તેનું ક્ષેત્ર શૈક્ષણિક વ્યવસ્થાપન અને માર્ગદર્શન અને મૂલ્યાંકનના ક્ષેત્રને વધુ સ્પર્શતું હતું. આ સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી કરવામાં આવેલ હતું. ઉપકરણ તરીકે સ્વ રચિત અભિપ્રાયાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. માહિતી પૃથક્કરણ માટે કાઈ- વર્ગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પહેલાની શિક્ષક નિમણુક પદ્ધતિ કરતા TET અને TAT અભ્યાસક્રમ દ્વારા ઉત્તીર્ણ થયેલ શિક્ષકોની નિમણૂક પદ્ધતિ વધુ યોગ્ય છે.

ચાવીરૂપ શબ્દો : અભ્યાસક્રમ , અભિપ્રાય

<u>સંશોધન સારાંશ</u> 6

સંશોધક : વ્યાસ રિધ્ધિબેન પી.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : ડૉ. પિનાક્ષીબેન પટેલ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાઓનાં શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપનનો અભ્યાસ

A Study of Total Quality Management in Education of Secondary School in Palanpur Taluka

સંશોધનનુ ક્ષેત્ર : માધ્યમિક શિક્ષણ, શૈક્ષણિક આયોજન અને શિક્ષણનું સંગઠન, વહીવટ અને સંચાલન

સંશોધનના હેતુઓ :

1. માધ્યમિક શાળાઓનાં શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપનનો અભ્યાસ કરવો.
2. માધ્યમિક શાળાઓની શૈક્ષણિક સુવિધાનો અભ્યાસ કરવો.
3. માધ્યમિક શાળાઓનાં માનવ સંબંધનો અભ્યાસ કરવો.

સંશોધનના પ્રશ્નો :

1. માધ્યમિક શાળાઓનાં શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપન કેવું હશે ?
2. શાળાઓનાં શિક્ષણમાં શૈક્ષણિક સુવિધા કેવી હશે ?
3. માધ્યમિક શાળાઓનાં શિક્ષણમાં માનવ સંબંધો કેવા – કેવા હશે ?

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ : જાતિયતા ; અંકુશિત ચલ: ધોરણ 9 નાં વિદ્યાર્થીઓ ; પરતંત્ર ચલ : સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપન પર અભિપ્રાય

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક

સંશોધનની પદ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ સંશોધન

વ્યાપવિશ્વ આને નમૂનો : પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાઓમાંથી પાલનપુર તાલુકાનાં કાર્યક્ષેત્રમાં આવતી 5 માધ્યમિક શાળાઓનાં ધોરણ 9 નાં વિદ્યાર્થીઓમાંથી 200 વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યાં હતાં.

ઉપકરણ : સ્વ નિર્મિત અભિપ્રાયાવલિ

પૃથક્કરણની રીત : કાઈ- વર્ગ અંકશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સંશોધનના તારણો :

સંસ્થાઓમાં શિક્ષણને સહાયક મોટાભાગની સામગ્રી ઉપલબ્ધ નથી. પરીક્ષાઓમાં વસ્તુલક્ષી, લઘુ જવાબી, ઈત્યાદી વિવિધ પ્રકારની કસોટીઓનો ઉપયોગ થાય છે. પ્રયોગશાળા પૂરતાં પ્રમાણમાં સુસજ્જ નથી. મોટા ભાગનાં શિક્ષકો વર્ગખંડમાં માત્ર વ્યાખ્યાન આપે એવું નથી. અન્ય કોઈ પદ્ધતિનો ઉપયોગ પણ કરે છે. વિદ્યાર્થીઓને શિક્ષકો સાથે તેમની પરીક્ષાનાં પરિણામોની ચર્ચા કરવા માટે તક મળતી નથી. વિદ્યાર્થીઓ તેમનાં પાઠ બરાબર સમજે છે કે નહીં તેની શિક્ષકો પુરેપૂરી કાળજી લે છે. નકશા અને ચાર્ટ સામાન્યતઃ જંતુઓ વડે ખવાઈ ગયેલા અને તુટેલાં નથી. વ્યવસ્થાપન અને સુવિધાઓ અંગે ઘણી ફરિયાદ છે. મોટાભાગનાં શિક્ષકો યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવે છે. શાળાનાં વિકાસ માટે વાલીઓ પાસેથી સલાહ સૂચનો માંગવામાં આવે છે. શાળામાં વાલીઓમાં સારી પ્રતિષ્ઠા ધરાવે છે. આચાર્ય અને વિદ્યાર્થી વચ્ચે નિખાલસ પૂર્ણ સંબંધો છે. શાળાનાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો છે. શાળા શિક્ષણની ગુણવત્તાની બાબતમાં ખુબ સજાગ છે. શાળાનાં તમામ કર્મચારી એકમેકને સહયોગી અને મદદરૂપ થાય છે.

સંશોધનના ફલિતાર્થ :

શાળાની શૈક્ષણીક કામગીરી ગુણવત્તાનું એક અતિ આવશ્યક પાસું છે. શાળા શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપન બાબતે વાલીની સજાગતાનો ફાળો એટલો જ મહત્વનો છે. આ ઉપરાંત ગુણવત્તા સભર શિક્ષણ આપવા માટે શૈક્ષણિક સુવિધા પૂરતાં પ્રમાણમાં હોવી જોઈએ તથા તેનો યોગ્ય ઉપયોગ થવો જોઈએ. શાળા પાસે ભૌતિક સુવિધા પણ યોગ્ય પ્લાનિંગ સાથે હોવી જોઈએ. માત્ર શાળાનાં જ માનવ સંબંધો નહીં પણ શાળાનાં તમામ કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ પ્રત્યે સમાજનાં માનવ સંબંધો ઉત્તમ હોવા જોઈએ.

ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધનનો હેતુ પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાઓનાં શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપનનો અભ્યાસ કરવાનો હતો. આ સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું. સંશોધનમાં નમૂના તરીકે પાલનપુર તાલુકાનાં કાર્યક્ષેત્રમાં આવતી 5 માધ્યમિક શાળાઓનાં ધોરણ 9 નાં વિદ્યાર્થીઓમાંથી 200 વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યાં હતાં. પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ સ્વ નિર્મિત અભિપ્રાયાવલિ હતી. અને માહિતી એકત્રીકરણ કર્યા બાદ કાઈ-વર્ગ દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. તેનાં પરથી જાણવા મળ્યું હતું કે, ગુણવત્તા સભર શિક્ષણ આપવા માટે શૈક્ષણિક સુવિધા પૂરતાં પ્રમાણમાં હોવી જોઈએ તથા તેનો યોગ્ય ઉપયોગ થવો જોઈએ.

ચાવીરૂપ શબ્દો : માધ્યમિક શાળા, ગુણવત્તા, વ્યવસ્થાપન, અભ્યાસ

---

## પ્રકરણ - 2

## શિક્ષણનું તત્વજ્ઞાન, શિક્ષણદર્શન (7 થી 12 )

**સંશોધન સારાંશ 7**

**સંશોધક : રાણા અંકિતાબેન જે.**

**કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર**

**માર્ગદર્શક : શ્રી જયંતીભાઈ વી. પટેલ**

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** : 2021-23 / HNGU, Patan / M.Ed.

**સંશોધન શીર્ષક :**

**ઓશો રજનીશના વિચારોમાંથી પ્રગટ થતું શિક્ષણદર્શન**

Educational Philosophy Emanating From The Thoughts of Osho Rajneesh

**સંશોધનનું ક્ષેત્ર : શિક્ષણનું તત્વજ્ઞાન**

**સંશોધનના હેતુઓ :**

1. શ્રી ઓશોના શિક્ષણ સ્વરૂપ અને ધ્યેયો અંગેના વિચારોનો અભ્યાસ કરવો.
2. શ્રી ઓશોના શિક્ષક વિષયક વિચારોનો અભ્યાસ કરવો.
3. શ્રી ઓશોના ગુરુ શિષ્યના સંબંધ વિશેના વિચારોનો અભ્યાસ કરવો.
4. શ્રી ઓશોના વિશ્વ વિદ્યાલય વિશેના વિચારોનો અભ્યાસ કરવો.
5. શ્રી ઓશોના ધર્મ અને શિક્ષણ વિશેના વિચારોનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો :**

1. શ્રી ઓશોના મતે શિક્ષણના સ્વરૂપ અને ધ્યેયો અંગેના વિચારો કેવા હશે ?
2. શ્રી ઓશોના મતે શિક્ષક કેવો હોવો જોઈએ
3. શ્રી ઓશોની વિચારસરણીએ ગુરુ શિષ્ય સંબંધ કેવો હોવો જોઈએ ?
4. શ્રી ઓશોની દ્રષ્ટિએ વિશ્વ વિદ્યાલય કેવાં હોવાં જોઈએ ?
5. શ્રી ઓશોના મતે ધાર્મિક શિક્ષણ એટલે શું ?

**સંશોધનનો પ્રકાર :** વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ :** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિના પ્રકાર પૈકી વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો :**

શ્રી ઓશો રજનીશનું તમામ શૈક્ષણિક સાહિત્ય વ્યાપવિશ્વ તરીકે પસંદ કરવામાં આવ્યું છે. સહેતુક નિદર્શ પદ્ધતિ ની પસંદગી કરવામાં આવી છે. જેમા ઓશો રજનીશના ત્રણ પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ત્રણ પુસ્તક (1) ઓશોનું કેળવણી દર્શન (2) શિક્ષામેં ક્રાંતિ (3) સમ્યક્ શિક્ષા

ઉપકરણ : શિક્ષણ દર્શન અંગેના વિચારોનો અભ્યાસ કરવાનો હોઈ અભ્યાસકે ઉપકરણ તરીકે વિષયને અનુરૂપ નોંધપત્રકોની રચના કરી છે.

પૃથકકરણની રીત: શ્રી ઓશો રજનીશનુ સાહિત્ય વાંચન-નોંધ કરી તેનું જુદા જુદા વિભાગોમાં હેતુઓ અનુસાર વર્ગીકરણ કરી તેનું પૃથકકરણ કરવામાં આવ્યું છે.

**સંશોધનના તારણો :**

અશિક્ષિત વ્યક્તિ પણ જો શિક્ષણના ધ્યેયને સમજી લે તો તે વ્યક્તિ અશિક્ષિત હોવા છતાં જીવન જીવવાના ધ્યેયને મેળવવાની શિક્ષા મનુષ્ય જાતિને આપી શકે છે. શિક્ષકનું કામ માત્ર શિક્ષણ આપી દેવામાં જ નહીં પરંતુ બાળકને શિક્ષક જે શીખવી રહ્યા છે તે સમજાય છે કે નહીં તે વાતની પણ ચિંતા હોવી જોઈએ. ગુરૂ અને શિષ્ય બન્ને પર એકબીજાના તરફ

પ્રેમપૂર્વકનો સંબંધ હોય છે. વિશ્વવિદ્યાલયમાં ભણાવવામાં આવતું સાહિત્ય હોય કે કવિતા તે એ રીતે શીખવવામાં આવે છે જે માત્ર પરીક્ષામાં પાસ થવા પૂરતું જ ઉપયોગી હોય. ધર્મના કેન્દ્રમાં શિક્ષણ હોવું જોઈએ .જેથી વિદ્યાર્થીઓમાં પ્રથમથી જ ધર્મ અને પછી શિક્ષણનો માર્ગ સરળતાથી મળે છે.

સંશોધનના ફલિતાર્થ :

શિક્ષકો અને અધ્યાપકોએ શ્રી ઓશો રજનીશના શૈક્ષણિક વિચારોને ધ્યાનમાં લઈ અધ્યાપન કાર્ય કરાવવું જોઈએ. વાલીઓએ પોતાના બાળકમાં ભારતીય સંસ્કૃતિ સચવાઈ રહે તે માટે શ્રી ઓશો રજનીશના શૈક્ષણિક વિચારોના માધ્યમ દ્વારા બાળકોને સંસ્કાર આપવા જોઈએ. વિદ્યાર્થીઓએ શ્રી ઓશો રજનીશના શૈક્ષણિક વિચારોને ધ્યાનમાં લઈ અધ્યયન કરવું જોઈએ. ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા તેમજ યુનિવર્સિટીઓ દ્વારા અભ્યાસક્રમમાં શ્રી ઓશો રજનીશના શૈક્ષણિક વિચારોનો સમાવેશ કરવો જોઈએ.

ઉપસંહાર :

પ્રસ્તુત અભ્યાસને જોતાં ખ્યાલ આવે છે કે શ્રી ઓશોના શિક્ષણના વિચારો ક્યાંક ક્યાંક પૂર્વે થયેલા શિક્ષણ ચિંતનને સમાંતર ચાલે છે તો ક્યાંક ઓશો તદ્દ્ન ભિન્ન અને ક્રાંતિકારી વિચારો દર્શાવે છે. જો કે આ વિચારોને પૂર્ણ તાર્કિક આધાર સાથે જ રજૂ કરવામાં આવ્યા છે. ભારતીય શિક્ષણમાં જો, ઓશોના આ વિચારો અનુસાર જરૂર લાગે ત્યાં સ્વીકાર થાય તો શિક્ષણને એક નવી દિશા અને ગતિ અવશ્ય મળી શકે. ભારતીય શિક્ષણ સાથે સંકળાયેલ વ્યક્તિઓ જો આ અંગે સક્રિય બને તો ઓશોના શૈક્ષણિક વિચારોને કાર્યાન્વિત થવા પૂર્ણ અવકાશ પ્રાપ્ત થઈ શકે.

ચાવીરૂપ શબ્દો : ઓશો, દષ્ટિકોણ

<u>સંશોધન સારાંશ </u>8

સંશોધક : પરમાર અશ્વિન એ .

કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : શ્રી જયંતીભાઈ વી. પટેલ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

ડૉ. બાબાસાહેબ આંબેડકરનું શિક્ષણદર્શન એક અભ્યાસ

A Study on the Educational Philosophy of Dr. Babasaheb Ambedkar

સંશોધનનુંક્ષેત્ર : શિક્ષણનું તત્વજ્ઞાન

સંશોધનના હેતુઓ :

1. ડૉ. બાબાસાહેબ આંબેડકરના શિક્ષણ દર્શનનો અભ્યાસ કરવો.
2. ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવન કવનનો અભ્યાસ કરવો.
3. ડૉ. બાબાસાહેબ આંબેડકરના પછાત વર્ગના શિક્ષણ અંગેના વિચારોનો અભ્યાસ કરવો.
4. ડૉ. બાબાસાહેબ આંબેડકરના શિક્ષણ દર્શન વિચારો પૈકી સ્ત્રી શિક્ષણ, વૈદિક શિક્ષણ ઘટકોનો અભ્યાસ કરવો.

સંશોધનના પ્રશ્નો :

1. ડૉ. બાબાસાહેબ આંબેડકરના શિક્ષણ દર્શન વિચારો કેવા હશે ?
2. ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવન કવનના એમના અનુભવો કેવા હશે ?
3. ડૉ. બાબાસાહેબ આંબેડકરના શિક્ષણ દર્શનમાં સ્ત્રી શિક્ષણ અને વૈદિક શિક્ષણમાં તેમના વિચારો કેવા હશે ?
4. ડૉ. બાબાસાહેબ આંબેડકરના પછાત વર્ગો માટેનું શિક્ષણ કેવું હશે ?

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક

સંશોધનની પદ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિના પ્રકાર પૈકી વિષય વસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : ડો. બાબાસાહેબ આંબેડકરનું તમામ શૈક્ષણિક સાહિત્ય વ્યાપવિશ્વ તરીકે પસંદ કરવામાં આવ્યું હતું. ડૉ. બાબાસાહેબ આંબેડકરના શિક્ષણ વિષયક ત્રણ પુસ્તકો અને અન્ય સાહિત્યનો સમાવેશ કરેલ છે. 1. ડૉ. બાબાસાહેબ આંબેડકરનું શિક્ષણ ચિંતન 2. વિદ્યાપુરુષ આંબેડકર 3. આર્ષદ્રષ્ટા ડૉ.બાબાસાહેબ આંબેડકર

ઉપકરણ : વિચારએકમ , હાર્દરૂપ વિધાન , ચાવીરૂપ શબ્દો અને ફલિતાર્થ આધારિત મૂલ્યાંકન પત્રક

પૃથક્કરણની રીત : ડૉ. બાબાસાહેબ આંબેડકરનું સાહિત્ય વાંચન કરી જેની નોંધ કરી તેનું જુદા જુદા વિભાગોમાં હેતુઓ અનુસાર વિભાગીકરણ કરી તેનું પૃથક્કરણની માહિતીના આધારે સંશોધનમાં તાત્વિક અર્થઘટનો તારવવાનો પ્રયાસ કરેલ છે.

સંશોધનના તારણો :

શિક્ષણ સ્વરૂપ અને ધ્યેય અંગેના તારણો :

1. શિક્ષણ એ એક પવિત્ર સંસ્થા છે. નિશાળમાં બાળકનું મન સુસંસ્કૃત થાય છે. શાળા એ સારા ભાવિ નાગરિકો તૈયાર કરવાનું પવિત્ર ક્ષેત્ર છે. 2. જો શીલનો નાશ થાય તો તેની સાથે શિક્ષણ, સમાજ અને રાષ્ટ્રનો નાશ થશે.

વૈદિક શિક્ષણ અંગેના તારણો :

1. મનુષ્યને જેટલી જરૂરિયાત અન્નની છે તેટલી જ વિદ્યાની એવો વિચાર જો કોઈએ પૃથ્વી પર વ્યક્ત કર્યો હોય તો તે એકમાત્ર ભગવાન બુદ્ધ જ છે. 2. દરેક વિદ્યાર્થીને માતૃભાષા દ્વારા શિક્ષણ મળે તે માટે ભગવાન બુદ્ધ આગ્રહી હતા.

કન્યા કેળવણી અંગેના તારણો :

1. શિક્ષણ જ એકમાત્ર મુક્તિનો માર્ગ છે. દલિતોએ કન્યા કેળવણી ઉપર વધારે ભાર મૂકવો જોઈએ. 2. સ્ત્રી એ સમાજનું અલંકાર છે. 3. ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્ત્રીઓ પ્રત્યે આદર, સન્માન અને સત્કારની ભાવના રાખતા હતા.

દલિત સમાજ શિક્ષણ અંગેના તારણો :

1. શિક્ષણ એ બધાને મળી રહે તે માટે ઘણા બધા પ્રયત્નો કર્યા છે. 2. અસ્પૃશ્ય વર્ગોના ઉદ્ધાર માટે બાબાસાહેબે ઘણા પ્રયત્નો કર્યા છે.

સંશોધન ફલિતાર્થ :

1. શિક્ષકો - અધ્યાપકો : શિક્ષકો અને અધ્યાપકોએ ડો. બાબાસાહેબ આંબેડકરના શૈક્ષણિક વિચારોને ધ્યાનમાં લઈને અધ્યાપન કાર્ય કરવું જોઈએ.

2. વાલીઓ : વાલીઓએ પોતાના બાળકમાં ભારતીય સંસ્કૃતિ સચવાઈ રહે તે માટે ડૉ. બાબાસાહેબ આંબેડકરના શૈક્ષણિક વિચારોના માધ્યમ દ્વારા બાળકોને સંસ્કાર આપવા જોઈએ.

3. વિદ્યાર્થીઓ : વિદ્યાર્થીઓએ ડૉ. બાબાસાહેબ આંબેડકરના શૈક્ષણિક વિચારોને ધ્યાનમાં લઇ અધ્યયન કરવું જોઈએ.

4. પાઠ્યપુસ્તકમંડળ : ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા તેમજ યુનિવર્સિટીઓ દ્વારા અભ્યાસક્રમમાં ડૉ. બાબા સાહેબ આંબેડકરના શૈક્ષણિક વિચારોનો અભ્યાસ કરવો જોઈએ.

5. સંસ્કાર : ડો. બાબાસાહેબ આંબેડકરના શૈક્ષણિક વિચારોને શિક્ષણમાં લાવવા જોઈએ.

ઉપસંહાર :

પ્રસ્તુત અભ્યાસને જોતા ખ્યાલ આવે છે કે, ડૉ. બાબાસાહેબ આંબેડકરના શૈક્ષણિક વિચારો ક્યાંક ક્યાંક પૂર્વ થયેલા શિક્ષણ ચિંતનને સમાંતર ચાલે છે. તો ક્યાંક બાબાસાહેબ તદ્દન ભિન્ન અને કાર્યકર વિચારો દર્શાવે છે. ડૉ. બાબાસાહેબે દલિત સમાજના વ્યક્તિઓ ઉપર શિક્ષણનો વધારે ભાર મૂક્યો છે ડૉ. બાબાસાહેબ દલિતના મસીહા તરીકે તેમને ઓળખવામાં આવે છે. ભારતીય શિક્ષણ સાથે સંકળાયેલા વ્યક્તિઓ જો આ અંગે શક્ય બને તો ડૉ. બાબાસાહેબ આંબેડકરને શૈક્ષણિક વિચારોને પૂર્ણ અવકાશ પ્રાપ્ત થઈ છે. ડો. બાબાસાહેબ આંબેડકરના શિક્ષણ દર્શનના વિચારો ખૂબ જ રીતે માહિતી પ્રદાન કરે છે.

ચાવીરૂપશબ્દો : શિક્ષણદર્શન, અભ્યાસ

<u>સંશોધન સારાંશ</u> 9

સંશોધક : પરમાર ભરતકુમાર એ.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : શ્રી પિયુષકુમાર કે. પંચોલી

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

**સંશોધનનું શીર્ષક :**

**હિચકી ફિલ્મનો શૈક્ષણિક દ્રષ્ટિકોણ**

Education Evolution Of The Movie Hichki

**સંશોધનનું ક્ષેત્ર :** શિક્ષણનું તત્વજ્ઞાન, માનસિક આરોગ્ય, શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ :**

1. હિચકી ફિલ્મના શૈક્ષણિક દ્રષ્ટિકોણ તારવવા.
2. હિચકી ફિલ્મમાંથી શિક્ષણના માધ્યમ તરીકે ભૂમિકા તપાસવી.
3. હિચકી ફિલ્મમાંથી નિરૂપિત મુખ્ય પ્રસંગો પરથી શૈક્ષણિક મૂલ્યો તારવવા.
4. હિચકી ફિલ્મમાંથી વ્યક્તિગત મૂલ્યો અને નૈતિક મૂલ્ય તપાસવા.
5. શિક્ષક વિદ્યાર્થીઓને કઈ રીતે વિષયવસ્તુ શીખવે છે તેનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો :**

1. હિચકી ફિલ્મનો શૈક્ષણિક ફલિતાર્થ શું હશે ?
2. હિચકી ફિલ્મની શિક્ષણના માધ્યમ તરીકે શું ભૂમિકા હશે ?
3. હિચકી ફિલ્મમાં નિરૂપિત મુખ્ય પ્રસંગોમાં કઈ કઈ બાબતો હશે ?
4. હિચકી ફિલ્મના વ્યક્તિગત મૂલ્યો અને નૈતિક મૂલ્યોમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થયેલ હશે ?

**સંશોધનનો પ્રકાર :** વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક

**સંશોધનની પદ્ધતિ :** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિના પ્રકાર પૈકી વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો :** શૈક્ષણિક, સામાજિક પાસાંઓને સ્પર્શતી વિવિધ ફિલ્મો પૈકી 2018માં રિલીઝ થયેલી સિદ્ધાર્થ પી. મલ્હોત્રા દિગ્દર્શિત હિચકી ફિલ્મને વ્યાપવિશ્વ અને નમુના તરીકે પસંદ કરેલ છે.

**ઉપકરણ** : કૃતિ (દસ્તાવેજી) મૂલ્યાંકન પત્રક

**પૃથક્કરણની રીત :** માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરવા માટે સૌપ્રથમ હિચકી ફિલ્મના વિષયવસ્તુનુ વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. હેતુઓને આધારે હિચકી ફિલ્મના શૈક્ષણિક પાસાંઓને લગતા સંવાદો અને ફોટા પસંદ કરી સચિત્ર અને સંવાદનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો :**

આ ફિલ્મનો ઉદ્દેશ વ્યક્તિમાં રહેલા આત્મવિશ્વાસને જગાડવો તેમજ કોઇપર નિર્ભર ન રહેવાનો સંદેશ મળે છે. શિક્ષણને અસર કરતી સમસ્યાનો નિર્દેશ કરે છે. વિદ્યાર્થી કે કોઈ વ્યકિત મનોશારીરિક રોગથી પીડાયછે તો તેનો સ્વીકાર કરવો જોઈએ અને તેને પ્રોત્સાહન આપવું જોઈએ. શિક્ષણના વ્યાપારીકરણની ગરીબ પરીવારના વિદ્યાર્થીઓ પર થતી વિપરીત અસરો જણાવે છે. વિદ્યાર્થીઓને જે ક્ષેત્રમાં રસ હોય તે ક્ષેત્રમાં આગળ અભ્યાસ કરવાની દરેક વિદ્યાર્થીને તક મળવી જોઇએ.

**સંશોધનના ફલિતાર્થ :**

પ્રસ્તુત સંશોધન ફિલ્મને એક અસરકારક શૈક્ષણિક સાધન તરીકે ઉપયોગ કરવા પ્રેરશે. વિદ્યાર્થીઓમાં અને અધ્યાપકોમાં શૈક્ષણિક સભાનતા અંગેની જાગૃતિ લાવશે. આવી શૈક્ષણિક ફિલ્મો વિદ્યાર્થીઓને બતાવી હકારાત્મક ગુણો ખીલવવા પ્રેરશે. શૈક્ષણિક સંસ્થાઓમાં રહેલી ખામીઓને દૂર કરવા ઉપયોગી બનશે. તમામ વર્ગના વિદ્યાર્થીઓને શિક્ષણ માટે સમાન તકો પ્રાપ્ત થશે. પ્રેકિટકલ શિક્ષણને વધુ મહત્વ આપશે. વિદ્યાર્થીઓને જે ક્ષેત્રમાં રસહોય તે ક્ષેત્રમાં આગળ વધવા માટે વિશાળ તકો પ્રાપ્ત થશે.

**ઉપસંહાર :**

પ્રસ્તુત ફિલ્મ સમાજની શિક્ષણની સમસ્યાઓ અંગે સભાનતા કેળવવા મદદરૂપ બને તેમ છે. શિક્ષણ તેમજ સમાજ જગતમાં ટોરેન્ટ સિન્ડ્રોમના જેવા મનોરોગો નામે ધૃણાની ભાવના, દૂર વ્યવહાર જેવી સમસ્યાઓ કેવી વ્યાપી ગઈ છે તે આ

ફિલ્મ દર્શાવે છે. આમ પ્રસ્તુત ફિલ્મનું શીર્ષક જ 'હિચકી' હોવાથી જોકે ખાસ કરીને શિક્ષણમાં મનોરોગ કેવી અસર કરે છે, અને કેવા દ્રશ્યો સર્જાય છે, તેમજ આદર્શ શિક્ષક અને શિક્ષણ કેવું હોવું જોઈએ, તે અંગે પણ ધ્યાન દોરતા મૂલ્યો તારવી શકાય છે. તેમજ શિક્ષણ જગતમાં વ્યાપેલ દુષણો પર સમીક્ષા કરી શકાય છે. આ અભ્યાસ દ્વારા જે શૈક્ષણિક અને સામાજિક મૂલ્યો અને વિચારો જાણવા મળેછે તે શિક્ષણ તેમજ સામાજિક ક્ષેત્ર માટે ઉપયોગી છે. આ અભ્યાસ શિક્ષકોને પોતાના શિક્ષણમાં ખુબજ ઉપયોગી પુરવાર થશે. વાલીઓ, વિદ્યાર્થીઓ તેમજ સમગ્ર સમાજ શિક્ષણમાં મૂલ્યલક્ષી શિક્ષણ કેળવવા અંગે ઉપયોગી થશે.

ચાવીરૂપ શબ્દો : હિચકી ફિલ્મ, શૈક્ષણિક દ્રષ્ટિકોણ

<u>સંશોધન સારાંશ</u> 10

સંશોધક : પટેલ નિકુલબેન. કે

કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : ડૉ. પિનાક્ષીબેન પટેલ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

મેડમ ગીતા રાણી ફિલ્મનો શૈક્ષણિક દ્રષ્ટિકોણ

Educational Perspective of The Movi Madam Geeta Rani

સંશોધનનું ક્ષેત્ર : શિક્ષણ દર્શન, શૈક્ષણિક ટેકનોલોજી, શૈક્ષણિક વહીવટ અને સંચાલન

સંશોધનના હેતુઓ :

1) મેડમ ગીતા રાણી ફિલ્મની સમીક્ષા કરવી.
2) મેડમ ગીતા રાણી ફિલ્મમાંથી નિષ્પન્ન થતાં શૈક્ષણિક મૂલ્યો તારવવા.
3) મેડમ ગીતા રાણી ફિલ્મના દ્રશ્યોનું પૃથક્કરણ કરવું.
4) મેડમ ગીતા રાણી ફિલ્મની વિષયવસ્તુની હાલના શિક્ષણ સાથે સમીક્ષા કરવી.

સંશોધનના પ્રશ્નો :

1) મેડમ ગીતા રાણી ફિલ્મમાં કયા શૈક્ષણિક પાસાઓ સમાવિષ્ટ હશે?
2) મેડમ ગીતા રાણી ફિલ્મમાં કયા શૈક્ષણિક દ્રષ્ટિકોણ આધારિત મૂલ્યો સમાવિષ્ટ હશે?
3) મેડમ ગીતા રાણી ફિલ્મમાં કયા સામાજિક દ્રષ્ટિકોણ આધારિત મૂલ્યો સમાવિષ્ટ હશે?
4) મેડમ ગીતા રાણી ફિલ્મમાં કયા રાજકીય દ્રષ્ટિકોણ આધારિત મૂલ્યો સમાવિષ્ટ હશે?
5) મેડમ ગીતા રાણી ફિલ્મમાં કયા વ્યવસાયિક પ્રતિબદ્ધતા આધારિત મૂલ્યો સમાવિષ્ટ હશે?

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક

સંશોધનની પદ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિના પ્રકાર પૈકી વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : વ્યાપવિશ્વ તરીકે શૈક્ષણિક પાસાઓને સ્પર્શતી વિવિધ ફિલ્મોનો સમાવેશ થયેલો છે. મેડમ ગીતા રાણી ફિલ્મની વિષયવસ્તુ નમુના તરીકે પસંદ કરેલ છે.

ઉપકરણ : મેડમ ગીતા રાણી ફિલ્મની (સીડી ), દસ્તાવેજી કૃતિ પૃથક્કરણ પત્રક

પૃથક્કરણની રીત : ફિલ્મ મેડમ ગીતા રાણીની વિષયવસ્તુનું શૈક્ષણિક દ્રષ્ટિકોણથી શૈક્ષણિક પાસાઓને આધારે ફિલ્મના દ્રશ્યો દ્વારા તેના સંવાદનો ટૂંકમાં અર્થઘટન કરી તેનો મધ્યવર્તી વિચાર રજૂ કર્યા છે. તેના આધારે શૈક્ષણિક મૂલ્યોની તારવણી કરેલ છે.

સંશોધનના તારણો :

લોકોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાના તરફ અંગૂલી નિર્દેશ કરે છે. આ ફિલ્મ વ્યાપારી ધોરણે ચાલતી શૈક્ષણિક સંસ્થાઓ પર સીધો કટાક્ષ કરે છે. શિક્ષણને અસર કરતી સમસ્યાઓનો નિર્દેશ કરે છે. મેડમ ગીતા રાણી તરીકે એક આદર્શ

શિક્ષક ( આચાર્ય) ભૂમિકા દર્શાવે છે. પ્રેક્ટીકલ શિક્ષણનો નિર્દેશ કરે છે અને ગોખણપટ્ટી નો વિરોધ કરે છે. ગુણવત્તાલક્ષી શિક્ષણ આપવાનો નિર્દેશ કરે છે. શિક્ષણમાં લાગવગશાહી અને ચંચુપાત દર્શાવે છે.

સંશોધનના ફલિતાર્થ :

શિક્ષણનું વ્યાપારીકરણ એક આદર્શ શિક્ષણનીતિ દ્વારા અટકાવી શકાય છે. શિક્ષણમાં લાંચરૂશ્વત અને લાગવગ પ્રથાને નાબૂદ કરવી જોઈએ. શિક્ષણના નીતિ નિયમોને નેવે મૂકી પૈસા કમાવવા બેઠેલા શિક્ષકોને નકારાત્મક રૂપે ચિતરવા કરતાં સામાજિક શૈક્ષણિક ફિલ્મો પ્રત્યે હકારાત્મક વલણ કેળવવા જોઈએ. વિદ્યાર્થીઓને આવી ફિલ્મો બતાવી હકારાત્મક ગુણો ખીલવવા પ્રેરવા. શિક્ષણમાં શિક્ષણવિદો દ્વારા શિક્ષણમાં બદલાવ લાવવા માટે પ્રેરિત કરી શકાય.

ઉપસંહાર :

પ્રસ્તુત અભ્યાસમાં મેડમ ગીતા રાણી ફિલ્મના શૈક્ષણિક પાસા તપાસવાના હેતુથી ફિલ્મની સમીક્ષા ફિલ્મના વિષયવસ્તુના પૃથક્કરણ અને વિશ્લેષણ દ્વારા કરવામાં આવી છે. આ ઉપરાંત નિષ્પન્ન થતા મૂલ્યોના હેતુ ચકાસવા દસ્તાવેજી કૃતિ પૃથ્થકરણ પત્રકના ઉપયોગથી મેળવેલી માહિતીના અર્થઘટન દ્વારા શૈક્ષણિક પાસાઓના આધારે મૂલ્યોની તારવણી કરેલ છે. આ ઉપરાંત અભ્યાસકે ફિલ્મને સ્પર્શતી વિષયવસ્તુને હાલની શિક્ષણ પ્રણાલી સાથેની સમીક્ષાત્મક રજૂઆત પણ કરેલી છે. ફિલ્મની વિષયવસ્તુને તેના દ્રશ્ય સંવાદ આધારિત પાંચ શૈક્ષણિક પાસા દર્શાવી સંપૂર્ણ ફિલ્મની ઉંડાણપૂર્વક રજૂઆત થયેલી જોવા મળે છે. આ અભ્યાસ દ્વારા જે શૈક્ષણિક અને સામાજિક મૂલ્યો અને વિચારો જાણવા મળે છે તે શિક્ષણ તેમજ સામાજિક ક્ષેત્ર માટે ઉપયોગી છે. આ ફિલ્મનો અભ્યાસ શિક્ષકોને પોતાના શિક્ષણમાં ખૂબ જ ઉપયોગી પુરવાર થશે તેમજ વાલી અને વિદ્યાર્થીઓ તથા સમગ્ર સમાજ શિક્ષણના મૂલ્યલક્ષી શિક્ષણ મેળવવા અંગે ઉપયોગી થશે.

ચાવીરૂપ શબ્દો : દ્રષ્ટિકોણ

<u>સંશોધન સારાંશ</u> 11

સંશોધક : બાજગ વિક્રમકુમાર ટી.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : શ્રી જયંતીભાઈ વી. પટેલ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધનનું શીર્ષક :

મહાત્મા જ્યોતિબા ફુલેનું શિક્ષણદર્શન એક અભ્યાસ

The Study of Educational Philosophy of Mahatma Jyotiba Phule

સંશોધનનું ક્ષેત્ર : શિક્ષણનું તત્વજ્ઞાન

સંશોધનના હેતુઓ :

1. મહાત્મા જ્યોતિબા ફુલેના શૈક્ષણિક વિચારોનો અભ્યાસ કરવો.
2. મહાત્મા જ્યોતિબા ફુલેના જીવન કવનનો અભ્યાસ કરવો.
3. મહાત્મા જ્યોતિબા ફુલેના શિક્ષણદર્શન અંગેના વિચારોનો શિક્ષણદર્શનના વિવિધ ઘટકોના સંદર્ભમાં અભ્યાસ કરવો.

સંશોધનના પ્રશ્નો :

1. મહાત્મા જ્યોતિબા ફુલેના શૈક્ષણિક વિચારો કેવા હશે?
2. મહાત્મા જ્યોતિબા ફુલેનું જીવનકવન કેવું હશે?
3. મહાત્મા જ્યોતિબા ફુલેના શિક્ષણદર્શન અંગેના વિચારોનો શિક્ષણદર્શનના વિવિધ ઘટકોના સંદર્ભમાં અભ્યાસ કેવો હશે?

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન

સંશોધનની પદ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : મહાત્મા જ્યોતિબા ફૂલે દ્વારા લખાયેલ કુલ દસ પુસ્તકો પૈકી સહેતુક નમુના પસંદગીની રીતથી ત્રણ પુસ્તકો નમુના તરીકે લીધેલ છે

ઉપકરણ : કૃતિ પૃથક્કરણ પત્રક અને નોંધપત્રકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
પૃથક્કરણની રીત : માહિતી એકત્રીકરણ માટે જ્યોતિબા ફુલેના પુસ્તકોનો અભ્યાસ કરી તેમાંથી હેતુઓને ધ્યાનમાં રાખી શૈક્ષણિક નિદર્શો તારવ્યા હતા અને શૈક્ષણિક નિદેશો પરથી તેનું અર્થઘટન કરવામાં આવ્યું હતું.
સંશોધનના તારણો-

વ્યક્તિઓ સમાન હોવાના કારણે વધુને વધુ વ્યક્તિઓને સુવિધાઓ પૂરી પાડવી જરૂરી છે અને શિક્ષણમાં ઈજારો બંધ થવો જોઈએ. વ્યક્તિઓને શિક્ષિત કરતી વખતે ધર્મ જાતિ જ્ઞાતિ અને લિંગને ધ્યાનમાં લેવું જોઈએ નહીં અને શિક્ષણમાં માનવતાના મૂલ્યો વિકસાવવા જોઈએ. શિક્ષણના સાર્વત્રિકરણના સિદ્ધાંતનું પાલન કરવું જોઈએ અને એટલી હદે શિક્ષણને ફરજિયાત બનાવવું જોઈએ. મહિલાઓ,ઉપેક્ષિત અને લાંબા સમયથી શિક્ષણથી વંચિત લોકોને શૈક્ષણિક સુવિધાઓમાં સર્વોચ્ચ અગ્રતા આપવી જોઈએ અને આ રીતે સામાજિક ન્યાય સ્થાપિત કરવો જોઈએ.
સંશોધનના ફલિતાર્થ :

પુસ્તકીય જ્ઞાન કરતાં પ્રાયોગિક જ્ઞાન પર વધારે મહત્વ આપવું જોઈએ. કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે ખાસ ધ્યાન રાખવું જોઈએ. શિક્ષાત્મક પગલાં લેવા જોઈએ નહીં. પ્રાથમિક શિક્ષણ પર વધુ ભારશિક્ષકો મૂકવો જોઈએ. કન્યા શિક્ષણના પ્રોત્સાહન માટે વિવિધ યોજના બનાવી જોઈએ. બાળકનો સામાજિક વિકાસ થાય તે તરફ વધુ ધ્યાન આપવું જોઈએ
ઉપસંહાર :

મહાત્મા જ્યોતિબા ફુલેના શિક્ષણદર્શનનો અભ્યાસ કરતા માલુમ પડે છે કે તેમનો જે સામાજિક અને શૈક્ષણિક સંઘર્ષ આપણને ડગલે ને પગલે પ્રેરણા રૂપ થતો જણાય છે તેમના ચિંધેલા માર્ગ પર ચાલવાથી સમાજમાં સમાનતાના મૂલ્યો સ્થાપિત કરી શકાય છે તથા શિક્ષણથી વંચિત રહેલ વ્યક્તિને શિક્ષણના વર્તમાન પ્રવાહમાં લાવી ઉત્તમ નાગરિક બનાવી શકાય છે.
ચાવીરૂપ શબ્દો : અભ્યાસ , શિક્ષણ દર્શન

<u>સંશોધન સારાંશ</u> 12
સંશોધક : રાવલ યતીનકુમાર એસ.
કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર
માર્ગદર્શક : ડૉ. જ્યોત્સનાબેન એલ. બારડ
વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.
સંશોધનનું શીર્ષક :
શિક્ષક પ્રતિબદ્ધતા વિકાસ કાર્યક્રમનો અમલ અને અસરકારકતા
Implementation and effectiveness of developing teachers commitment programme

સંશોધનનું ક્ષેત્ર : શિક્ષણનું તત્વજ્ઞાન, શિક્ષક પ્રશિક્ષણ
સંશોધનના હેતુઓ :

1. બી.એડ્. ના તાલીમાર્થીઓમાં શિક્ષક પ્રતિબધ્ધતા વિકસાવવા માટેના પ્રતિબધ્ધતા વિકાસ કાર્યક્રમનો અમલ કરવો.
2. બી.એડ્. ના તાલીમાર્થીઓમાં શિક્ષક પ્રતિબધ્ધતા વિકસાવવા માટેના પ્રતિબધ્ધતા વિકાસ કાર્યક્રમની અસરકારકતા ચકાસવી.

સંશોધનની ઉત્કલ્પના :

1. બી.એડ્. ના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓની પ્રતિબધ્ધતા વિકાસ કાર્યક્રમનો અનુભવ મેળવનાર અને અનુભવ ન મેળવનાર તાલીમાર્થીઓમાં વિદ્યાર્થી પ્રત્યેની પ્રતિબધ્ધતાના સરેરાશ અંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

2. બી.એડ્.ના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓની જાતિયતા કુમાર અને કન્યા સંદર્ભે પ્રતિબધ્ધતા વિકાસ કાર્યક્રમની અસરકારકતા વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ : પ્રતિબધ્ધતા વિકાસ; પરતંત્ર ચલ: વિદ્યાર્થી પ્રત્યેની પ્રતિબદ્ધતા, વ્યવસાય પ્રત્યેની પ્રતિબદ્ધતા

સંશોધન પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધન પદ્ધતિ : પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : બનાસકાંઠા જિલ્લામાં આવેલી બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓ પૈકી નમુના તરીકે પાલનપુર શહેરની માતૃશ્રી એસ.એસ. ગોવિંદા બી.એડ્. કોલેજના 110 તાલીમાર્થીઓ.

ઉપકરણ : પ્રતિબદ્ધતા માપન કસોટી

સંશોધનના તારણો :

ઉપલા જૂથની અને નીચલા જૂથની સરાસરીના તફાવત સંદર્ભે પ્રતિબધ્ધતા માપન કસોટીની દરેક કલમ યોગ્ય જણાઈ હતી. સરળતા મૂલ્ય અને ભેદપરખ મૂલ્યની દ્રષ્ટિએ પ્રતિબદ્ધતા માપન કસોટીની દરેક કલમ યોગ્ય જણાઈ હતી. પ્રતિબદ્ધતા માપન કસોટીની યથાર્થતાનું મૂલ્ય 0.46 જોવા મળ્યું હતું.

સંશોધનના ફલિતાર્થ :

નિદર્શમાં સમાવિષ્ટ બી.એડ્. ના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓમાં ભિન્ન પ્રકારની પ્રતિબદ્ધતા વિકસાવવામાં અધ્યાપન કૌશલ્ય અંગેની સઘન તાલીમ દરમિયાન પ્રતિબદ્ધતાનો વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓ આપવી જોઈએ. બી.એડ્.ના તાલીમાર્થીઓમાં ઉચ્ચકક્ષાની પ્રતિબદ્ધતા વિકસે તે માટેના વિવિધ પ્રયાસો કરવા જોઈએ.

ઉપસંહાર :

પ્રસ્તુત અભ્યાસ બી.એડ્. ના તાલીમાર્થીઓમાં શિક્ષક પ્રતિબધ્ધતા વિકસાવવા માટેના પ્રતિબધ્ધતા વિકાસ કાર્યક્રમની અસરકારકતા ચકાસવા હાથ ધરવામાં આવ્યો હતો. બી.એડ્. ના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓની પ્રતિબધ્ધતા વિકાસ કાર્યક્રમનો અનુભવ મેળવનાર અને અનુભવ ન મેળવનાર તાલીમાર્થીઓમાં વિદ્યાર્થી પ્રત્યેની પ્રતિબધ્ધતાના સરેરાશ અંકો વચ્ચેના સાર્થક તફાવત મેળવીને પ્રતિબદ્ધતા માપન પરિસ્થિતિ કસોટીનું વિવિધ કાર્યક્રમો દ્વારા પ્રમાણિકરણ કરવામાં આવ્યું તથા પ્રતિબદ્ધતા વિકાસ કાર્યક્રમના અમલીકરણ બાદ પ્રતિચારોના ટી ગુણોત્તર દ્વારા પ્રાપ્ત ગુણ મેળવવામાં આવ્યા હતા. ઉપલા જૂથની અને નીચલા જૂથની સરાસરીના તફાવત સંદર્ભે પ્રતિબધ્ધતા માપન કસોટીની દરેક કલમ યોગ્ય જણાઈ હતી. સરળતા મૂલ્ય અને ભેદપરખ મૂલ્યની દ્રષ્ટિએ પ્રતિબદ્ધતા માપન કસોટીની દરેક કલમ યોગ્ય જણાઈ હતી. પ્રતિબદ્ધતા માપન કસોટીની યથાર્થતાનું મૂલ્ય 0.46 જોવા મળ્યું હતું. આ પ્રકારના કાર્યક્રમ સૌને ઉપયોગી થાય તથા શિક્ષકોએ જોડાયેલ તમામ આ દિશામાં વિચારવા અને પ્રયત્નશીલ બનાવવા માટે આ સંશોધન પ્રેરક બનશે.

ચાવીરૂપ શબ્દો : પ્રતિબદ્ધતા; અસરકારકતા

---

## પ્રકરણ - 3

### મૂલ્ય શિક્ષણ ( 13 થી 17)

સંશોધન સારાંશ 13

સંશોધક : મેવાડા અમી એ.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

**ધોરણ – 7 ના સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યોનો અભ્યાસ**

Study of values derived from a textbook in Std. 7 Social Science subject

સંશોધનનું ક્ષેત્ર : મૂલ્ય શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ, સામાજિક શિક્ષણ, નૈતિક કલા અને સૌંદર્ય શિક્ષણ

સંશોધનના હેતુઓ :

1. ધોરણ 7 ના પ્રવર્તમાન સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ મૂલ્યોનો અભ્યાસ કરવો.
2. પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ મૂલ્યોના પ્રકાર પ્રમાણે વર્ગીકૃત કરવા.
3. મૂલ્યની વિભાવના તેના પ્રકાર અને સ્વરૂપનો શિક્ષણના સંદર્ભમાં અભ્યાસ કરવો.
4. ધોરણ 7 સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ મૂલ્યોના સંદર્ભમાં શિક્ષકો તેમજ તજજ્ઞોના મંતવ્યો જાણવા.
5. મૂલ્યોના પ્રકારો અને તારવેલ મૂલ્યોના આધારે શૈક્ષણિક ફલિતાર્થ તારવવા.
6. ધોરણ 7 સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તકના મૂલ્યોના પ્રકારો અને તારવેલ મૂલ્યો પ્રમાણે પૃથક્કરણ કરવું.

સંશોધનના પ્રશ્નો :

1. ધોરણ 7 સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાં મૂલ્યોનું પ્રમાણ કેટલું હશે ?
2. ધોરણ 7 સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાં સાંસ્કૃતિક મૂલ્યોનું પ્રમાણ કેટલું હશે ?
3. ધોરણ 7 સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાં શૈક્ષણિક મૂલ્યોનું પ્રમાણ કેટલું હશે ?
4. ધોરણ 7 સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાં આર્થિક મૂલ્યોનું પ્રમાણ કેટલું હશે ?
5. ધોરણ 7 સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાં વ્યક્તિગત મૂલ્યોનું પ્રમાણ કેટલું હશે ?

સંશોધનનો પ્રકાર : વ્યાવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન

સંશોધનની પદ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પૈકી વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત માર્ચ ૨૦૨૦ થી અમલમાં આવેલ અને શૈક્ષણિક વર્ષ 2021-22 માં પ્રવર્તમાન ધોરણ 8 ના સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ પાઠયક્રમ 1 થી 19 પાઠોને વ્યાપવિશ્વ અને નમૂના  તરીકે આવરી લીધા છે.

ઉપકરણ : કૃતિ પૃથકકરણ પત્રક

પૃથકકરણની રીત : ધોરણ 7 ના સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાંથી મૂલ્ય પ્રકાર પ્રમાણે 19 પાઠમાંથી જે મૂલ્યો નિષ્પન્ન થાય છે તે પાઠનો ક્રમ દર્શાવતી સારણી રજુ કરવામાં આવી ત્યારબાદ વિભિન્ન પાઠોમાંથી મૂલ્ય પ્રકાર પ્રમાણે નિષ્પન્ન થતા મૂલ્યો તારવવામાં આવ્યા હતા.

સંશોધનના તારણો :

ધોરણ 7 ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકના સમગ્ર 19 પ્રકરણમાંથી સાંસ્કૃતિક, શૈક્ષણિક, આર્થિક, વ્યક્તિગત મૂલ્યો તારવવામાં આવ્યા. પાઠ્યપુસ્તકમાંથી નિષ્પન્ન થતાં સાંસ્કૃતિક મૂલ્યમાં અહિંસા, સર્વધર્મ સમભાવ, કલાત્મકતા, સાંસ્કૃતિક વરસાની જાળવણી, હસ્તાંતરણ, અસ્પૃશ્યતા નિવારણ એમ 6 મૂલ્યો જોવા મળે છે. જેમાં સાંસ્કૃતિક વરસાની જળવણીનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. શૈક્ષણિક મૂલ્યમાં ત્યાગ, સદભાવ, સહયોગ, સત્યનિષ્ઠા, સહનશીલતા, દેશપ્રેમ એમ 6 મૂલ્યો જોવા મળે છે. જેમાં ત્યાગનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. આર્થિક મૂલ્યમાં ઉત્પાદકતા, પ્રાપ્તિ ઉપયોગિતા, આર્થિક વિકાસ, આયાત-નિકાસ, વૈશ્વિકીકરણ, વિતરણ અસમાનતા, માંગ-પુરવઠો, શોષણયુક્ત અર્થવ્યવસ્થા, ગરીબી-બેકારી, પરિવહન, માનવવિકાસ આંક, ધન ઉપાર્જન એમ 13 મૂલ્યો જોવા મળે છે જેમાં પ્રાપ્તિ ઉપયોગીતાનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે વ્યક્તિગત મૂલ્યમાં સ્વાસ્થ્ય, નૈતૃત્વ, અન્યની લાગણીનો સ્વીકાર, વૈજ્ઞાનિક દ્રષ્ટિબિંદુ, શુદ્ધતા, કર્તવ્ય પરાયણતા, નૈતિકતા, ઉદારશીલતા, સ્વાવલંબન, વ્યક્તિ સન્માન, શ્રમનું ગૌરવ, શૂરવીરતા, સ્વ શિસ્ત, ધ્યેયનિષ્ઠા, હક અને ફરજ, સખત મહેનત, એમ 16 મૂલ્યો જોવા મળે છે જેમાં કર્તવ્ય પરાયણતાનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે. પાઠ્યપુસ્તકના સમગ્ર 19 પ્રકરણમાંથી સાંસ્કૃતિક, શૈક્ષણિક, આર્થિક, વ્યક્તિગત આ ચાર પ્રકારના મૂલ્યો પૈકી વ્યક્તિગત મૂલ્ય સૌથી વધુ જોવા મળે છે અને શૈક્ષણિક મૂલ્ય સૌથી ઓછા જોવા મળે છે.  પાઠ્યપુસ્તકમાંથી આ પ્રમાણે નક્કી કરવામાં આવેલા મૂલ્યોમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યો પૈકી પેટા મૂલ્યોમાં સદભાવ અને વૈશ્વિકીકરણ એમ 2 મૂલ્યો વણસ્પર્શ્યા જોવા મળે છે.

સંશોધનના ફલિતાર્થ :

સંશોધકે પ્રસ્તુત અભ્યાસના આધારે તરાવેલા તારણો પરથી મળતા શૈક્ષણિક ફલિતાર્થોની નોંધ કરી હતી જે નીચે મુજબ છે. ધોરણ 7 ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાંથી નિષ્પન્ન થતાં સાંસ્કૃતિક, શૈક્ષણિક, આર્થિક, અને વ્યક્તિગત આ ચાર પ્રકારના મૂલ્યો પૈકી વ્યક્તિગત મૂલ્યો સૌથી વધુ પ્રમાણમાં જોવા મળે છે અને શૈક્ષણિક મૂલ્યો સૌથી ઓછા જોવા મળે છે. આ પરિણામ દર્શાવે છે કે ધોરણ 3 ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાં શૈક્ષણિક મૂલ્યોને લગતી કૃતિઓ પણ વધારવી જોઈએ. પ્રસ્તુત અભ્યાસના ધોરણ 7 ના સામાજિક વિજ્ઞાન વિષેની અધ્યાપન કર્યા કરતાં શિક્ષકોએ પ્રકરણ અધ્યાપન કાર્ય દરમિયાન પ્રકરણમાં સાંસ્કૃતિક, શૈક્ષણિક, આર્થિક અને વ્યક્તિગત મૂલ્યો કેવી રીતે આવરાયેલા છે તે વિદ્યાર્થી સમક્ષ રજૂ કરવું.

ઉપસંહારઃ

પ્રસ્તુત સંશોધન ધોરણ 7 ના સામાજિક વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાંથી નિષ્પન્ન થતા મૂલ્યો વિષય પર હાથ ધરવામાં આવ્યો હતો. જે વ્યવહારિક પૈકી ગુણાત્મક પ્રકારનું સંશોધન હતું આ વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિમાં વ્યાપવિશ્વ તરીકે રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અનુસંધાને ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત માર્ચ 2020 થી અમલમાં આવેલ આ શૈક્ષણિક વર્ષ 2021 - 22 માં પ્રવર્તમાન ધોરણ સાતના સામાજિક વિજ્ઞાન પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ પાઠ્યક્રમ 1 થી 19 પાઠોને વ્યાપવિશ્વ અને નમૂનામાં સમાવેશ કર્યો હતો. જેમાં ઉપકરણ તરીકે કૃતિ પૃથક્કરણ પત્રકની રચના કરવામાં આવી હતી જે પરથી તારવવામાં આવ્યું હતું કે સાંસ્કૃતિક મૂલ્યમાં છ મૂલ્યો જોવા મળે છે જેમાં સાંસ્કૃતિક વારસાની જાળવણીનું પ્રમાણ વધારે જોવા મળે છે જેમાં શૈક્ષણિક મૂલ્યમાં પણ છ મૂલ્યો જોવા મળે છે જેમાં ત્યાગનું પ્રમાણ વધુ જોવા મળે છે આમ આર્થિક મૂલ્યમાં તેર મૂલ્યો જોવા મળે છે જેમાં પ્રાપ્તિ ઉપયોગીતાનું પ્રમાણ વધારે જોવા મળે છે તેમજ નક્કી કરેલા મૂલ્યો પૈકી પેટા મૂલ્યોમાં સદભાવ અને વૈશ્વિકીકરણ એમ બે મૂલ્યો વણસ્પર્શ્યા જોવા મળે છે

ચાવીરૂપ શબ્દો : મૂલ્ય, નિષ્પન્ન

<u>સંશોધન સારાંશ</u> 14

સંશોધક : પરમાર દક્ષાબેન જી.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : ડૉ. જયોત્સનાબેન એલ.બારડ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

શ્રી ગિજુભાઈ બધેકા રચિત બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યોનો અભ્યાસ

A study of the values reflected from stories created by Gijubhai Badheka

સંશોધનનું ક્ષેત્ર : મૂલ્ય શિક્ષણ અને શિક્ષણનું તત્વજ્ઞાન

સંશોધનના હેતુઓ :

1. ગિજુભાઈ બધેકા રચિત બાળ વાર્તાઓમાં મૂલ્યના પ્રકાર પ્રમાણે નિષ્પન્ન થતા મૂલ્યોનો અભ્યાસ કરવો.
2. ગિજુભાઈ બધેકા રચિત પ્રત્યેક બાળવાર્તાઓમાં આવતાં પાત્રો પશુ-પક્ષી ,પ્રાણીઓ, મનુષ્યોનો અભ્યાસ કરવો.
3. મૂલ્યના પ્રકાર પ્રમાણે નિષ્પન્ન થતા મૂલ્યો તથા બાળ વાર્તાઓ અલગ તારવવી.
4. ગિજુભાઈ બધેકા રચિત બાળકોમાં ખીલવી શકાય એવા મૂલ્યોની તપાસ કરવી.

સંશોધનના પ્રશ્નો :

1. ગિજુભાઈ બધેકા રચિત બાળવાર્તાઓ માંથી મૂલ્યના પ્રકાર પ્રમાણે નિષ્પન થતા મૂલ્યો કયા હશે.?
2. ગિજુભાઈ બધેકા રચિત પ્રત્યેક બાળ વાર્તાઓમાં આવતા પાત્રો પશુ -પક્ષી પ્રાણીઓ ,મનુષ્યો કયા હશે.?
3. મૂલ્યોના પ્રકારો પ્રમાણે નિષ્પન્ન થતા મૂલ્યો તથા બાળ વાર્તાઓ કયા પ્રકારની હશે ?

4. ગિજુભાઈ બધેકા રચિત બાળ વાર્તાઓમાં બાળકોમાં ખીલવી શકાય એવા સામાજિક,શૈક્ષણિક વૈશ્વિક આધ્યાત્મિક જૈવિક, નૈતિક અને આર્થિક મૂલ્યો કયા હશે.?

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકીનું ગુણાત્મક સંશોધન

સંશોધનની પધ્ધતિ : વર્ણનાત્મક સંશોધનના પ્રકાર પૈકી વિષયવસ્તુ વિશ્લેષણ સંશોધન પધ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : ગિજુભાઈની બાળ વાર્તાઓ ભાગ ૧ થી ૧૦ માં સમાવિષ્ટ છે. જેમાંથી ભાગ ૧ થી ૫ માંથી નિષ્પન્ન થતા મૂલ્ય શિક્ષણને લગતી વાર્તાઓને વ્યાપવિશ્વ તરીકે તેમજ બાળનગરી ભાગ ૧ થી ૫ માંથી ૧૦ વાર્તાઓ નમૂના તરીકે પસંદ કરેલ છે.

ઉપકરણ : વાર્તા પૃથક્કરણ પત્રક

પૃથક્કરણની રીત : માહિતી એકત્રીકરણ માટે શ્રી ગિજુભાઈ બધેકા રચિત વાર્તાઓનો અભ્યાસ કરીને તેમાંથી હેતુઓને ધ્યાનમાં રાખી શૈક્ષણિક નિર્દેશ તારવ્યા હતા .શૈક્ષણિક સંદર્ભો પરથી તેનું અર્થઘટન કરવામાં આવ્યું હતું.

સંશોધનના તારણો :

ગિજુભાઈ બધેકા રચિત આ વાર્તામાં કહેવામાં આવ્યું છે કે, એકબીજાની જરૂરિયાતો એકબીજા દ્વારા પુરી થાય છે. આમ, મનુષ્ય એ શક્ય હોય એમ મદદ કરવી જોઇએ. ગિજુભાઈ બધેકા રચિત આ વાર્તામાં ભટ્ટ પરિવારના નાના ભાઈની મુશ્કેલીના સમયમાં મોટાભાઈ પોતે અભણ હોવા છતાં પોતાની બુદ્ધિ ચાતુર્યનો ઉપયોગ કરી ભાઈને મદદ કરે છે. ગિજુભાઈ બધેકા રચિત આ વાર્તામાં જોવા મળે છે કે, નાની નાની સમસ્યાને એમજ મોટું સ્વરૂપ આપી દુ:ખી ન થવું જોઈએ. માતા-પિતાએ પોતાના બાળકોમાં આધ્યાત્મિક મૂલ્યોનો વિકાસ કરવો જોઈએ. ગિજુભાઈ બધેકા રચિત આ વાર્તામાં માતા-પિતાનો પોતાના બાળકો પ્રત્યેનો પ્રેમ વ્યક્ત થતો જોવા મળે છે.

સંશોધનના ફલિતાર્થ :

ગિજુભાઈ બધેકા રચિત કહાણી કહું કૈયા વાર્તામાં કોઈને કરેલી મદદ સમય આવતા અન્ય સ્વરૂપે આપણને મળે છે. આમ,આપણે કરેલી મદદ વ્યર્થ જતી નથી. એવું કહેવામાં આવ્યું છે. એકબીજાની મદદ કરવી એ વૈશ્વિક ભાવના દર્શાવે છે. ગિજુભાઈ બધેકા રિચત ભોળો ભટ્ટ વાર્તામાં શીખવામાં આવ્યું છે કે, મનુષ્ય એ ગમે તેવી સ્થિતિ માં પોતાની કોઠાસૂઝ બુદ્ધિચાતુર્યનો ઉપયોગ કરી પોતાનું રક્ષણ કરવાની ક્ષમતા કેળવવી જોઈએ. ગિજુભાઈ બધેકા રચિત કૂકડી પડી રંગમાં વાર્તામાં માનવીએ અન્યના દુઃખમાં સહભાગી થવું જોઈએ. ગિજુભાઈ બધેકા રચિત પાલીમાં પાંચ ઉંદરડા વાર્તામાં ફલિત થાય છે કે લોકોની વાતો અને ટીપ્પણીઓ સમય અને પરિસ્થતિ સાથે બદલાતી રહે છે. ગિજુભાઈ બધેકા રચિત વાર્તાઓમાં દીકરીને અલૌકિક સબંધ જોવા મળે છે.

ઉપસંહાર :

પ્રસ્તુત અભ્યાસમાં ગિજુભાઈ બધેકા રચિત બાળ વાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યશિક્ષણનો અભ્યાસ કરવાનો હતો માટે સંપૂર્ણ માહિતી ગુણાત્મક સ્વરૂપે પ્રાપ્ત થાય. માહિતી એકત્રીકરણ માટે શ્રી ગિજુભાઈ બધેકા રચિત વાર્તાઓનો અભ્યાસ કરીને તેમાંથી હેતુઓને ધ્યાનમાં રાખી શૈક્ષણિક નિર્દેશ તારવ્યા હતા .શૈક્ષણિક સંદર્ભો પરથી તેનું અર્થઘટન કરવામાં આવ્યું હતું.

ચાવી રૂપ શબ્દો : બાળવાર્તાઓ ,નિષ્પન્ન થતા મૂલ્યો .

<u>સંશોધન સારાંશ</u> 15

સંશોધક : ચૌહાણ જયાબેન સી.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : ડૉ. જયોત્સનાબેન એલ. બારડ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

ધોરણ 12 ના વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન પાઠ્યપુસ્તકમાંથી નિષ્પન્ન થતા આર્થિક અને વ્યક્તિગત મૂલ્યોનો અભ્યાસ

સંશોધનનું ક્ષેત્ર : મૂલ્ય શિક્ષણ, શિક્ષણનું તત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર શિક્ષણ

સંશોધનના હેતુઓ :

1. ધોરણ 12 ના વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન વિષયના પાઠ્યપુસ્તકમાંથી માહિતી એકત્ર કરવા માટે એકમ પૃથક્કરણ પત્રકની રચના કરવી.
2. ધોરણ 12 ના વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન વિષયના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ આર્થિક મૂલ્યોનો અભ્યાસ કરવો અને તેનું પ્રમાણ ચકાસવું.
3. ધોરણ 12 ના વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન વિષયના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ વ્યક્તિગત મૂલ્યોનો અભ્યાસ કરવો અને તેનું પ્રમાણ ચકાસવું.

સંશોધનના પ્રશ્નો :

1. ધોરણ 12 ના વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન વિષયના પાઠ્યપુસ્તકની વિષયવસ્તુ કેવી હશે ?
2. ધોરણ 12 ના વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન વિષયના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ મૂલ્યોનું પ્રમાણ કેટલું હશે?
3. ધોરણ 12 ના વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન વિષયના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ આર્થિક મૂલ્યોનું પ્રમાણ કેટલું હશે?
4. ધોરણ 12 ના વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન વિષયના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ વ્યક્તિગત મૂલ્યોનું પ્રમાણ કેટલું હશે?

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકીનું ગુણાત્મક સંશોધન

સંશોધનની પદ્ધતિ : વિષયવસ્તુ વિશ્લેષણ સંશોધન પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમુનો : પાઠ્યપુસ્તક મંડળ દ્વારા 2017માં પ્રકાશિત ધોરણ 12 નું વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન વિષયનું પાઠ્યપુસ્તક અભ્યાસનું વ્યાપવિશ્વ છે તે પૈકી પાઠ્યપુસ્તકના 12 પ્રકરણનો અભ્યાસ કરવામાં આવેલ છે.

ઉપકરણ : એકમ પૃથક્કરણ પત્રક

પૃથક્કરણની રીત : પ્રસ્તુત અભ્યાસમાં વિષયવસ્તુ પૃથક્કરણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સંશોધનના તારણો :

ધોરણ 12 ના વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન વિષયના પાઠ્યપુસ્તકમાંથી આર્થિક અને વ્યક્તિગત મૂલ્યો દર્શાવવામાં આવ્યા છે. આર્થિક મૂલ્યમાં ઉત્પાદકતા, પ્રાપ્તિ ઉપયોગિતા ,આર્થિક વિકાસ, આયાત- નિકાસ, વૈશ્વિકીકરણ, વિતરણ અસમાનતા, માંગ -પુરવઠો, શોષણવિહીન અર્થવ્યવસ્થા, ગરીબી, બેકારી, ઉદારીકરણ ,ખાનગીકરણ ,ભાવ વધારો, ગ્રાહક માનવ વિકાસ આંક, પર્યાવરણ જાળવણી અને ધન ઉપાર્જન જેવા મૂલ્યો જોવા મળે છે જ્યારે પરિવહનનું મૂલ્ય જોવા મળ્યું ન હતું. નિષ્પન્ન થતા આર્થિક અને વ્યક્તિગત આ બે પ્રકારના મૂલ્યો પૈકી આર્થિક મૂલ્યો સૌથી વધુ પ્રમાણમાં જોવા મળે છે અને વ્યક્તિગત મૂલ્યો ઓછા જોવા મળે છે

સંશોધનના ફલિતાર્થ :

ધોરણ 12 ના વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન વિષયના પાઠ્યપુસ્તકમાંથી આ પરિણામ દર્શાવે છે કે પાઠ્યપુસ્તકમાં વ્યક્તિગત મૂલ્યોને લગતા પ્રકરણો વધારવા જોઈએ. ધોરણ 12 માં વ્યવસ્થા અને સંચાલન વિષયના પાઠ્યપુસ્તકમાંથી નિષ્પન્ન થતા આર્થિક અને વ્યક્તિગત મૂલ્યોમાંથી આર્થિક મૂલ્યોનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું જેમાં વ્યક્તિગત મૂલ્યોના પ્રકરણોમાં વધારો કરવાની જરૂર જણાય છે જેના દ્વારા વિદ્યાર્થીઓમાં વ્યક્તિગત મૂલ્યો વિકસાવી શકાય.

ઉપસંહાર :

પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ ધોરણ 12 ના વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન વિષયના પાઠ્યપુસ્તકમાંથી નિષ્પન્ન થતા આર્થિક અને વ્યક્તિગત મૂલ્યોનો અભ્યાસ કરવાનો હતો. આ સંશોધનમાં સંશોધકે એકમ પૃથક્કરણ પત્રકની રચના ઉપકરણ તરીકે કરી હતી. પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ 12 ના વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન વિષયના પાઠ્યપુસ્તકને વ્યાપવિશ્વ તરીકે લેવામાં આવેલ છે પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ 12ના વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન વિષયના પાઠ્યપુસ્તકના 12 પ્રકરણોનો નમુના તરીકે ઉપયોગ કરવામાં આવેલ છે માહિતી પૃથક્કરણ વિષયવસ્તુ પૃથક્કરણ પદ્ધતિથી

કરવામાં આવ્યું હતું. ધોરણ 12 માં વ્યવસ્થા અને સંચાલન વિષયના પાઠ્યપુસ્તકમાંથી નિષ્પન્ન થતા આર્થિક અને વ્યક્તિગત મૂલ્યો માંથી આર્થિક મૂલ્યોનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું જેમાં વ્યક્તિગત મૂલ્યોના પ્રકરણોમાં વધારો કરવાની જરૂર જણાય છે જેના દ્વારા વિદ્યાર્થીઓમાં વ્યક્તિગત મૂલ્યો વિકસાવી શકાય.

ચાવીરૂપ શબ્દો : વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન , મૂલ્યો

<u>સંશોધન સારાંશ</u> 16

સંશોધક : સાલવી પુષ્પાબેન આર.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : ડૉ. છાયાબેન એમ. ત્રિવેદી

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં નાગરિકતાના મૂલ્યોનો અભ્યાસ

A Study of Civic Values in the Higher Secondary Schools Students

સંશોધનનું ક્ષેત્ર : મૂલ્ય શિક્ષણ, શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન

સંશોધનના હેતુઓ :

1. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં નાગરિકતાના મૂલ્યો જાણવા નાગરિકતા મૂલ્ય સંશોધનિકાની રચના કરવી.
2. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં નાગરિકતાના મૂલ્યો જાણવા.
3. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં નાગરિકતાના મૂલ્યો પર જાતિની અસર તપાસવી.
4. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં નાગરિકતાના મૂલ્યો પર વિસ્તારની અસર તપાસવી.

સંશોધનની ઉત્કલ્પનાઓ :

1. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા શહેરી કુમારો અને શહેરી કન્યાઓએ નાગરિકતાની મૂલ્ય સંશોધનિકા પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
2. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા ગ્રામીણ કુમાર અને ગ્રામીણ કન્યાઓએ નાગરિકતાની મૂલ્ય સંશોધનિકા પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
3. ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા શહેરી કુમારો અને ગ્રામીણ કુમારોએ નાગરિકતાની મૂલ્ય સંશોધનિકા પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
4. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી શહેરી કન્યાઓ અને ગ્રામીણ કન્યાઓએ નાગરિકતાની મૂલ્ય સંશોધનિકા પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.
5. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા કુલ શહેરી અને કુલ ગ્રામીણ વિદ્યાર્થીઓએ નાગરિકતાની મૂલ્ય સંશોધનિકા પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.
6. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા કુલ કુમાર અને કુલ કન્યાઓએ નાગરિકતાની મૂલ્ય સંશોધનિકા પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ : જાતિ - કુમાર : કન્યા ; વિસ્તાર – શહેર : ગ્રામીણ ; પરતંત્ર ચલ : મૂલ્ય સંશોધનિકા પર વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણ

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પદ્ધતિ : સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ષ 2022 - 2023 દરમિયાન અભ્યાસ કરતા ધોરણ 11 ના વિદ્યાર્થી પૈકી નમૂના તરીકે ગ્રામીણ વિસ્તારની ત્રણ અને શહેરી વિસ્તારમાંથી ત્રણ શાળાઓ યાદચ્છિક રીતે પસંદ

કરવામાં આવી જેમાંથી ઝૂમખા પદ્ધતિથી ધોરણ 11 ના 242 વિદ્યાર્થીઓને નમૂના સ્વરૂપે પસંદ કરવામાં આવ્યા.

ઉપકરણ: સ્વરચિત નાગરિકતા મૂલ્ય સંશોધનિકા

પૃથક્કરણની રીત : માહિતી પૃથક્કરણ નાગરિકતા મૂલ્ય સંશોધનિકા દ્વારા કરવામાં આવ્યું હતું.

સંશોધનના તારણો:

નાગરિકતાના મૂલ્યો શહેરી વિદ્યાર્થીઓ કરતા ગ્રામીણ વિદ્યાર્થીઓમાં વધુ જોવા મળ્યા, નાગરિકતાના મૂલ્યો શહેરી કન્યાઓ કરતા ગ્રામીણ કન્યાઓમાં વધુ જોવા મળ્યા. નાગરિકતાના મૂલ્યો કુમારોમાં કન્યાઓ કરતા વધુ જોવા મળ્યા.સમગ્ર નમૂનામાં નાગરિકતાના મૂલ્યો વધુ જોવા મળ્યા. નાગરિકતાના મૂલ્યો શહેરી કુમારો કરતા શહેરી કન્યાઓમાં વધુ જોવા મળ્યા. નાગરિકતાના મૂલ્યો ગ્રામીણ કન્યાઓ કરતા ગ્રામીણ કુમારોમાં વધુ જોવા મળ્યા.નાગરિકતાના મૂલ્યો શહેરી કુમારો કરતા ગ્રામીણ કુમારોમાં વધુ જોવા મળ્યા.

સંશોધનના ફલિતાર્થ :

પ્રસ્તુત અભ્યાસમાં વિદ્યાર્થીઓમાં નાગરિકતાના મૂલ્યો જણાયા પણ વધુ નાગરિકતાના મૂલ્યોનો વિકાસ થાય તેવા કાર્યક્રમોનું શાળા કક્ષાએ આયોજન કરીને તેમને જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડી શકાય. વિદ્યાર્થીઓમાં નાગરિકતાના મૂલ્યોનો વધારો થાય તે માટે અલગથી તાલીમ વર્ગો શરૂ કરી શકાય. નાગરિકતાના મૂલ્યો પર વિસ્તાર અને જાતીયતાની અસર જણાઈ જેથી મૂલ્યો વિકસાવવાના વિવિધ કાર્યક્રમો અલગ અલગ કરવાને બદલે સાથે રાખી શકાય. વાલી સંમેલનમાં વાલીઓને નાગરિકતાના મૂલ્યોનું મહત્વ સમજાવી પોતાના બાળકોમાં તર્કશક્તિ વિકસાવવા ધ્યાન આપે તે માટે તેમનામાં જાગૃતિ લાવી શકાય. શિક્ષકો, આચાર્યો અને વાલીઓ વિદ્યાર્થીઓમાં નાગરિકતાના મૂલ્યો વિકસાવવામાં અંગત રસ લઈ સુધારો કરે તો વિદ્યાર્થીઓમાં આપોઆપ સુધારો થઈ શકે.

ઉપસંહાર :

પ્રસ્તુત અભ્યાસમાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં નાગરિકતાના મૂલ્યો જાણવા માટે નાગરિકતા મૂલ્ય સંશોધનિકાની રચના કરવામાં આવી. આ અભ્યાસમાં પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ પાસેથી પ્રશ્નાવલી ભરાવી માહિતી એકત્ર કરવામાં આવી હતી. પ્રાપ્ત થયેલ માહિતીનું પૃથક્કરણ કરી અંકશાસ્ત્રીય પદ્ધતિઓની મદદથી અર્થઘટન કરવામાં આવ્યું હતું. નાગરિકતાના મૂલ્યો શહેરી વિદ્યાર્થીઓ કરતા ગ્રામીણ વિદ્યાર્થીઓમાં વધુ જોવા મળ્યા, નાગરિકતાના મૂલ્યો શહેરી કન્યાઓ કરતા ગ્રામીણ કન્યાઓમાં વધુ જોવા મળ્યા. નાગરિકતાના મૂલ્યો કુમારોમાં કન્યાઓ કરતા વધુ જોવા મળ્યા.સમગ્ર નમૂનામાં નાગરિકતાના મૂલ્યો વધુ જોવા મળ્યા. નાગરિકતાના મૂલ્યો શહેરી કુમારો કરતા શહેરી કન્યાઓમાં વધુ જોવા મળ્યા. નાગરિકતાના મૂલ્યો ગ્રામીણ કન્યાઓ કરતા ગ્રામીણ કુમારોમાં વધુ જોવા મળ્યા.નાગરિકતાના મૂલ્યો શહેરી કુમારો કરતા ગ્રામીણ કુમારોમાં વધુ જોવા મળ્યા.

ચાવીરૂપ શબ્દો : ઉચ્ચતર માધ્યમિક શાળા, વિદ્યાર્થીઓ.

<u>સંશોધન સારાંશ</u> 17

સંશોધક : પ્રજાપતિ રીટાબેન એલ.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : ડૉ. જયોત્સનાબેન એલ. બારડ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

ધોરણ – 12 ના સંસ્કૃત વિષયના પાઠયપુસ્તકમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યોની ઓળખ અને વર્ગીકરણ

The Identification and Classification of Values in The Textbook of Std – 12

સંશોધનનું ક્ષેત્ર : મૂલ્ય શિક્ષણ, શિક્ષણનું તત્વજ્ઞાન

સંશોધનના હેતુઓ :

1. ધોરણ-12 સંસ્કૃત વિષયના પાઠયપુસ્તકમાંથી નિષ્પન્ન થતા મૂલ્યોની ઓળખ કરવી .

2. ધોરણ- 12 સંસ્કૃત વિષયના પાઠયપુસ્તકમાંથી નિષ્પન્ન થતા મૂલ્યોનું વર્ગીકરણ કરવું .
3. ધોરણ-12 સંસ્કૃત વિષયના પાઠયપુસ્તકના પદ્ય વિભાગમાંથી નિષ્પન્ન થતા સામાજિક મૂલ્યોની તારવણી કરવી.
4. ધોરણ-12 સંસ્કૃત પાઠયપુસ્તકના નિષ્પન્ન થતા આધ્યાત્મિક મૂલ્યોની તારવણી કરવી.
5. ધોરણ-12 સંસ્કૃત વિષયના પાઠયપુસ્તકના પદ્ય વિભાગમાંથી નિષ્પન્ન થતા રાષ્ટ્રીય મૂલ્યોની તારવણી કરવી.

સંશોધનના પ્રશ્નો :

1. ધોરણ- 12 સંસ્કૃત વિષયના પાઠયપુસ્તકમાંથી કયા મૂલ્યો નિષ્પન્ન થતા હશે?
2. ધોરણ- 12 સંસ્કૃત વિષયના પાઠયપુસ્તકમાંથી નિષ્પન્ન થતા મૂલ્યો કઈ રીતે વર્ગીકૃત હશે?
3. ધોરણ- 12 સંસ્કૃત પાઠયપુસ્તકના પદ્ય વિભાગમાંથી સામાજિક મૂલ્યોનું પ્રમાણ કેટલું હશે?
4. ધોરણ- 12 સંસ્કૃત પાઠયપુસ્તકના પદ્ય વિભાગમાંથી આધ્યાત્મિક મૂલ્યોનું પ્રમાણ કેટલું હશે?
5. ધોરણ- 12 સંસ્કૃત પાઠયપુસ્તકના પદ્ય વિભાગમાંથી રાષ્ટ્રીય મૂલ્યોનું પ્રમાણ કેટલું હશે?

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન

સંશોધન પદ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત નવેમ્બર – 2016 થી અમલમાં આવેલ ધોરણ-12 નું સંસ્કૃત પાઠ્યપુસ્તક વ્યાપવિશ્વ છે. પાઠ્યપુસ્તકના 10 પદ્ય નમૂના તરીકે પસંદ કરેલા છે.

ઉપકરણ : કૃતિ પૃથકકરણ પત્રક

પૃથક્કરણની રીત : વિષયવસ્તુ પૃથક્કરણ પદ્ધતિથી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

સંશોધનના તારણો :

ધોરણ 12 ના સંસ્કૃત પાઠયપુસ્તકના પદ્ય ક્રમાંક (1) वेदामृतम् (2) स्मृतिरससुद्या (3) सन्ति मे गुरवो राजन् (4) सञ्जुहूद्यीह पावकम् (5) यक्ष युधिष्ठिरसंवाद (6) प्रणमामि मुदा માં આધ્યાત્મિક મૂલ્યો જોવા મળ્યા હતાં. પ્રસ્તુત પદ્યોના આધારે નિષ્પન્ન થતાં મૂલ્યોમાં પ્રાર્થના, વંદના, ધર્મભાવના, જ્ઞાન મહિમા, તપશ્ચર્યા, સર્વધર્મ, સમભાવ, ધર્મપરાયણતા, સ્તુતિ જેવા મૂલ્યો જોવા મળે છે. આધ્યાત્મિક મૂલ્યોમાં પ્રાર્થનાનું સૌથી વધુ મૂલ્ય નિષ્પન્ન થાય છે. ધોરણ ૧૨ ના સંસ્કૃત પાઠ્ય પુસ્તકના પદ્ય ક્રમાંક (7) सुभाषितमद्युबिन्दव: (9) किं वैद्येन प्रयोजनम् માં બૌદ્ધિક મૂલ્યો જોવા મળ્યા હતા. પ્રસ્તુત પદ્યોને આધારે નિષ્પન્ન થતા મૂલ્યોમાં વાસ્તવિક સત્યતા જેવા મૂલ્યો જોવા મળે છે.

સંશોધનના ફલિતાર્થો :

પાઠયપુસ્તકમાંથી ફલિત થતાં મૂલ્યો વિધાર્થીના જીવન વ્યવહારમાં ઉપયોગી થઇ શકે. પાઠયપુસ્તકમાં વૈશ્વિક મૂલ્ય અને સૈદ્ધાંતિક મૂલ્યને લગતાં એકમોનો સમાવેશ કરવો જોઈએ. પાઠયપુસ્તક મંડળે પ્રસ્તુત પાઠયપુસ્તકના અમલની સાથે જરૂરી બાબતો માટે સેમિનાર ગોષ્ઠિ, વર્કશોપ, કાર્યશિબિર વગેરે યોજવા જોઈએ. પાઠયપુસ્તકમાં રાષ્ટ્રિય મૂલ્ય, સૌંદર્યાત્મક મૂલ્ય, વ્યકિતગત મૂલ્યનું પ્રમાણ બીજા મૂલ્યના પ્રમાણમાં સમાન હોવું જોઈએ. લેખકશ્રીઓએ દરેક મૂલ્યને પૂરતું મહત્વ આપીને યોગ્ય ઉદાહરણો દ્વારા પાઠયપુસ્તકની રચના કરવી જોઈએ.

ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધનમાં ધોરણ 12 ના સંસ્કૃત વિષયના પાઠયપુસ્તકમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યોની ઓળખ અને વર્ગીકરણનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. વ્યવહારિક સંશોધનનો ઉપયોગ કરવામાં આવ્યો. વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ધોરણ 12 ના સંસ્કૃત વિષયના પાઠયપુસ્તકમાંથી 10 પદ્યનો વ્યાપવિશ્વ અને નમૂના તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. કૃતિ પૃથકકરણ પત્રનો ઉપરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો. સંશોધનના તારણો અને ફલિતાર્થોનો પણ તારવવામાં આવ્યા હતા. અને ચાવીરૂપ શબ્દોનો તરીકે ધોરણ, ધોરણ 12, સંસ્કૃત પાઠયપુસ્તક, મૂલ્યનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આમ, પ્રસ્તુત સંશોધનના જેવા અનેક વિષયના સંશોધન હાથ ધરી શકાય છે.

ચાવીરૂપ શબ્દો : ધોરણ, સંસ્કૃત પાઠયપુસ્તક, મૂલ્ય

**પ્રકરણ 4**

**વ્યકિત અભ્યાસ(18 થી 19)**

**<u>સંશોધન સારાંશ</u>** 18

**સંશોધક : વરવાડિયા લલિતાબેન જી.**

**કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર**

**માર્ગદર્શક : શ્રી જયંતીભાઈ વી. પટેલ**

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** : 2021-23 / HNGU, Patan / M.Ed.

**સંશોધન શીર્ષક :**

**કાણોદર પ્રાથમિક શાળા નં. 1 : એક વ્યકિત અભ્યાસ**

An Institutional Case Study of Kanodar Primary School No. **1**

**સંશોધનનું ક્ષેત્રઃ વ્યકિત અભ્યાસ, પ્રાથમિક શિક્ષણ, શૈક્ષણિક વ્યવસ્થાપન, શૈક્ષણિક પ્રબંધ**

**સંશોધનના હેતુઓ:**

1. **કાણોદર પ્રાથમિક શાળા નં .1 નો ઉદભવ અને વિકાસ જાણવો.**
2. **કાણોદર પ્રાથમિક શાળા નં .1 માં ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓ જાણવી.**
3. **કાણોદર પ્રાથમિકશાળાનં.1 ના વર્ગો, ધોરણો, શિક્ષકો અને વિદ્યાર્થીઓની સંખ્યા વિશે જાણવું.**
4. **કાણોદર પ્રાથમિક શાળાનં.1 માં ચાલતી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ વિશે જાણવું,**
5. **કાણોદર પ્રાથમિક શાળાનં.1 ના સામાજિક કાર્યો અને ભાવિ આયોજન વિશે જાણવું.**

**સંશોધનના પ્રશ્નો :**

1. **કાણોદર પ્રાથમિક શાળા નં .1 નો ઉદભવ અને વિકાસ કેવો હશે ?**
2. **કાણોદર પ્રાથમિક શાળા નં .1 માં ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓ કેવી હશે ?**
3. **કાણોદર પ્રાથમિક શાળા નં.1 દ્વારા કઈ કઈ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.?**
4. **કાણોદર પ્રાથમિક શાળા નં .1 માં કુલ કેટલા વર્ગો, ધોરણો, શિક્ષકો અને વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી હશે ?**
5. **કાણોદર પ્રાથમિક શાળા નં .1 ના ભાવિ આયોજન અંગેના શું વિચારો હશે ?**

**સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન**

**સંશોધનની પદ્ધતિ : સર્વેક્ષણ પધ્ધતિ પૈકી વ્યકિત અભ્યાસ**

**વ્યાપવિશ્વ અને નમૂનો : પ્રસ્તુત સંશોધનમાં કાણોદર પ્રાથમિક શાળા નં.1 નો વ્યાપવિશ્વ તરીકે સમાવેશ કરવામાં આવે છે. વ્યાપવિશ્વ જ નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યું છે.**

**ઉપકરણ : પ્રશ્નાવલી, મુલાકાત, દસ્તાવેજો**

**પૃથકકરણની રીત : માહિતી એકત્ર કરવા માટે પ્રત્યક્ષ મુલાકાત પ્રશ્નાવલી, નિરીક્ષણ, દસ્તાવેજો, રજીસ્ટરો, વાર્ષિક રીપોર્ટ, અહેવાલો વગેરેનો ઉપયોગ કરેલ હતો.**

**સંશોધનના તારણો :**

**`આ શાળા દ્વારા વાલીઓનો સંસ્થા સાથેનો સેતું મજબુત થાય તેવા પ્રયત્નો કરવામાં આવી રહયા છે. આ શાળામાં વિદ્યાર્થીઓનું જ્ઞાન ચિરસ્થાયી બને તે માટે વિવિધ વાર્તાલાપ, વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા, જ્ઞાન પ્રવૃત્તિઓ અને પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે શાળામાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ થાય છે. અને તેમાં દરેક વિદ્યાર્થીઓ ભાગ લે છે. આ શાળામાં સમૂહ પ્રાર્થના, સાંસ્કૃતિક કાર્યક્રમ, સ્વચ્છતા અને સફાઈ, વિજ્ઞાન પ્રદર્શન, ચિત્ર પ્રદર્શન, વૃક્ષારોપણ વગેરે પ્રવૃત્તિઓ થાય છે.**

**સંશોધનના ફલિતાર્થ :**

**આ શાળાનું શૈક્ષણિક પ્રદાન જાણીને યોગ્ય નવા ક્ષેત્રોમાં પ્રગતિ કરવા માટે ભલામણ કરી શકાય. વ્યકિત અભ્યાસથી**

સંસ્થાકીય સિધ્ધિ માટે યોગ્ય પગલાં લઈ શકાય. શાળા વિદ્યાર્થીઓની સમસ્યાઓને જાણીને માર્ગદર્શન આપી શકાય. આ માટે સંસ્થામાં માર્ગદર્શન સેવાઓ શરૂ કરવી જોઈએ. ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘની સ્થાપના કરી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને અત્યારના વિદ્યાર્થીઓ વચ્ચે સેતરૂપ ભૂમિકા ભજવવી જોઈએ. સમાજે શ્રેષ્ઠ શૈક્ષણિક એકમોને સહકાર આપી વધુને વધુ વ્યવસાયલક્ષી શિક્ષણ પૂરૂં પાડવું જોઈએ. મનોવૈજ્ઞાનિક પ્રયોગશાળા શરૂ કરવી જોઈએ.

ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ કાણોદર પ્રાથમિક શાળા નં. 1 નો ઉદભવ અને વિકાસ, ઉપલબ્ધ ભૌતિક સવિધાઓ, વાર્ષિક પરીણામો, ચાલતી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓના આયોજન વિશે જાણવું. સર્વેક્ષણ પધ્ધતિ પૈકી વ્યકિત અભ્યાસ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સંશોધન વ્યાવહારિક પૈકી ગુણાત્મક પ્રકારનું હતું. તેમાં વ્યાપવિશ્વ અને નમૂના તરીકે કાણોદર પ્રાથમિક શાળા નં. 1 જ પુરતું સીમીત હતું. ઉપકરણ તરીકે પ્રશ્નાવલી, પ્રત્યક્ષ મુલાકાત, દસ્તાવેજોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તારણોમાં આ શાળા દ્વારા વાલીઓનો સંસ્થા સાથેનો સેતુ મજબૂત થાય તેવા પ્રયત્નો કરવામાં આવી રહયા છે. આ શાળામાં સમુહ પ્રાર્થના, સાંસ્કૃતિક કાર્યક્રમ, સ્વચ્છતા અને સફાઈ, વિજ્ઞાન પ્રદર્શન, ચિત્ર પ્રદર્શન. વૃક્ષારોપણ વગેરે પ્રવૃત્તિઓ થાય છે.

ચાવીરૂપ શબ્દો: પ્રાથમિક શાળા, વ્યકિત અભ્યાસ

<u>સંશોધન સારાંશ</u> 19

સંશોધક : મેવાડા રચના પી.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : શ્રી જયંતીભાઈ વી. પટેલ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી સિધ્ધપુરનો સંસ્થાકીય વ્યક્તિ અભ્યાસ

Institutional Case Study Of Gokul Global University Siddhpur

સંશોધનનું ક્ષેત્ર : વ્યકિત અભ્યાસ, શિક્ષણનું સંગઠન વહીવટ અને સંચાલન

સંશોધનના હેતુ :

1. ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીના બંધારણ આધારિત ઉદ્દેશો, ઉદ્ભવ અને વિકાસની માહિતી મેળવવી.
2. ગોકુલ યુનિવર્સિટીમાં ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓનો અભ્યાસ કરવો.
3. ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીના વિકાસ માટે કરવામાં આવતા પ્રયત્નોની જાણકારી મેળવવી
4. ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીમાં સંચાલિત વિવિધ ફેકલ્ટીઓની માહિતી પ્રાપ્ત કરવી.
5. ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીમાં યોજવામાં આવતા શિક્ષણને લગતા કાર્યક્રમોની માહિતી પ્રાપ્ત કરવી.
6. ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીમાં મુલાકાત માટે આવેલા વિવિધ મહાનુભાવોની જાણકારી પ્રાપ્ત કરવી.

સંશોધનના પ્રશ્નો :

1. ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીનો ઉદ્ભવ, ઉદ્દેશ અને વિકાસ કેવો હશે ?
2. ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીમાં ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓનો વિકાસ કેવો હશે ?
3. ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીમાં વિકાસ માટે કરવા કેવા પ્રયત્નો કરવામાં આવે છે?
4. યુનિવર્સિટીમાં શિક્ષણને લગતા કયા પ્રકારના કાર્યક્રમો યોજવામાં આવે છે?
5. ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીમાં કઈ કઈ ફેકલ્ટીઓ આવેલી છે?
6. ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીમાં કઈ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે?
7. ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીમાં મુલાકાત માટે કયા કયા મહાનુભાવો આવેલા છે?

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક

સંશોધનની પદ્ધતિ : સર્વેક્ષણ પધ્ધતિ પૈકી વ્યકિત અભ્યાસ

વ્યાપવિશ્વ અને નમૂનો : સિધ્ધપુર શહેરમાં આવેલી ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી શૈક્ષણિક સંસ્થાનો જ અભ્યાસ હોવાથી ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીને જ વ્યાપવિશ્વ અને નમુના તરીકે પસંદ કરવામાં આવી હતી

ઉપકરણ : સ્વરચીત પ્રશ્નાવલી

પૃથક્કરણની રીત : માહિતીનું પૃથક્કરણ ગુણાત્મક પદ્ધતિ વડે કરવામાં આવ્યું હતું.

સંશોધનના તારણો :

યુનિવર્સિટીમાં તાલીમ બધ્ધ તજજ્ઞો દ્વારા અભ્યાસ કરાવવામાં આવે છે. આ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીને ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમ મુજબ અભ્યાસ કરાવવામાં આવે છે. યુનિવર્સિટીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓની સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ થાય છે. યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ માટે ભૌતિક સંસાધનો પૂરતા પ્રમાણમાં છે. આ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને અભ્યાસમાં સરળતા મળે તેમજ અભ્યાસને લગતા કોઈ પ્રશ્નો હોય તો તે માટે સેન્ટ્રલ લાઇબ્રેરીની સુવિધા ઉપલબ્ધ છે. આ યુનિવર્સિટીમાં અભ્યાસ માટે દૂરથી આવતા વિદ્યાર્થીઓને રહેવા માટે છાત્રાલયની ઉત્તમ સગવડ છે. આ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીનું જ્ઞાન ચિરસ્થાયી બને તે માટે વિવિધ સેમીનાર, વર્કશોપ અને વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવે છે તેમજ તેમનો કૌશલ્ય વિકાસ થાય તે માટે સ્પોર્ટ્સ ફેસ્ટિવલનું પણ આયોજન કરવામાં આવે છે.

સંશોધનના ફલીતાર્થ :

આ યુનિવર્સિટી સંચાલિત વિવિધ ફેકલ્ટીનું શૈક્ષણિક પ્રદાન જાણીને નવા ક્ષેત્રમાં પ્રગતિ કરવા માટે ભલામણો કરી શકાય. વ્યક્તિ અભ્યાસથી યુનિવર્સિટીમાં ઉચ્ચ સિદ્ધિ માટે યોગ્ય પગલાં લઈ શકાય. યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સમસ્યાઓને જાણીને માર્ગદર્શન આપી શકાય તે માટે સ્ટુડન્ટ્સ કાઉન્સેલિંગ સેલ શરૂ કરી શકાય. યુનિવર્સિટીમાં દિવસે દિવસે વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે તો વધુ વિદ્યાર્થીઓનો સમાવેશ થઈ શકે તે માટે એક મોટી હોસ્ટેલ બનાવી શકાય. ભૂતપૂર્વ વિદ્યાર્થી સંઘની સ્થાપના કરી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને અત્યારના વિદ્યાર્થીઓ વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવવી જોઈએ. ભવિષ્યમાં GPCB લેબ શરૂ કરવી જોઈએ. યુનિવર્સિટી દ્વારા સામાજિક ક્ષેત્રે પ્રદાન આપવા માટે કોમ્યુનિટી એક્સ્ટેન્શન પ્રોગ્રામ શરૂ કરી શકાય.

ઉપસંહાર :

સંશોધનમાં ગોકુલ સિધ્ધપુર શહેરમાં આવેલી ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીનો સંસ્થાકીય વ્યક્તિ અભ્યાસ હાથ ધરેલ છે જેમાં વ્યક્તિ અભ્યાસ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ ગુણાત્મક પદ્ધતિ વડે કરવામાં આવ્યું હતું. જેમાં વ્યાપવિશ્વ અને નમૂનો તરીકે ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીનો જ સમાવેશ કરવામાં

આવ્યો હતો. આ સંશોધનનો પ્રકાર ગુણાત્મક હોવાથી જેમાં ઉપકરણ તરીકે પ્રશ્નાવલીનો ઉપયોગ કરેલ છે. આ પૈકી તારણોમાં યુનિવર્સિટીમાં તાલીમ બધા તજજ્ઞો દ્વારા અભ્યાસ કરાવવામાં આવે છે તેમજ વિદ્યાર્થીની ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમ મુજબ અભ્યાસ કરાવાય છે શૈક્ષણિક પ્રવૃત્તિઓની સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિ થાય છે અને વિદ્યાર્થીઓ માટે અભ્યાસને લગતા કોઈ પ્રશ્નો હોય તો સેન્ટ્રલ લાઇબ્રેરીની સુવિધા પણ ઉપલબ્ધ છે.

ચાવીરૂપ શબ્દો : યુનિવર્સિટી, વ્યક્તિ અભ્યાસ

## પ્રકરણ 5
## શૈક્ષણિક ટેકનોલોજી (20 થી 29)

**સંશોધન સારાંશ** 20

**સંશોધક :** સુંઢેશા ભરત બી.

**કોલેજ :** શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શક :** શ્રી પિયુષકુમાર કે. પંચોલી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી :** 2021-23 / HNGU, Patan / M.Ed.

**સંશોધન શીર્ષક :**

**માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ઓપન ઓફિસ ૩.૨ પ્રોગ્રામ જાગૃતતા કાર્યક્રમની રચના અને અજમાયશ**

Construction and Effectiveness of Awareness Program About Open Office 3.2 programe For Secondary School Students

**સંશોધન ક્ષેત્ર :** શૈક્ષણિક ટેકનોલોજી, શિક્ષણનું મનોવિજ્ઞાન, શિક્ષણનું સમાજશાસ્ત્ર માર્ગદર્શન અને સલાહ

**સંશોધનના હેતુઓ :**

1. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે Open Office પ્રોગ્રામ જાગૃતિ કાર્યક્રમની સંરચના કરવી.
2. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે Open Office પ્રોગ્રામ જાગૃતિ માપન પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીની સંરચના કરવી.
3. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે Open Office પ્રોગ્રામ જાગૃતિ કાર્યક્રમની અસરકારકતા ચકાસવી.
4. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે Open Office પ્રોગ્રામ કાર્યક્રમની અસરકારકતા પર જાતીયતાના તફાવતની અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ :**

1. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં સભાનતા માપન પૂર્વ કસોટી અને Open Office પ્રોગ્રામ સભાનતા માપન ઉત્તર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય
2. માધ્યમિક શાળાના કુમારોમાં Open Office પ્રોગ્રામ સભાનતા માપન પૂર્વ કસોટીમાં અને ઉત્તર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
3. માધ્યમિક શાળાની કન્યાઓમાં Open Office પ્રોગ્રામ સભાનતા માપન પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનનો પ્રકાર :** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ :** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો :** ડીસા તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓ પૈકી શ્રી ડી. એન. જે. આદર્શ હાઇસ્કૂલ, ડીસાના ધોરણ 10 ના 60 વિદ્યાર્થીઓ નમૂના તરીકે લેવામાં આવ્યા હતા.

**ઉપકરણ :** સ્વરચિત પૂર્વકસોટી અને ઉત્તર કસોટીઓ

**પૃથકકરણની રીત :**

માહિતી એકત્ર કર્યા પછી પૂર્વકસોટી પરથી મેળવેલ પ્રાપ્તાંકોની ગણતરી કરી મધ્યવર્તીસ્થિતી માપનના ઉપયોગ દ્વારા સરાસરી, પ્રમાણ વિચલન પ્રમાણભૂતતા અને t મૂલ્ય શોધવામાં આવ્યુ છે. માહિતીનું પૃથક્કરણ કરવા માટે આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિ અને કમ્પ્યુટર એમ.એસ.ઓફિસના એક્સલ પ્રોગ્રામનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**સંશોધનના તારણો :**

માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે રચવામાં આવેલ Open Office પ્રોગ્રામ જાગૃતતા કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. Open Office પ્રોગ્રામ જાગૃતતા કાર્યક્રમને પરિણામે પ્રાયોગિક જૂથના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી ઊચી જોવા મળી હતી .કાર્યક્રમમાં જાતિયતાની અસર જોવા મળી ન હતી.

સંશોધનના ફલિતાર્થ :

પ્રસ્તુત અભ્યાસ સમાજના લોકોને Open Office પ્રોગ્રામ અંગે જાગૃત કરી એક સશક્ત યુવાવર્ગ તૈયાર કરવામાં મદદરૂપ થઈ શકે છે. વિદ્યાર્થીઓને અન્ય કઠિન વિષયો બહુ માધ્યમ સંપુટના ઉપયોગથી સરળ રીતે અર્થગ્રહણ કરી શકાય છે. Open Office પ્રોગ્રામ જાગૃતતા કાર્યક્રમ દ્વારા શિક્ષણ વિશેની અજ્ઞાનતા દૂર કરી શકાય છે. Open Office પ્રોગ્રામ જાગૃતતા કાર્યક્રમ દ્વારા ગમ્મત સાથે જ્ઞાન આપી શકાય છે. Open Office પ્રોગ્રામ જાગૃતતા કાર્યક્રમ દ્વારા શિક્ષણ ક્ષેત્રે કમ્પ્યુટર વિશેના વધુ ખ્યાલ સ્પષ્ટ કરી શકાય છે. શિક્ષકો દ્વારા વિષયવસ્તુની રજૂઆતમાં વ્યાખ્યાન જેવી પધ્ધતિ સાથે કમ્પ્યુટર માધ્યમનો ઉપયોગ કરવામાં આવે તો અસરકારક રીતે શિક્ષણ કાર્ય થઈ શકે છે.

ઉપસંહાર:

કમ્પ્યૂટર વિષયમાં Open Office પ્રોગ્રામ વિષે જાગૃતતા વધારવા માટેનો આ નાનકડો પ્રયાસ હતો. ડીસા તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓ પૈકી શ્રી ડી. એન. જે. આદર્શ હાઇસ્કૂલ, ડીસાના ધોરણ 10 ના 60 વિદ્યાર્થીઓ નમૂના તરીકે લેવામાં આવ્યા હતા. સ્વરચિત પૂર્વકસોટી અને ઉત્તર કસોટીઓ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે રચવામાં આવી હતી. Open Office પ્રોગ્રામ જાગૃતતા કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. Open Office પ્રોગ્રામ જાગૃતતા કાર્યક્રમને પરિણામે પ્રાયોગિક જૂથના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી ઊચી જોવા મળી હતી .કાર્યક્રમમાં જાતિયતાની અસર જોવા મળી ન હતી.

ચાવીરૂપ શબ્દો : ઓપન સોર્સ, Open Office, કમ્પ્યુટર

<u>સંશોધન સારાંશ </u>21

સંશોધક : શ્રીમાળી ભાવનાબેન આર.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : ડૉ. જ્યોત્સનાબેન એલ. બારડ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

જલોત્રા ગામની ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીનો અભ્યાસ

A Study of study style in Highar Secondary School Students Learning Styles

સંશોધનનુંક્ષેત્ર : શૈક્ષણિક ટેકનોલોજી, માધ્યમિક શિક્ષણ ,શિક્ષણનું મનોવિજ્ઞાન, માર્ગદર્શન અને સલાહ

સંશોધનના હેતુઓ :

1. ઉચ્ચતર માધ્યમિક શાળા વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીનો અભ્યાસ કરવો.
2. ઉચ્ચતર માધ્યમિક શાળા વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીનો જાતીયતાના સંદર્ભે અભ્યાસ કરવો.
3. ઉચ્ચતર માધ્યમિક શાળા વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીનો વિસ્તારના સંદર્ભે અભ્યાસ કરવો.
4. ઉચ્ચતર માધ્યમિક શાળા વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીનો ધોરણના સંદર્ભે અભ્યાસ કરવો.

સંશોધનની ઉત્કલ્પનાઓ :

1. અધ્યયન શૈલીના અભ્યાસથી ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ પર દ્રશ્ય,શ્રાવ્ય અને ક્રિયાત્મક શૈલીની શું અસર થશે?
2. અધ્યયન શૈલીના અભ્યાસથી ઉચ્ચતર માધ્યમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પર દ્રશ્ય, શ્રાવ્ય અને ક્રિયાત્મક શૈલીની શું અસર થશે?
3. અધ્યયન શૈલી અભ્યાસથી ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ11 ના કુમારો અને કન્યાઓ પર દ્રશ્ય,શ્રાવ્ય અને ક્રિયાત્મક શૈલીની શું અસર થશે?
4. અધ્યયન શૈલીના અભ્યાસથી ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ12 ના કુમારો અને કન્યાઓ પર દ્રશ્ય,શ્રાવ્ય અને ક્રિયાત્મક શૈલીની શું અસર થશે?

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ : અધ્યયન શૈલી ;દ્રશ્ય અધ્યયન શૈલી , શ્રાવ્ય અધ્યયન શૈલી, ક્રિયાત્મક અધ્યયન શૈલી ; પરતંત્ર ચલ : જાતીયતા, વિસ્તાર, અંકુશિત ચલ : ધોરણ , વિષય; આંતરવર્તી ચલ : બુદ્ધિ, આંતરક્રિયા, શીખવાની ગતિ, રસ

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પદ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમુનો : બનાસકાંઠા જિલ્લાની વડગામ તાલુકાની ગુજરાતી માધ્યમની શાળાઓ પૈકી જી. જે પટેલ. વિદ્યાલયમાં ધોરણ 11 અને 12 ના અભ્યાસ કરતા 200 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

ઉપકરણ : સ્વ રચિત અધ્યયન શૈલી સંશોધનિકા

પૃથક્કરણની રીત : મધ્યવર્તીસ્થિતી માપનના ઉપયોગ દ્વારા સરાસરી, સાદી ટકાવારી દ્વારા કરવામાં આવ્યું.

સંશોધનના તારણો :

અધ્યયન શૈલીના અભ્યાસથી ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં શ્રાવ્ય અધ્યયન શૈલી વધુ જોવા મળી. અધ્યયન શૈલીના અભ્યાસથી ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં વિસ્તારના સદર્ભે શ્રાવ્ય અધ્યયન શૈલી વધુ જોવા મળી .અધ્યયન શૈલીના અભ્યાસથી ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ 11 ના કુમારોમાં કન્યાઓ કરતા શ્રાવ્ય અને ક્રિયાત્મક શૈલીની અસર વધુ જોવા મળી જ્યારે દ્રશ્ય અને ક્રિયાત્મક શૈલીની અસર કુમારો કરતાં કન્યાઓમાં વધુ જોવા મળી હતી. અધ્યયન શૈલીના અભ્યાસથી ઉચ્ચતર માધ્યમિક શાળાના ધો-12 ના કુમારોમાં કન્યાઓ કરતા શ્રાવ્ય શૈલીની અસર વધુ જોવા મળી જ્યારે કુમારો કરતા કન્યાઓની ક્રિયાત્મક શૈલીની અસર વધુ જોવા મળી.

સંશોધનના ફલિતાર્થ :

વિદ્યાર્થીઓની અધ્યયન શૈલી ઓળખી એ પ્રમાણે અધ્યયન કરવાથી વધુ સારી સિદ્ધિ મેળવી શકાય. દ્રશ્ય, શ્રાવ્ય અને ક્રિયાત્મક અધ્યયન શૈલી ધરાવતા અધ્યેતાને તેમની અધ્યયન શૈલી પ્રમાણે અધ્યયન કરાવવાથી વધુ સારા પરિમાણ મેળવી શકાય છે. શ્રાવ્ય અધ્યયન શૈલી ધરાવતી કુમારો કન્યાઓ કરતા વધુ અસરકારક રીતે શીખે છે માટે કુમારોને શ્રાવ્ય પ્રવૃતિ દ્વારા અધ્યયન માટે પ્રોત્સાહિત કરી શકાય. આચાર્યશ્રી, સંચાલકશ્રી અને શિક્ષણ વિભાગ શાળાઓ માટે વિદ્યાર્થીઓની અધ્યયન શૈલી અનુસાર અધ્યયન ઉપકરણો વ્યવસ્થા અને વર્ગોની સાધન સામગ્રી સજ્જ બનાવી શકે.

ઉપસંહાર :

સમગ્ર જીવન દરમિયાન માનવ વિકાસની પ્રક્રિયામાં જોડાયેલો રહે છે જેમાં અનેક પ્રકારના અનુભવો થાય છે. અનુભવોને કારણે વર્તમાનમાં પરિવર્તન થાય છે જે અધ્યયન છે. અધ્યયન એ આજીવન ચાલતી પ્રક્રિયા છે પરંતુ વિદ્યાર્થીઓમાં અધ્યયન શૈલી અલગ - અલગ પ્રકારની જોવા મળે છે. વિદ્યાર્થીઓમાં સારી અધ્યયન શૈલી વિકસે એ જરૂરી છે. અધ્યયન શૈલીના અભ્યાસથી ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ 11 ના કુમારોમાં કન્યાઓ કરતા શ્રાવ્ય અને ક્રિયાત્મક શૈલીની અસર વધુ જોવા મળી જ્યારે દ્રશ્ય અને ક્રિયાત્મક શૈલીની અસર કુમારો કરતાં કન્યાઓમાં વધુ જોવા મળી હતી. અધ્યયન શૈલીના અભ્યાસથી ઉચ્ચતર માધ્યમિક શાળાના ધો-12 ના કુમારોમાં કન્યાઓ કરતા શ્રાવ્ય શૈલીની અસર વધુ જોવા મળી જ્યારે કુમારો કરતા કન્યાઓની ક્રિયાત્મક શૈલીની અસર વધુ જોવા મળી.

ચાવીરૂપ શબ્દો : ઉચ્ચતર માધ્યમિક શાળા, અધ્યયન શૈલી

<u>સંશોધન સારાંશ</u> 22

સંશોધક : રાજપૂત ગીતાબેન બી.

કોલેજ: : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : શ્રી પિયુષકુમાર કે. પંચોલી

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

**ધોરણ 8 ના સામાજિક વિજ્ઞાન વિષયના ‘રાષ્ટ્રવાદ’ એકમ માટે બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમની રચના અને અસરકારકતા**

struction and Effectiveness of Multi Media Programme on 'The Nationalism' Unit for Social Science of Std. 8

સંશોધનનું ક્ષેત્ર : શૈક્ષણિક ટેકનોલોજી

સંશોધનના હેતુઓ :

1. ધોરણ-8 ના વિજ્ઞાન વિષયના પસંદીત એકમના અધ્યાપન માટે બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમની સંરચના કરવી.
2. ધોરણ-8 ના વિજ્ઞાન વિષયના પસંદીત એકમના અધ્યાપન માટે બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમની શૈક્ષણિક સિદ્ધિ પરની અસરકારકતા તપાસવા માટે શૈક્ષણિક સિદ્ધિ કસોટીની રચના કરવી.
3. ધોરણ-8 ના વિજ્ઞાન વિષયના પસંદીત એકમના અધ્યાપન માટે બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમની અસરકારકતા જાતીયતાના સંદર્ભમાં તપાસવી.

સંશોધનની ઉત્કલ્પનાઓ :

1. બહુમાધ્યમ સંપુટ દ્વારા અધ્યાપન પામેલા અને વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા વિદ્યાર્થીઓએ શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
2. બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા કુમારો અને કન્યાઓએ શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ : બહુમાધ્યમ સંપુટ અને વ્યાખ્યાન દ્વારા અધ્યાપન, પરતંત્ર ચલ : કસોટીસિદ્ધિ પર ના પ્રાપ્તાંકો

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પદ્ધતિ : પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં ધોરણ-8 ના વિદ્યાર્થીઓ પૈકી યાદચ્છિક નમૂના પસંદગી રીતે કુલ ૬0 વિદ્યાર્થીઓ નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા

પૃથક્કરણની રીત :

એકત્રિત કરેલ માહિતીનું મધ્યક, મધ્યસ્થ, પ્રમાણ વિચલન અને ટી કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું.

સંશોધનના તારણો :

બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલા પ્રાયોગિક જૂથ એ સિદ્ધિ કસોટીની બાબતમાં વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલ નિયંત્રિત જૂથ કરતાં ચઢિયાતું જોવા મળે છે .બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલ પ્રાયોગિક જૂથના કુમાર સિદ્ધિ કસોટીની બાબતમાં કન્યાઓ કરતાં ચઢિયાતા જોવા મળે છે .બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલ પ્રાયોગિક જૂથના કુમારો સિદ્ધિ કસોટીની બાબતમાં વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલ નિયંત્રિત જૂથના કુમાર કરતાં ચઢિયાતા જોવા મળે છે.

શૈક્ષણિક ફલિતાર્થ :

ધોરણ-૮ ના સામાજિક વિજ્ઞાન વિષયના પસંદિત એકમો માટે તૈયાર કરેલ બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અસરકારક નીવડયો હતો. વર્ગશિક્ષણમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતાં નાવિન્ય ધરાવતો બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમ વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવ પુરા પાડે તે પ્રકારનું આયોજન કરવું જોઇએ. શાળામાં વર્ગશિક્ષણ દરમિયાન વિવિધ એકમો માટે બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમનો ઉપયોગ કરી શકાય તે માટે શાળા સંચાલકોએ જરૂરી સુવિધાઓ પુરી પાડવી જોઇએ.

ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધનનો હેતુ ધોરણ-8 ના વિજ્ઞાન વિષયના પસંદીત એકમના અધ્યાપન માટે બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમની શૈક્ષણિક સિદ્ધિ પરની અસરકારકતા તપાસવા માટેનો હતો. બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલ પ્રાયોગિક જૂથના કુમાર સિદ્ધિ કસોટીની બાબતમાં કન્યાઓ કરતાં ચઢિયાતા જોવા મળે છે .બહુમાધ્યમ સંપુટ કાર્યક્રમ દ્વારા અધ્યાપન પામેલ પ્રાયોગિક જૂથના કુમારો સિદ્ધિ કસોટીની બાબતમાં વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલ નિયંત્રિત જૂથના કુમાર કરતાં ચઢિયાતા જોવા મળે છે.

ચાવીરૂપ શબ્દો : સામાજિક વિજ્ઞાન, બહુમાધ્યમ સંપુટ, અસરકારકતા

<u>સંશોધન સારાંશ</u> 23

સંશોધક : ભાટીયા હર્ષિદાબેન એન.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : ડૉ. જ્યોત્સનાબેન એલ. બારડ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

ધોરણ-10 ના ગુજરાતી વિષયમાં વ્યાકરણમાં પસંદિત એકમના સંદર્ભમાં રૈખિક અભિક્રમની રચના અને અસરકારકતા

Effectiveness and Construction of Linear Programme on Selected Grammar Topic on Gujarati Subject of Std-10

સંશોધનનું ક્ષેત્ર : શૈક્ષણિક ટેકનોલોજી, માધ્યમિક શિક્ષણ, ભાષા શિક્ષણ

સંશોધનના હેતુઓ :

1. ધોરણ-10 ના ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓ માટે અલંકાર એકમ પર રૈખિક અભિક્રમની રચના કરવી.
2. ધોરણ-10 ના ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓ માટે અલંકાર એકમ પર રૈખિક અભિક્રમની અજમાયશ કરવી.
3. ધોરણ-10 ના ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓ માટે અલંકાર એકમ પર રૈખિક અભિક્રમ આધારિત સિદ્ધિ કસોટી રચવી.
4. ધોરણ-10 ના ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓ માટે અલંકાર એકમ પર રૈખિક અભિક્રમની અસર જાતિયતાના સંદર્ભમાં તપાસવી.
5. ધોરણ-10 ના ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓ માટે અલંકાર એકમ પર વ્યાખ્યાન પદ્ધતિ અને રૈખિક અભિક્રમ આધારિત અધ્યયન પદ્ધતિની અસરકારકતા તપાસવી.

સંશોધનની ઉત્કલ્પનાઓ :

1. પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ મેળવેલ ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
2. પ્રાયોગિક જૂથના છોકરાઓ અને પ્રાયોગિક જૂથની છોકરીઓએ મેળવેલ ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
3. નિયંત્રિત જૂથના છોકરાઓ અને નિયંત્રિત જૂથની છોકરીઓએ મેળવેલ ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ : રૈખિક અભિક્રમ પદ્ધતિ, વ્યાખ્યાન પદ્ધતિ ; પરતંત્ર ચલ : વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ ; અંકુશિત ચલ : કક્ષા, વિષય ; પરિવર્તક ચલ: જાતિ ;આંતરવર્તી ચલ: વાતાવરણ

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પદ્ધતિ : પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : બનાસકાંઠા જિલ્લાના તાલુકાઓ પૈકીના પાલનપુર તાલુકાની શ્રીમતી સમુબેન ડી. એલ. શાહ હાઈસ્કૂલ, ભાગળના વર્ષ 2022-23માં અભ્યાસ કરતા 90 વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા..

ઉપકરણ : રૈખિક અભિક્રમિત ફરમા આધારિત સ્વરચિત એકમ કસોટી

પૃથક્કરણની રીત : પૃથક્કરણ માટે આવૃત્તિ વિતરણ, સરાસરી, પ્રમાણ વિચલન તથા ક્રાંતિક ગુણોત્તરનો ઉપયોગ કર્યો હતો.

સંશોધનના તારણો :

પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના ઉત્તર કસોટીની સિદ્ધિના પ્રાપ્તાંકો સમાન છે. પ્રાયોગિક જૂથના છોકરાઓના ઉત્તર કસોટીના પ્રાપ્તાંક અને પ્રાયોગિક જૂથની છોકરીઓના ઉત્તર કસોટીના પ્રાપ્તાંક સમાન છે. નિયંત્રિત જૂથના છોકરાઓના ઉત્તર કસોટીના પ્રાપ્તાંક નિયંત્રિત જૂથની છોકરીઓના ઉત્તર કસોટીના પ્રાપ્તાંક કરતાં ઓછા છે.

સંશોધનના ફલિતાર્થ :

રૈખિક અભિક્રમ દ્વારા છોકરીઓ સ્વ અધ્યયન માટે પ્રેરાય તે હેતુથી વર્ગશિક્ષણ થવું જોઈએ. અધ્યેતાઓને વિષયવસ્તુ સંબંધી સ્વ મેળે ઉદાહરણ આપવા પ્રેરી શકાય છે .અધ્યેતાઓને પડતી મુશ્કેલી જાણી તેને દૂર કરી શકાય છે. શિક્ષકના શિક્ષણકાર્યની ગુણવત્તામાં સુધારો લાવી શકાય છે .અધ્યેતાઓને સ્વ- અધ્યયન માટે પ્રેરણા પૂરી પાડી શકાય-

વર્ગ શિક્ષણમાં કઠિન શૈક્ષણિક મુદ્દાઓના અધ્યાપન માટે વિવિધ રૈખિક અભિક્રમોની રચના કરી શકાય.

ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધનમાં ધો. 10 ના ગુજરાતી વિષયમાં વ્યાકરણમાં પસંદિત એકમના સંદર્ભમાં રૈખિક અભિક્રમની રચના અને અસરકારકતા તપાસવામાં આવી. જેમાં ફરમાની રચના કરવામાં આવી અને તેના આધારે સ્વરચિત સિદ્ધિ કસોટી લેવામાં આવી. જેમાં વિદ્યાર્થિનીઓની સિદ્ધિમાં વધારો જોવા મળ્યો. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના ઉત્તર કસોટીની સિદ્ધિના પ્રાપ્તાંકો સમાન છે. પ્રાયોગિક જૂથના છોકરાઓના ઉત્તર કસોટીના પ્રાપ્તાંક અને પ્રાયોગિક જૂથની છોકરીઓના ઉત્તર કસોટીના પ્રાપ્તાંક સમાન છે. નિયંત્રિત જૂથના છોકરાઓના ઉત્તર કસોટીના પ્રાપ્તાંક નિયંત્રિત જૂથની છોકરીઓના ઉત્તર કસોટીના પ્રાપ્તાંક કરતાં ઓછા છે.

ચાવીરૂપ શબ્દો : અભિક્રમિત અધ્યયન, રૈખિક અભિક્રમ

<u>સંશોધન સારાંશ </u>24

સંશોધક : ખાનચિયા કમળાબેન ડી .

માર્ગદર્શક : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : ડૉ. છાયાબેન ત્રિવેદી

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

ઈન્ટરનેટના ઉપયોગથી વિદ્યાર્થીઓ ઉપર થતી અસરોનો અભ્યાસ

Study of Impacts of Internet on students

સંશોધનનું ક્ષેત્ર : શૈક્ષણિક ટેકનોલોજી

સંશોધનના હેતુઓ :

1. ઈન્ટરનેટના ઉપયોગથી વિધાર્થીઓ પર થતી અસરો જાણવી
2. ઈન્ટરનેટના ઉપયોગથી વિધાર્થીઓ પર સામાજિક અસરો જાણવી
3. ઈન્ટરનેટના ઉપયોગથી વિધાર્થીઓ પર થતી મનોવૈજ્ઞાનિક અસરો જાણવી
4. ઈન્ટરનેટના ઉપયોગથી વિધાર્થીઓ પર થતી શૈક્ષણિક અસરો જાણવી
5. ઈન્ટરનેટના ઉપયોગથી વિધાર્થીઓ પર થતી અસરોનો ચલના સંદર્ભમાં અભ્યાસ કરવો.

સંશોધનની ઉત્કલ્પનાઓ :

1. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિધાર્થીઓએ વિધાનાવલીમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.
2. છોકરાઓ અને છોકરીઓએ વિધાનાવલીમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.
3. ઈન્ટરનેટના ઉપયોગ અંગે ત્રણ કલાકથી ઓછો ઈન્ટરનેટ ઉપયોગ કરતા ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિધાર્થીઓએ વિધાનાવલીમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ : ઈન્ટરનેટ ઉપયોગ, પરતંત્ર ચલ : ઈન્ટરનેટના ઉપયોગથી થતી અસરો

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પધ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમુનો : પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાઓના વિધાર્થીઓ પૈકી નમુના તરીકે ૩૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઉપકરણ : સ્વ રચિત વિધાનાવલી

પૃથક્કરણની રીત : મધ્યક, મધ્યસ્થ, પ્રમાણ વિચલન અને ટી કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું.

સંશોધનના તારણો :

ઈન્ટરનેટના ઉપયોગના કારણે વિધાર્થીઓ માનસિક રીતે બેચેન રહેતા હોય એવું જાણવા મળ્યું નથી. ઈન્ટરનેટના ઉપયોગના કારણે વિધાર્થીઓ એક બીજા સાથે ઓછુ બોલતા હોઈ તેવું જાણવા મળ્યું છે. ઈન્ટરનેટના ઉપયોગના કારણે અધ્યાપકો સાથેના પ્રત્યક્ષ સંપર્ક માટે સમય ફાળવણી શકે છે ઈન્ટરનેટના ઉપયોગથી જાતિની દ્રષ્ટીએ છોકરીઓ અને છોકરા પર સામાજિક અસરો જોવા મળતી નથી. ઈન્ટરનેટના ઉપયોગથી જાતિની દ્રષ્ટીએ છોકરીઓ અને છોકરા પર માનસિક અસરો જોવા મળતી નથી.

સંશોધનના ફલિતાર્થ :

ઈન્ટરનેટનો વધુ પડતો ઉપયોગ ટાળવો જોઈએ. ઈન્ટરનેટનો ઉપયોગ માત્ર વિકાસાત્મક બાબત કે શિક્ષણ માટે કરવો જોઈએ. ઈન્ટરનેટનો ઉપયોગ જરૂરિયાત મુજબ કરવામાં આવેતો આશીવાદ રૂપે છે.વધુ પડતા ઉપયોગથી શારીરિક માનસિક આરોગ્ય પર ખરાબ અસર પડી શકે છે. ઈન્ટરનેટના ઉપયોગથી જાતિની દ્રષ્ટીએ છોકરીઓ અને છોકરા પર સામાજિક અસરો જોવા મળતી નથી. ઈન્ટરનેટના ઉપયોગથી જાતિની દ્રષ્ટીએ છોકરીઓ અને છોકરા પર માનસિક અસરો જોવા મળતી નથી.

ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધનનો હેતુ ઈન્ટરનેટના ઉપયોગથી વિધાર્થીઓ પર થતી અસરોનો ચલના સંદર્ભમાં અભ્યાસ કરવાનો હતો.ઈન્ટરનેટના ઉપયોગના કારણે વિધાર્થીઓ માનસિક રીતે બેચેન રહેતા હોય એવું જાણવા મળ્યું નથી .ઈન્ટરનેટના ઉપયોગના કારણે વિધાર્થીઓ એક બીજા સાથે ઓછુ બોલતા હોઈ તેવું જાણવા મળ્યું છે .ઈન્ટરનેટના ઉપયોગના કારણે અધ્યાપકો સાથેના પ્રત્યક્ષ સંપર્ક માટે સમય ફાળવણી શકે છે .ઈન્ટરનેટનો વધુ પડતો ઉપયોગ ટાળવો જોઈએ .ઈન્ટરનેટનો ઉપયોગ માત્ર વિકાસાત્મક બાબત કે શિક્ષણ માટે કરવો જોઈએ .ઈન્ટરનેટનો ઉપયોગ જરૂરિયાત મુજબ કરવામાં આવેતો આર્શીવાદ રૂપે છે.વધુ પડતા ઉપયોગથી શારીરિક માનસિક આરોગ્ય પર ખરાબ અસર પડી શકે છે.

ચાવી રૂપ શબ્દો : વિધાર્થીઓ, ઈન્ટરનેટ

<u>સંશોધન સારાંશ</u> 25

સંશોધક : ચૌધરી કિંજલબેન પી.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : શ્રીમતી તનુશ્રી એસ. ભાર્ગવ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અધ્યયન ટેવોનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ

A Study of Higher Secondary School Students Learning Styles with Reference to Certain Variables

સંશોધનનું ક્ષેત્ર : શૈક્ષણિક ટેકનોલોજી, શૈક્ષણિક મનોવિજ્ઞાન

સંશોધનના હેતુઓ :

1. ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અધ્યયન ટેવોનો અભ્યાસ કરવો.
2. ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અધ્યયન ટેવોનો જાતીયતાના સંદર્ભે આભ્યાસ કરવો.
3. ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અધ્યયન ટેવોનો વિસ્તારના સંદર્ભે અભ્યાસ કરવો.

સંશોધનની ઉત્કલ્પનાઓ :

1. ઉચ્ચતર માધ્યમિક શાળાના શહેરી વિસ્તારના કુમારો અને કન્યાઓએ અભ્યાસ ટેવ સંશોધનિકા પર મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.
2. ઉચ્ચતર માધ્યમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના કુમારો અને કન્યાઓએ અભ્યાસ ટેવ સંશોધનિકા પર મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

**સંશોધનના ચલ** : પરતંત્ર ચલ : સંશોધનિકા પર મેળવેલ પ્રાપ્તાંકો, સ્વતંત્ર ચલ: અધ્યયન ટેવ,

**સંશોધનનો પ્રકાર** : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ** : પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો** : પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી ગ્રામ્ય વિસ્તારની ૨ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી ૬૦ વિધાર્થીઓ અને શહેરી વિસ્તારની ૨ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માંથી ૬૦ વિદ્યાર્થીઓ એમ કુલ ૧૨૦ વિદ્યાર્થીઓને યાદૃચ્છિક રીતે પસંદગી કરવામાં આવી હતી .

**ઉપકરણ** : ડો. અરવિંદભાઇ ચૌધરી રચિત અધ્યયન ટેવ સંશોધનિકા

**પૃથક્કરણની રીત** : પ્રાપ્તાંકો પરથી સરાસરી, પ્રમાણવિચલન, સરાસરી, પ્રમાણભૂલ તેમજ સરાસરીના તફાવતથી સાર્થકતા શોધવામાં આવી હતી.

**સંશોધનના તારણો** :

ઉચ્ચતર માધ્યમિક શાળાના કુમારો અને કન્યાઓના અભ્યાસ ટેવ સંશોધનિકાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નથી .ઉચ્ચતર માધ્યમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના કુમાર અને કન્યાઓના અભ્યાસ ટેવ સંશોધનિકા પર પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નથી. ઉચ્ચતર માધ્યમિક શાળાના શહેરી વિસ્તારના કુમારો અને કન્યાઓએ અભ્યાસ ટેવ સંશોધનિકાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

**શૈક્ષણિક ફલિતાર્થ** :

ઉચ્ચતર માધ્યમિક શાળાના કુમારો અને કન્યાઓના અભ્યાસ ટેવ સંશોધનિકાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નથી. અધ્યયન ટેવ અંગેના ભાવિ સંશોધનો માટે પ્રસ્તુત અભ્યાસ માર્ગદર્શન સમાન બની રહેશે .વિધાર્થીઓની અધ્યયન ટેવ અંગે જાણી શકાશે .અધ્યયન ટેવ અંગેના સંશોધનો હાથ ધરી શકાય.

**ઉપસંહાર** :

સમગ્ર જીવન દરમિયાન માનવ વિકાસની પ્રક્ર્યિામાં જોડાયેલો રહે છે, જેમાં વિવિધ પ્રકારના અનુભવો થાય છે. અનુભવોને કારણે વર્તનમાં પરિવર્તન થાય છે. જે અધ્યયન છે, અધ્યયન એ આજીવન ચાલતી પ્રક્રિયા છે, પરંતુ અધ્યયન ટેવ અલગ – અલગ પ્રકારની જોવા મળે છે. વિધાર્થીઓમાં સારી અધ્યયન ટેવ વિકસે એ જરૂરી છે. ઉચ્ચતર માધ્યમિક શાળાના કુમારો અને કન્યાઓના અભ્યાસ ટેવ સંશોધનિકાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નથી .ઉચ્ચતર માધ્યમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના કુમાર અને કન્યાઓના અભ્યાસ ટેવ સંશોધનિકા પર પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નથી. ઉચ્ચતર માધ્યમિક શાળાના શહેરી વિસ્તારના કુમારો અને કન્યાઓએ અભ્યાસ ટેવ સંશોધનિકાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

**ચાવીરૂપ શબ્દો** : માધ્યમિક શાળા, અધ્યયન

<u>સંશોધન સારાંશ</u> 26

**સંશોધક** : પટેલ મિત્તલ કે.

**કોલેજ** : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શક** : ડૉ. છાયાબેન એમ. ત્રિવેદી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** : 2021-23 / HNGU, Patan / M.Ed.

**સંશોધન શીર્ષક** :-

**ધોરણ 8 ના વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિષયના પસંદિત એકમ પર મોડ્યૂલર શિક્ષણ પદ્ધતિની અસરકારકતા** Effectiveness of Modular Teaching Method on Selected Unit of the Subject Science and Technology in Std. 8

**સંશોધનનું ક્ષેત્ર** : **શૈક્ષણિક ટેકનોલોજી, અધ્યયન-અધ્યાપન**

**સંશોધનના હેતુઓ** :

1. વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિષયના પસંદિત એકમ પર મોડ્યૂલની રચના કરવી .

2. તૈયાર કરેલ મોડ્યૂલની વિદ્યાર્થીઓ પર અજમાયશ કરવી .
3. મોડ્યૂલ શિક્ષણ પદ્ધતિ અને વ્યાખ્યાન પદ્ધતિની તુલના કરવી .
4. મોડ્યૂલ શિક્ષણ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર થતી અસર તપાસવી.

સંશોધનની ઉત્કલ્પનાઓ :

1. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ સિદ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય .
2. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કુમારોએ સિદ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય .
3. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથની કન્યાઓએ સિદ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય .

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ : શિક્ષણ પદ્ધતિ, કક્ષા - 1 મોડ્યૂલ શિક્ષણ પદ્ધતિ કક્ષા – 2 વ્યાખ્યાન પદ્ધતિ ; પરતંત્ર ચલ : શૈક્ષણિક સિદ્ધિ ; અંકુશિત ચલ : વિષય, ધોરણ, માધ્યમ, એકમ ; આંતરવર્તી ચલ : જૂથો વચ્ચે થતી આંતરક્રિયા, વિષય પ્રત્યે રસ ; પરિવર્તક ચલ : જાતિયતા (કુમાર-કન્યા)

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પધ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓમાં વર્ષ 2022-23 દરમિયાન ધોરણ-8 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ.

ઉપકરણ :- શૈક્ષણિક સિદ્ધિ કસોટી

પૃથક્કરણની રીત : મધ્યક, પ્રમાણ વિચલન, પ્રમાણભૂલ, ટી-ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું.

સંશોધનના તારણો :

મોડ્યૂલ શિક્ષણ પદ્ધતિ એ વ્યાખ્યાન પદ્ધતિ કરતાં ધોરણ 8-ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વધુ અસરકારક રહી હતી. મોડ્યૂલ દ્વારા અધ્યયન કાર્ય કુમારો કરતાં કન્યાઓમાં વધુ અસરકારક રહ્યું હતું . વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યયન કાર્ય કુમારો કરતાં કન્યાઓમાં વધુ અસરકારક રહ્યું હતું . કન્યાઓનાં સંદર્ભમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતાં મોડ્યૂલ શિક્ષણ પદ્ધતિ વધુ અસરકારક રહી હતી.

સંશોધનના ફલિતાર્થ :

પ્રસ્તુત સંશોધનમાં હાથ ધરાયેલા પ્રયોગને અંતે મળેલા તારણોને આધારે કહી શકાય કે ધોરણ 8 ના વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિષયના પસંદિત એકમો માટે તૈયાર કરેલ મોડ્યૂલ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અસરકારક રહ્યો હતો. વર્ગ શિક્ષણમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતાં નવીનતા ધરાવતો મોડ્યૂલ કાર્યક્રમ વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવ પૂરો પડે તે પ્રકારનું આયોજન કરવું જોઈએ . શિક્ષકોએ વિવિધ એકમો પર મોડ્યૂલ કાર્યક્રમની રચના કરવા માટે વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિષયના મંડળોની રચના કરવી જોઈએ.

ઉપસંહાર :

પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ 8 ના વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિષયના પસંદિત એકમ પર મોડ્યૂલર શિક્ષણ પદ્ધતિની અસરકારકતા ચકાસવાનો હેતુ હતો. પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓમાં વર્ષ 2022-23 દરમિયાન ધોરણ-8 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો સમાવેશા કરવામાં આવ્યો હતો. જેમાં મોડ્યૂલ શિક્ષણ પદ્ધતિ એ વ્યાખ્યાન પદ્ધતિ કરતાં ધોરણ 8-ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વધુ અસરકારક રહી હતી. મોડ્યૂલ દ્વારા અધ્યયન કાર્ય કુમારો કરતાં કન્યાઓમાં વધુ અસરકારક રહ્યું હતું . વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યયન કાર્ય કુમારો કરતાં કન્યાઓમાં વધુ અસરકારક રહ્યું હતું . કન્યાઓનાં સંદર્ભમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતાં મોડ્યૂલ શિક્ષણ પદ્ધતિ વધુ અસરકારક રહી હતી.

ચાવીરૂપ શબ્દો : શૈક્ષણિક ટેક્નોલૉજી, મોડ્યૂલ

<u>સંશોધન સારાંશ</u> 27

સંશોધક : બારા સેજલબેન કે.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : શ્રી પિયુષકુમાર કે. પંચોલી

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધનનું શીર્ષક :

આભાસી વર્ગખંડ અને વાસ્તવિક વર્ગખંડ અંગે બી.એડ્.ના તાલીમાર્થીઓના અભિપ્રાયોનો તુલનાત્મક અભ્યાસ

A Comparative Study of B.Ed. TraineesPerceptions towards Virtual Classroom and Real Classroom

સંશોધનનું ક્ષેત્ર- શૈક્ષણિક ટેક્નોલોજી, શિક્ષક પ્રશિક્ષણ, તુલનાત્મક શિક્ષણ

અભ્યાસના હેતુઓ :

1. આભાસી વર્ગખંડ અંગે બી.એડ્.નાં તાલીમાર્થીઓનાં અભિપ્રાયો મેળવવા.
2. વાસ્તવિક વર્ગખંડ અંગે બી.એડ્.નાં તાલીમાર્થીઓનાં અભિપ્રાયો મેળવવા.
3. આભાસી વર્ગખંડ અને વાસ્તવિક વર્ગખંડ અંગે બી.એડ્.નાં તાલીમાર્થીઓનાં અભિપ્રાયો મેળવવા માટે અભિપ્રાયાવલીની રચના કરવી.
4. બી.એડ્.નાં તાલીમાર્થીઓનાં અભિપ્રાયાવલી પરનાં પ્રતિચારોનાં આધારે આભાસી વર્ગખંડ અને વાસ્તવિક વર્ગખંડ અંગેનાં અભિપ્રાયોની તુલના કરવી.

અભ્યાસના પ્રશ્નો :

1. આભાસી વર્ગખંડ અંગે બી.એડ્.નાં તાલીમાર્થીઓનાં અભિપ્રાયો કેવા હશે?
2. વાસ્તવિક વર્ગખંડ અંગે બી.એડ્.નાં તાલીમાર્થીઓનાં અભિપ્રાયો કેવાહ શે?
3. આભાસી વર્ગખંડ અને વાસ્તવિક વર્ગખંડ અંગે બી.એડ્.નાં તાલીમાર્થીઓનાં અભિપ્રાયો મેળવવા માટે રચેલ અભિપ્રાયાવલી અસરકારક નીવડશે?
4. બી.એડ્.નાં તાલીમાર્થીઓનાં અભિપ્રાયાવલી પરના પ્રતિચારોના આધારે આભાસી વર્ગખંડ અને વાસ્તવિક વર્ગખંડ અંગેના અભિપ્રાયોની તુલનાનું પરિણામ શું મળશે?

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પધ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : પાલનપુર તાલુકામાં વર્ષ 2021-2023 દરમ્યાન B.Ed. કોલેજોમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓને વ્યાપવિશ્વ તરીકે લેવામાં આવ્યા હતા. માતૃશ્રી એસ.એસ. ગોવિંદા B.Ed. કોલેજ, પાલનપુરની સહેતુક પસંદગી કરી તેમાંથી 149 તાલીમાર્થીઓને યાદચ્છીક નમૂના પસંદગી દ્વારા નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

ઉપકરણ : સ્વ-નિર્મિત અભિપ્રાયાવલી

પૃથક્કરણની રીત : માહિતીનું વિશ્લેષણ કરવા માટે પ્રત્યેક વિધાન માટે સાદી ટકાવારી અને કાઈવર્ગની ગણતરી કરવામાં આવી હતી.

સંશોધનના તારણો :

1. આભાસી વર્ગખંડ અંગે ઘટક જ્ઞાન માટે તાલીમાર્થી ભાઈઓનો અભિપ્રાય હકારાત્મક ઝોક ધરાવે છે. જ્યારે, વાસ્તવિક વર્ગખંડ અંગે અભિપ્રાય આભાસી વર્ગખંડ કરતાં વધુ હકારાત્મક ઝોક ધરાવે છે. આભાસી વર્ગખંડ અંગે ઘટક જ્ઞાન માટે તાલીમાર્થી બહેનોનો અભિપ્રાય હકારાત્મક ઝોક ધરાવે છે. જ્યારે, વાસ્તવિક વર્ગખંડ અંગેનો અભિપ્રાય આભાસી વર્ગખંડ કરતાં વધુ હકારાત્મક ઝોક ધરાવે છે.
2. આભાસી વર્ગખંડ અંગે ઘટક સમજ માટે તાલીમાર્થી ભાઈઓનો અભિપ્રાય હકારાત્મક ઝોક ધરાવે છે. જ્યારે, વાસ્તવિક વર્ગખંડ અંગેનો અભિપ્રાય આભાસી વર્ગખંડ કરતાં વધુ હકારાત્મક ઝોક ધરાવે છે. આભાસી વર્ગખંડ અંગે ઘટક સમજ માટે તાલીમાર્થી બહેનોનો અભિપ્રાય નકારાત્મક ઝોક ધરાવે છે. જ્યારે, વાસ્તવિક વર્ગખંડઅંગેનો અભિપ્રાય હકારાત્મક ઝોક ધરાવે છે.

3. આભાસી વર્ગખંડ અંગે ઘટક ઉપયોજન માટે તાલીમાર્થીભાઈઓનો અભિપ્રાય હકારાત્મક ઝોક ધરાવે છે. જ્યારે, વાસ્તવિક વર્ગખંડ અંગેનો અભિપ્રાય આભાસી વર્ગખંડ કરતાં વધુ હકારાત્મક ઝોક ધરાવે છે. આભાસી વર્ગખંડ અંગે ઘટક ઉપયોજન માટે તાલીમાર્થી બહેનોનો અભિપ્રાય નકારાત્મક ઝોક ધરાવે છે.જ્યારે, કે વાસ્તવિક વર્ગખંડ અંગેનો અભિપ્રાય હકારાત્મક ઝોક ધરાવે છે.
4. આભાસી વર્ગખંડ અંગે ઘટક કૌશલ્ય માટે તાલીમાર્થી ભાઈઓનો અભિપ્રાય નકારાત્મક ઝોક ધરાવે છે. જ્યારે, વાસ્તવિક વર્ગખંડ અંગેનો અભિપ્રાય હકારાત્મક ઝોક ધરાવે છે. આભાસી વર્ગખંડ અંગે ઘટક કૌશલ્ય માટે તાલીમાર્થી બહેનોનો અભિપ્રાય નકારાત્મક ઝોક ધરાવે છે. જ્યારે, વાસ્તવિક વર્ગખંડ અંગેનો અભિપ્રાય હકારાત્મક ઝોક ધરાવે છે.
5. આભાસી વર્ગખંડ અંગે ઘટક રસ માટે તાલીમાર્થી ભાઈઓનો અભિપ્રાય હકારાત્મક ઝોક ધરાવે છે. જ્યારે, વાસ્તવિક વર્ગખંડ અંગેનો અભિપ્રાય આભાસી વર્ગખંડ કરતાં વધુ હકારાત્મક ઝોક ધરાવે છે. આભાસી વર્ગખંડ અંગે ઘટક રસમાટે તાલીમાર્થી બહેનોનો અભિપ્રાય નકારાત્મક ઝોક ધરાવે છે. જ્યારે, વાસ્તવિક વર્ગખંડ અંગેનો અભિપ્રાય હકારાત્મક ઝોક ધરાવે છે.
6. આભાસી વર્ગખંડ અંગે ઘટક વલણ માટેતાલીમાર્થી ભાઈઓનો અભિપ્રાય તટસ્થ છે. જ્યારે, કે વાસ્તવિક વર્ગખંડઅંગેનો અભિપ્રાય આભાસી વર્ગખંડ કરતાં હકારાત્મક ઝોક ધરાવે છે. આભાસી વર્ગખંડ અંગે ઘટક વલણ માટે તાલીમાર્થી બહેનોનો અભિપ્રાય નકારાત્મક ઝોક ધરાવે છે. જ્યારે, વાસ્તવિક વર્ગખંડ અંગેનો અભિપ્રાય હકારાત્મક ઝોક ધરાવે છે.
7. આભાસી વર્ગખંડ અંગે ઘટક મૂલ્યાંકન માટે તાલીમાર્થી ભાઈઓનો અભિપ્રાય નકારાત્મક ઝોક ધરાવે છે. જ્યારે, વાસ્તવિક વર્ગખંડ અંગેનો અભિપ્રાય આભાસી વર્ગખંડ કરતાં વધુ હકારાત્મક ઝોક ધરાવે છે. આભાસી વર્ગખંડ અંગે ઘટક મૂલ્યાંકન માટે તાલીમાર્થી બહેનોનો અભિપ્રાય નકારાત્મક ઝોક ધરાવે છે. જ્યારે, વાસ્તવિક વર્ગખંડ અંગેનો અભિપ્રાય હકારાત્મક ઝોક ધરાવે છે.

**સંશોધનનાં ફલિતાર્થ :** પ્રસ્તુત અભ્યાસમાં જોવા મળ્યું હતું કે આભાસી વર્ગખંડ અને વાસ્તવિક વર્ગખંડ અંગે બી.એડ્.નાં તાલીમાર્થીઓનાં અભિપ્રાયો જુદાજુદા જોવા મળ્યા હતા. અભ્યાસમાં મેળવેલી માહિતીનાં આધારે એવું જાણવા મળ્યું હતું, કે મોટાભાગના તાલીમાર્થીઓ વાસ્તવિક વર્ગખંડ માટે વધુ અનુકૂળતા ધરાવતા હતા. જયારે કેટલેક અંશે તાલીમાર્થીઓ બંન્ને વર્ગખંડ સાથે સાનુકુળતા ધરાવતા હતા વળી, જાતિવાર જોવા જઇએતો છોકરાઓ કરતા છોકરીઓને વાસ્તવિક વર્ગખંડ વ્યવસ્થા વધુ અનુકૂળ લાગી હતી.

**ઉપસંહાર :**

આભાસી વર્ગખંડ અને વાસ્તવિક વર્ગખંડ અંગે બી.એડ્.ના તાલીમાર્થીઓના અભિપ્રાયોનો તુલનાત્મક અભ્યાસમાં પાલનપુર તાલુકામાં વર્ષ 2021-2023 દરમ્યાન B.Ed. કોલેજોમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓને વ્યાપવિશ્વ તરીકે લેવામાં આવ્યા હતા. માતૃશ્રી એસ.એસ. ગોવિંદા B.Ed. કોલેજ, પાલનપુરની સહેતુક પસંદગી કરી તેમાંથી 149 તાલીમાર્થીઓને યાદચ્છીક નમૂના પસંદગી દ્વારા નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.માહિતીનું વિશ્લેષણ કરવા માટે પ્રત્યેક વિધાન માટે સાદી ટકાવારી અને કાઈવર્ગની ગણતરી કરવામાં આવી હતી.આભાસી વર્ગખંડ અંગે ઘટક જ્ઞાન માટે તાલીમાર્થી ભાઈઓનો અભિપ્રાય હકારાત્મક ઝોક ધરાવે છે. જ્યારે, વાસ્તવિક વર્ગખંડ અંગે અભિપ્રાય આભાસી વર્ગખંડ કરતાં વધુ હકારાત્મક ઝોક ધરાવે છે. આભાસી વર્ગખંડ અંગે ઘટક જ્ઞાન માટે તાલીમાર્થી બહેનોનો અભિપ્રાય હકારાત્મક ઝોક ધરાવે છે. જ્યારે, વાસ્તવિક વર્ગખંડ અંગેનો અભિપ્રાય આભાસી વર્ગખંડ કરતાં વધુ હકારાત્મક ઝોક ધરાવે છે.મોટાભાગના તાલીમાર્થીઓ વાસ્તવિક વર્ગખંડ માટે વધુ અનુકૂળતા ધરાવતા હતા. જયારે કેટલાક તાલીમાર્થીઓ બંન્ને વર્ગખંડ સાથે સાનુકુળતા ધરાવતા હતા વળી જાતિવાર જોવા જઇએ તો છોકરાઓ કરતા છોકરીઓને વાસ્તવિક વર્ગખંડ વ્યવસ્થા વધુ અનુકૂળ લાગી હતી.

ચાવીરૂપ શબ્દો : આભાસી વર્ગખંડ, વાસ્તવિક વર્ગખંડ, બી.એડ્,તાલીમાર્થી

<u>સંશોધન સારાંશ</u> 28

સંશોધક : પરમાર શીતલબેન એ.
કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુસિયા એમ.એડ કોલેજ , પાલનપુર
માર્ગદર્શક : શ્રી જયંતિભાઈ વી. પટેલ
વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

**સંશોધન શીર્ષક :**

**ધોરણ 8 માં વિજ્ઞાન વિષયમાં પસંદિત એકમ માટે સ્વ-અધ્યયન સામગ્રીની રચના અને અસરકારકતા**

Construction and effectiveness of self study material for selected unit of standerds **8** in science subject

**સંશોધનનુ ક્ષેત્ર : શૈક્ષણિક ટેકનોલોજી, વિજ્ઞાન શિક્ષણ**

**સંશોધનના હેતુઓ :**

1. ઉચ્ચ પ્રાથમિક શાળાના ધોરણ 8 ના વિજ્ઞાન વિષયમાં પસંદિત એકમ માટે સ્વ-અધ્યયન સામગ્રીની રચના કરવી.
2. ઉચ્ચ પ્રાથમિક શાળાના ધોરણ 8 ના વિજ્ઞાન વિષયમાં પસંદિત એકમ માટે સ્વ નિર્મિત સિદ્ધિ કસોટીની રચના કરવી.
3. ઉચ્ચ પ્રાથમિક શાળાના ધોરણ 8 ના વિજ્ઞાન વિષયમાં પસંદિત એકમ માટે રચેલ સ્વ નિર્મિત સિદ્ધિ કસોટી પરના પ્રાપ્તકોને આધારે સ્વ-અધ્યયન સામગ્રીની અસરકારકતાની ચકાસણી કરવી.

**સંશોધનની ઉત્કલ્પના :**

1. ઉચ્ચ પ્રાથમિક શાળાના ધોરણ-8 ના વિજ્ઞાન વિષયમાં પસંદિત એકમ માટે રચેલ સ્વ અધ્યયન આધારિત સિદ્ધિ કસોટીમાં પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ ના ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના પ્રાપ્તાકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
2. ઉચ્ચ પ્રાથમિક શાળાના ધોરણ-8 ના વિજ્ઞાન વિષયમાં પસંદિત એકમ માટે રચેલ સ્વ અધ્યયન આધારિત સિદ્ધિ કસોટીમાં પ્રાયોગિક જૂથના કુમાર અને કન્યાઓએ મેળવેલ પ્રાપ્તાકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ : અધ્યાપન પદ્ધતિ; પરતંત્ર ચલ : શૈક્ષણિક સિદ્ધિ; અંકુશિત ચલ : વિષય,ધોરણ; પરિવર્તક ચલ : કુમાર , કન્યા**

**સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન**

**સંશોધનની પદ્ધતિ : પ્રાયોગિક સંશોધન પદ્ધતિ**

**વ્યાપવિશ્વ અને નમૂનો : બનાસકાંઠા જિલ્લાની પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની શાળામાં 2022 - 2023 દરમિયાન ધોરણ 8 માં અભ્યાસ કરતા 82 વિદ્યાર્થીઓનો નમૂનો લેવામાં આવ્યો.**

**ઉપકરણ : સિદ્ધિ કસોટી**

**પૃથકકરણની રીત : આંકડાશાસ્ત્રીય પદ્ધતિમાં ટી -કસોટીનો ઉપયોગ કર્યો છે.**

**સંશોધનના તારણો :**

**ધોરણ 8 માં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં સુક્ષ્મ જીવો : મિત્રો કે શત્રુ ?એકમ માટે રચેલ સ્વ અધ્યયન સામગ્રી કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. ધોરણ 8 માં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં સ્વ અધ્યયન સામગ્રીથી અધ્યયન કરતાં વધુ અસરકારક કહ્યું હતું. ધોરણ 8 માં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં સ્વ અધ્યયન સામગ્રીની પ્રાયોગિક જૂથના બાળકોની શૈક્ષણિક સિદ્ધિ ઉપર સમાન અસર જોવા મળી હતી. ધોરણ 8 માં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં પ્રાયોગિક અને નિયંત્રિત જૂથના કુમારો માટે સ્વ – અધ્યયન કાર્યક્રમ અસરકારક રહ્યો ન હતો. ધોરણ 8 માં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં સ્વ અધ્યયન સામગ્રીની પ્રાયોગિક જૂથની કન્યાઓ ઉપર કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.**

**સંશોધનના ફલિતાર્થે :**

**ધોરણ 8 માં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં સુક્ષ્મ જીવો : મિત્રો કે શત્રુ ? માટે રચેલ સ્વ અધ્યન સામગ્રી આધારિત કાર્યક્રમ અસરકારક છે. ધોરણ 8 માં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં સુક્ષ્મ જીવો : મિત્રો કે શત્રુ ? માટે રચેલ સ્વ અધ્યન સામગ્રી પરંપરાગત અધ્યયન પદ્ધતિ કરતા વધુ અસરકારક છે. ધોરણ 8 માં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં સ્વ અધ્યયન સામગ્રીની પ્રાયોગિક જૂથ ના બાળકોની શૈક્ષણિક સિદ્ધિ ઉપર સમાન અસર જોવા મળે છે. ધોરણ 8 માં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં સ્વ અધ્યયન સામગ્રીની પ્રાયોગિક અને નિયંત્રિત જૂથના બાળકોની શૈક્ષણિક સિદ્ધિ ઉપર સમાન અસર જોવા મળે છે. ધોરણ 8 માં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં પ્રાયોગિક અને નિયંત્રિત જૂથના કુમારો માટે સ્વ અધ્યયન કાર્યક્રમ અસરકારક જોવા મળતો નથી.**

ઉપસંહાર :

ધોરણ 8 માં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં સુક્ષ્મ જીવો : મિત્રો કે શત્રુ ? એકમ માટે રચેલ સ્વ અધ્યયન સામગ્રી કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. ધોરણ 8 માં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં સ્વ અધ્યયન સામગ્રીથી અધ્યયન કરતાં વધુ અસરકારક કહ્યું હતું.  ધોરણ 8 માં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં સ્વ અધ્યયન સામગ્રીની પ્રાયોગિક જૂથના બાળકોની શૈક્ષણિક સિદ્ધિ ઉપર સમાન અસર જોવા મળી હતી.  ધોરણ 8 માં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં પ્રાયોગિક અને નિયંત્રિત જૂથના કુમારો માટે સ્વ – અધ્યયન કાર્યક્રમ અસરકારક રહ્યો ન હતો.  ધોરણ 8 માં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં સ્વ અધ્યયન સામગ્રીની પ્રાયોગિક જૂથની કન્યાઓ ઉપર કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.

ચાવીરૂપ શબ્દો : સ્વ- અધ્યયન સામગ્રી , અસરકારકતા, વિદ્યાર્થીઓ

<u>સંશોધન સારાંશ</u> 29

સંશોધક : પંડ્યા વિનોદકુમાર જી.

કોલેજ : શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્. કોલેજ,પાલનપુર

માર્ગદર્શક : શ્રીમતી તનુશ્રી એસ. ભાર્ગવ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધનનું શીર્ષક :

ધોરણ-9ના અંગ્રેજી વ્યાકરણમાં પસંદિત 'Tense' એકમના સંદર્ભમાં રૈખિક અભિક્રમની સંરચના અને અસરકારકતા

Construction and Effectiveness of Linear Programme on 'Tense' Unit in English Grammar of Standard- 9

સંશોધનનું ક્ષેત્ર : શૈક્ષણિક ટેકનોલોજી, માધ્યમિક શિક્ષણ

સંશોધનના હેતુઓ :

1. ધોરણ 9 ના અંગ્રેજી વ્યાકરણના Tense એકમ પર રૈખિક અભિક્રમની રચના અને અજમાયશ કરવી.
2. ધોરણ 9 ના અંગ્રેજી વ્યાકરણના Tense એકમ પર આધારિત એકમ કસોટીની રચના કરવી.
3. અભિક્રમિત અધ્યયન પદ્ધતિથી કરેલ અધ્યાપન કાર્યની અસરકારકતા જાતીયતાના સંદર્ભમાં ચકાસણી કરવી.

સંશોધનની ઉત્કલ્પનાઓ :

1. રૈખિક અભિક્રમિત અધ્યયન પદ્ધતિ અને વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલા વિદ્યાર્થીઓએ Tense એકમ કસોટી પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
2. રૈખિક અભિક્રમિત અધ્યયન પદ્ધતિથી અધ્યયન કરતા છોકરા અને છોકરીઓની સિદ્ધિકસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
3. વ્યાખ્યાન પદ્ધતિથી અધ્યયન કરતા છોકરાઓ અને છોકરીઓની સિદ્ધિ કસોટીના મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
4. રૈખિક અભિક્રમિત અધ્યયન પદ્ધતિ અને વ્યાખ્યાન પદ્ધતિથી અધ્યયન કરતા છોકરાઓની સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
5. રૈખિક અભિક્રમિત અધ્યયન પદ્ધતિ અને વ્યાખ્યાન પદ્ધતિથી અધ્યયન કરતા છોકરીઓની સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ : રૈખિક અભિક્રમિત અધ્યયન પદ્ધતિ, પરતંત્ર ચલ : સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકો, અંકુશિત ચલ : ધોરણ, વિષય અને વિષયવસ્તુ, માધ્યમ, આંતરવર્તીય ચલ : રુચિ, રસ, વલણ અને વ્યક્તિગત તફાવત, પરિવર્તક ચલ : કુમાર અને કન્યા

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પદ્ધતિ : પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓ પૈકી થરાદ તાલુકાની જનતા હાઈસ્કૂલના ધોરણ-9ના યાદચ્છિક નમુના પસંદગીની રીતે 60 વિદ્યાર્થીઓ નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

ઉપકરણ : રૈખિક અભિક્રમિત અધ્યયન સાહિત્ય અને સ્વ-નિર્મિત કસોટી

પૃથક્કરણની રીત : સરાસરી, પ્રમાણ વિચલનનો ઉપયોગ કરીને બંને જૂથોનો સરાસરીનો તફાવત તથા t-મૂલ્યના આધારે સાર્થકતાની કક્ષા નક્કી કરી ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

સંશોધનના તારણો :

વ્યાખ્યાન પદ્ધતિ કરતાં રૈખિક અભિક્રમિત અધ્યયન પદ્ધતિ વધુ અસરકારક છે. રૈખિક અભિક્રમિત અધ્યાપન પદ્ધતિથી અધ્યયન કરતા કુમારો અને કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ સમાન જોવા મળી હતી. પ્રાયોગિક જૂથના કુમારો પર આ કાર્યક્રમ નિયંત્રિત જૂથના કુમારો કરતા વધુ અસરકારક જોવા મળ્યો હતો. પ્રાયોગિક જૂથની કન્યાઓ પર આ કાર્યક્રમ નિયંત્રિત જૂથની કન્યાઓ કરતા વધુ અસરકારક જોવા મળ્યો હતો. નિયંત્રિત જૂથના કુમાર અને કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ સમાન જોવા મળી હતી.

સંશોધનના ફલિતાર્થ :

શિક્ષકોએ વ્યાખ્યાન પદ્ધતિની પૂરક પદ્ધતિ તરીકે રૈખિક અભિક્રમિત અધ્યયન પદ્ધતિથી શિક્ષણકાર્ય કરવું જોઈએ. સ્વ-અધ્યયન સાહિત્યના ભાગરૂપે અભિક્રમિત અધ્યયન સાહિત્યનો ઉપયોગ કરવો જોઈએ. અભિક્રમો દ્વારા વિદ્યાર્થીઓને સ્વ-અધ્યયનની ટેવ વિકસાવવા પ્રયત્ન કરવો જોઈએ. અભિક્રમિત અધ્યયનની અનુકૂળ સમયે પુનરાવર્તન કરી શકાશે. નબળા વિદ્યાર્થીઓ અભિક્રમોથી પોતાની સ્વ-ગતિએ અધ્યયન કરતા આગળ વધે છે.

ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધનમાં ધોરણ-9ના અંગ્રેજી વ્યાકરણમાં પસંદિત 'Tense' એકમના સંદર્ભમાં રૈખિક અભિક્રમની સંરચના અને અસરકારકતા ચકાસવામાં આવી હતી. પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ ધોરણ-9ના અંગ્રેજી વ્યાકરણના 'Tense' એકમ પર રૈખિક અભિક્રમની રચના કરવી અને તેની અજમાયશ કરવાનો હતો. ઉપકરણ તરીકે રૈખિક અભિક્રમિત અધ્યયન સાહિત્ય અને સ્વનિર્મિત કસોટીની રચના કરવામાં આવી હતી. એકમ કસોટીના પ્રાપ્તાંકોને આધારે માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું તથા t-મૂલ્ય દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

ચાવીરૂપ શબ્દો : રૈખિક અભિક્રમ, અસરકારકતા, ટેવ

---

## પ્રકરણ-6

## શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન (30 થી 46)

સંશોધન સારાંશ 30

સંશોધક : પટેલ અનિતાબેન બી.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ.એડ્ કોલેજ પાલનપુર

માર્ગદર્શક : શ્રી પિયુષકુમાર કે. પંચોલી

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

ધોરણ 9 ના વિજ્ઞાન વિષયમાં પસંદિત પ્રયોગો માટે પ્રયોગ પદ્ધતિ અને પરંપરાગત પદ્ધતિનો તુલનાત્મક અભ્યાસ

A Comparative study of Experimental Methodand Tradition Method on Teaching Selected Experiments in Science Subject of std. 9

સંશોધન નું ક્ષેત્ર : માપન અને મૂલ્યાંકન, શૈક્ષણિક ટેકનોલોજી અને વિજ્ઞાન શિક્ષણ

સંશોધનના હેતુઓ :

1. ધોરણ 9 ના વિજ્ઞાન વિષયમાં પસંદિત પ્રયોગો માટે પ્રયોગ અધ્યયન કાર્યક્રમની રચના કરવી.
2. ધોરણ 9 ના વિજ્ઞાન વિષયના પસંદિત પ્રયોગો માટે વિદ્યાર્થીની સિદ્ધિના માપન માટે સિદ્ધિ કસોટીની સંરચના કરવી.
3. ધોરણ 9 ના વિજ્ઞાન વિષયના પસંદિત પ્રયોગો માટે વિદ્યાર્થીઓના પ્રયોગ પદ્ધતિ અને પરંપરાગત પદ્ધતિની અસરકારકતા તપાસવી.
4. વિદ્યાર્થીઓના પ્રયોગ પદ્ધતિ અંગેના અભિપ્રાયો જાણવા માટે અભિપ્રાયાવલીની સંરચના કરવી.

સંશોધનની ઉત્કલ્પનાઓ:

1. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથનાં વિદ્યાર્થીએ સિદ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
2. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ કુમારોએ સિદ્ધિ કસોટીમાં મેળવેલ સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
3. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ કન્યાઓએ સિદ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
4. પ્રાયોગિક જૂથના કુમારો અને કન્યાઓએ સિદ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

સંશોધનના ચલ: સ્વતંત્ર ચલ :શૈક્ષણિક અધ્યાપન પદ્ધતિઓ, પરતંત્ર ચલ : શૈક્ષણિક સિદ્ધિ, પરિવર્તક ચલ : જાતિયતા
અંકુશિત ચલ : ધોરણ, વિષય, આંતરવર્તીય ચલ :રસ, રુચિ, વિષય પ્રત્યેનું વલણ

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પધ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમુનો : પાલનપુર તાલુકાનાં શહેરી વિસ્તારની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના ધોરણ- 9 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૈકી નમૂના તરીકે 60 વિધાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

ઉપકરણ : સ્વ-રચિત સિદ્ધિ કસોટી

પૃથકકરણની રીત : સિદ્ધિ કસોટી પર મેળવેલ માહિતીનું એકત્રીકરણ કરીને ટી-કસોટી અને $X^2$ દ્વારા (કાઈ વર્ગ) સાર્થકતાની કક્ષા નક્કી કરવામાં આવી હતી.

સંશોધનના તારણો :

શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતાં પ્રયોગ પદ્ધતિ દ્વારા શિક્ષણની ધનાત્મક અસર જોવા મળી હતી. શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં પ્રયોગ પદ્ધતિ દ્વારા શિક્ષણ કરતા કુમારોએ વ્યાખ્યાન પદ્ધતિના કુમારોની તુલનામાં વધુ અસરકારકતા જોવા મળી હતી .શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં પ્રયોગ પદ્ધતિ દ્વારા શિક્ષણ કરતી કન્યાઓએ વ્યાખ્યાન પદ્ધતિની કન્યાઓની તુલનામાં વધુ અસરકારકતા જોવા મળી હતી .પ્રયોગ પદ્ધતિ દ્વારા શિક્ષણ કરતા કુમારો અને કન્યાઓના શૈક્ષણિક સંદર્ભમાં સમાન અસરકારકતા જોવા મળી હતી.

સંશોધનના ફલિતાર્થ :

શિક્ષકોએ પ્રયોગ પદ્ધતિ દ્વારા શિક્ષણ કાર્ય કરવું જોઈએ. શાળાના આચાર્ય શિક્ષકોને પ્રયોગ પદ્ધતિ માટે સાહિત્ય તૈયાર કરવા સેમિનાર વર્કશોપ વગેરે યોજવા જોઈએ. શિક્ષકે વિષયવસ્તુને અનુરૂપ પ્રયોગોનો ઉપયોગ કરી અધ્યાપન કાર્ય કરવું જોઈએ.તથા સરકારે શિક્ષકોની હેન્ડબુકમાં પ્રયોગ દ્વારા શિક્ષણનો ઉપયોગ કરવો જોઈએ.ઉપરાંત સરકારે પ્રયોગ પદ્ધતિનું સાહિત્ય તૈયાર કરવા વર્કશોપનું આયોજન કરવું જોઈએ.

ઉપસંહાર :

ધોરણ 9 ના વિજ્ઞાન વિષયમાં પસંદિત પ્રયોગો માટે પ્રયોગ પદ્ધતિ અને પરંપરાગત પદ્ધતિનો તુલનાત્મક અભ્યાસ આ સંશોધકે માત્ર પસંદિત પ્રયોગો માટે આ પ્રકારના કાર્યક્રમો બનાવીને તેની અજમાયશ કરી તેના વડે પરિણામો યોગ્ય જોવા મળેલ છે. વિજ્ઞાન વિષયની વિવિધ શાખાઓ જેવી કે, ભૌતિક વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, રસાયણશાસ્ત્ર જેવા વિષયોને

રસમય બનાવવા આ પ્રકારના કાર્યક્રમ ખૂબ જ ઉપયોગી પુરવાર થાય તથા શિક્ષણ સાથે સંકળાયેલ સૌને આ દિશામાં વિચારવા અને પ્રયત્નશીલ બનાવવા આ સંશોધન પ્રેરક બનશે,

ચાવીરૂપ શબ્દો : વિજ્ઞાન પ્રયોગ, શૈક્ષણિક પદ્ધતિ, પ્રયોગ પદ્ધતિ

<u>સંશોધન સારાંશ</u> 31

**સંશોધક : નાઈ અનિતાબેન ડી.**

**કોલેજ : શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર**

**માર્ગદર્શક : ડૉ. જ્યોત્સનાબેન એલ. બારડ**

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** : 2021-23 / HNGU, Patan / M.Ed.

**સંશોધન શીર્ષક :**

**બી.એડ્ કોલેજના અભ્યાસક્રમમાં આંતરિક મૂલ્યાંકનથી થતી અસરો અંગે અધ્યાપકો અને પ્રશિક્ષણાર્થીઓના અભિપ્રાયોનો અભ્યાસ**

A Study On Opinion Of Teachers And Trainees On The Effect of Internal Evaluation In B. Ed Course.

**સંશોધનનું ક્ષેત્ર: શૈક્ષણિક પરીક્ષણ અને મૂલ્યાંકન, ઉચ્ચ શિક્ષણ, શિક્ષક – પ્રશિક્ષણ, પૂર્વસેવા અને સેવાકાલીન**

**સંશોધનના હેતુઓ :**

1. બી. એડ્ કોલેજના અધ્યાપકોના અને પ્રશિક્ષણાર્થીઓના આંતરિક મૂલ્યાંકન અંગેના અભિપ્રાયો જાણવા અભિપ્રાયાવલિની સંરચના કરવી.

**સંશોધનના પ્રશ્નો :**

1. બી.એડ્ કોલેજના અધ્યાપકોના અને પ્રશિક્ષણાર્થીઓના આંતરિક મૂલ્યાંકનના અભિપ્રાયો માટે રચેલ અભિપ્રાયાવલિ ઉપકરણ તરીકે અસરકારક નીવડશે?
2. બી.એડ્ કોલેજના અધ્યાપકોને અને પ્રશિક્ષણાર્થીઓને આંતરિક મૂલ્યાંકન દરમિયાન વર્ગખંડ શિક્ષણકાર્યમાં કેવા પ્રકારની મુશ્કેલીઓ અનુભવાતી હશે?
3. બી.એડ્ કોલેજના અધ્યાપકોને અને પ્રશિક્ષણાર્થીઓને સહઅભ્યાસિક પ્રવૃતિઓ માટે પડતી માનસિક તકલીફો કઈ કઈ હશે?

**સંશોધનનો પ્રકાર** : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પધ્ધતિ** : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો** : બનાસકાંઠા જિલ્લાની પાલનપુર તાલુકાની માતૃશ્રી એસ.એસ. ગોવિંદા બી.એડ્ કોલેજ,પાલનપુર ના અધ્યાપકો અને પ્રશિક્ષણાર્થીઓ વ્યાપવિશ્વ અને નમૂના તરીકે લીધેલા હતા.

**ઉપકરણ :** સ્વ રચિત અભિપ્રાયાવલિ

**પૃથકકરણની રીત** : સાદી ટકાવારી દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો :**

અધ્યાપકોની અભિપ્રાયવલિના પરિણામ પરથી તારણ મળે છે કે પ્રશિક્ષણાર્થીઓ સમગ્ર મૂલ્યાંકનની બાબતમાં ઓછો રસ ધરાવતા જોવા મળે છે અને સૌથી વધુ શિક્ષણ કાર્યની બાબતમાં અભિરૂચી ધરાવે છે. પ્રશિક્ષણાર્થીઓની અભિપ્રયાવલિના પરિણામ પરથી કહી શકાય છે કે પ્રશિક્ષણાર્થીઓ સમગ્ર મૂલ્યાંકનની બાબતમાં ઓછો રસ ધરાવે છે અને શિક્ષણ કાર્યના ક્ષેત્રમાં વધુ રસ ધરાવે છે. આંતરિક મૂલ્યાંકનનું પરિણામમાં ગુણાંકન ન હોવા છતાં પ્રશિક્ષણાર્થીઓની આંતરિક મૂલ્યાંકનની પ્રવૃત્તિઓમાં તેમનું હકારાત્મક વલણ જોવા મળે છે. આંતરિક મૂલ્યાંકનનું ગુણાંકન ન હોવાથી પ્રશિક્ષણાર્થીઓ માનસિક ચિંતા મુક્ત રહે છે. પ્રશિક્ષણાર્થીઓમાં વર્તમાન મૂલ્યાંકન પદ્ધતિથી સંતુષ્ટ જોવા મળે છે.

**સંશોધનના ફલિતાર્થ :**

**પ્રસ્તુત અભ્યાસમાં અભીપ્રાયાવલિ દ્વારા મળેલ તારણો પરથી કહી શકાય કે પ્રશિક્ષણાર્થીઓ આંતરિક મૂલ્યાંકનનું ગુણાંકનમાં સ્થાન ન હોવાથી અમુક પ્રવૃત્તિઓમાં સમજાવવું જોઈએ અને માત્ર આ પ્રવૃત્તિને ગુણાંકનના સંદર્ભમાં ન મુલવતાં પ્રશિક્ષણાર્થીઓની આવડતો, ક્ષમતાઓ અને કૌશલ્યના વિકાસ માટે પણ મહત્વ બતાવી આવી પ્રવૃત્તિઓમાં પ્રશિક્ષણાર્થીઓની રસ અને અભિરુચિ વધે તેવા પ્રયત્નો કરવા જોઈએ.**

**ઉપસંહાર :**

**પ્રસ્તુત સંશોધનમાં બી. એડ્ કોલેજના અભ્યાસક્રમમાં આંતરિક મૂલ્યાંકનથી થતી અસરો અંગેના અભિપ્રાયોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. તેમાં સંશોધનનું ક્ષેત્ર શૈક્ષણિક પરીક્ષણ અને મૂલ્યાંકન અને ઉચ્ચ શિક્ષણ હતું જેમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમાં બે હેતુઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સંશોધનના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની માતૃશ્રી એસ. એસ. ગોવિંદા બી.એડ્ કોલેજનો સમાવેશ કરવામાં આવ્યો હતો તેમાં નમૂના તરીકે 78 પ્રશિક્ષણાર્થીઓ અને 5 અધ્યાપકો લીધેલ છે. આંતરિક મૂલ્યાંકનનું પરિણામમાં ગુણાંકન ન હોવા છતાં પ્રશિક્ષણાર્થીઓની આંતરિક મૂલ્યાંકનની પ્રવૃત્તિઓમાં તેમનું હકારાત્મક વલણ જોવા મળે છે. આંતરિક મૂલ્યાંકનનું ગુણાંકન ન હોવાથી પ્રશિક્ષણાર્થીઓ માનસિક ચિંતા મુક્ત રહે છે. પ્રશિક્ષણાર્થીઓમાં વર્તમાન મૂલ્યાંકન પદ્ધતિથી સંતુષ્ટ જોવા મળે છે.**

**ચાવીરૂપ શબ્દો : આંતરિક મૂલ્યાંકન, પ્રશિક્ષણાર્થી**

**<u>સંશોધન સારાંશ</u>** 32

**સંશોધક : ઇલાસરીયા ભાવેશકુમાર બી.**

**કોલેજ : શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર**

**માર્ગદર્શક : શ્રીમતી તનુશ્રી એસ. ભાર્ગવ**

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** : 2021-23 / HNGU, Patan / M.Ed.

**સંશોધનનું શીર્ષક :**

**ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક વર્ષ 2018-19 ના વર્ષથી ધોરણ 9 માં અમલી બનેલ** N.C.E.R.T **પાઠ્યપુસ્તકો પરત્વે વિદ્યાર્થીઓ,વાલીઓ અને શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ**

A Study of Opinions of the Students, Teacher and Parents Regarding New N.C.E.R.T. Textbooks of 9th Standard in force From Academic Year 2018-19 in Gujarat State

**સંશોધનનું ક્ષેત્ર : માપન અને મૂલ્યાંકન, અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક, માધ્યમિક શિક્ષણ**

**સંશોધનના હેતુઓ :**

**1 .ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ 9ના જુન 2018 થી અમલમાં આવેલા પાઠ્યપુસ્તક પરત્વે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓના અભિગમ જાણવા માટે અભિપ્રાયવલીઓની રચના કરવી.**

**2 ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ 9ના જૂન 2018 થી અમલમાં આવેલા પાઠ્યપુસ્તક પરત્વે વિદ્યાર્થીઓના, શિક્ષકોના અને વાલીઓના અભિપ્રાયો જાણવા.**

**અભ્યાસના પ્રશ્નો :**

**1 ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ- 9 માં જૂન 2018 થી અમલમાં આવેલા નવા પાઠ્યપુસ્તક પરત્વે વિદ્યાર્થીઓના, શિક્ષકોના અને વાલીઓના અભિપ્રાયો કેવા હશે?**

**2. ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ- 9 માં જૂન 2018 થી અમલમાં આવેલા નવા પાઠ્યપુસ્તકો આવનાર ભવિષ્ય માટે કેટલા અંશે ઉપયોગી નીવડશે ?**

**સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ : વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો; પરતંત્ર ચલ : વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોના અભિપ્રાયો ; અંકુશિત ચલ : ધોરણ , ગુજરાતી માધ્યમ અને બનાસકાંઠા જિલ્લો**

**સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન**

સંશોધનની પધ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના ગુજરાતી માધ્યમના ધોરણ 9માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ , તેમના વાલીઓ અને વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતા શિક્ષકો પૈકી ધોરણ 9 ની પાંચ શાળાઓ, તેમાં અભ્યાસ કરતા 200 વિદ્યાર્થીઓ, 50 શિક્ષકો અને 50 વાલીઓ નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

ઉપકરણ : સ્વ રચિત અભિપ્રાયાવલી

પૃથક્કરણની રીત :માહિતીનું એકત્રીકરણ કરીને $X^2$ દ્વારા (કાઈ વર્ગ) સાર્થકતાની કક્ષા નક્કી કરવામાં આવી હતી.

સંશોધનના તારણો :

વિદ્યાર્થીઓને આ પાઠ્યપુસ્તકો ભણવામાં રસપ્રદ લાગે છે. જ્યારે શિક્ષકોને આ પાઠ્યપુસ્તકો ભણાવવામાં ઓછા રસપ્રદ લાગે છે. પાઠ્યપુસ્તકોમાં વિષયવસ્તુની રજૂઆત અને તેમાં રહેલ શબ્દભંડોળનો અર્થ વિદ્યાર્થીઓ જાતે સમજી શકતા નથી તેવું તેમને લાગે છે જ્યારે શિક્ષકોનું માનવું છે કે વિદ્યાર્થીઓ જાતે સમજી શકે તેવું છે. શિક્ષકોને પાઠ્યપુસ્તકનું કદ મોટું લાગે છે જ્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓને યોગ્ય લાગે છે.

સંશોધનના ફલિતાર્થ :

પ્રસ્તુત અભ્યાસમાં અભિપ્રાયવલીની મદદથી ધોરણ 9 ના N.C.E.R.T પાઠ્યપુસ્તકો અંગેના વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોના અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતા. આમ અભિપ્રાયાવલીની મદદથી કોઈપણ ધોરણના પાઠ્યપુસ્તક વિશેના વિદ્યાર્થીઓ, શિક્ષકો ,વાલીઓ અને આચાર્યોના અભિપ્રાય મેળવી શકાય છે.

ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધનનો હેતુ ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક વર્ષ 2018 ના વર્ષથી ધોરણ 9 માં અમલી બનેલ N.C.E.R.T પાઠ્યપુસ્તકો પરત્વે વિદ્યાર્થીઓ,વાલીઓ અને શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ કરવાનો હતો આ સંશોધનની પદ્ધતિ તરીકે સર્વક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમના ધોરણ 9માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ , તેમના વાલીઓ અને વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતા શિક્ષકો લેવામાં આવ્યા હતા. તથા નમુના તરીકે 200 વિદ્યાર્થીઓ , 50 શિક્ષકો અને 50 વાલીઓ પસંદ કરવામાં આવ્યા હતા. પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે સ્વયંરચિત અભિપ્રાયવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અને આ સંશોધનમાં માહિતીનું પૃથકકરણ કાઇ-વર્ગની રીતે કરવામાં આવ્યું હતું. તેના પરથી જાણવા મળ્યું કે વિદ્યાર્થીઓને આ પાઠ્યપુસ્તકો ભણવામાં રસપ્રદ લાગે છે. જ્યારે શિક્ષકોને આ પાઠ્યપુસ્તકો ભણાવવામાં ઓછા રસપ્રદ લાગે છે અને વાલીઓને યોગ્ય લાગે છે.

ચાવીરૂપ શબ્દો : N.C.E.R.T, અભિપ્રાય

<u>સંશોધન સારાંશ </u>33

સંશોધક : પટેલ દેવાક્ષીબેન ડી.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ.એડ્ કોલેજ પાલનપુર

માર્ગદર્શક : ડૉ. જ્યોત્સનાબેન એલ. બારડ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધનનું શીર્ષક :

ધોરણ 8 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના પસંદિત એકમો માટે પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્યક્રમની રચના અને અસરકારકતા.

Constucation and Effectiveness of Activity Based Eduction Programme on selected Units of Science and Technology Subject For Std. 8

સંશોધનનુંક્ષેત્ર : માપન અને મૂલ્યાંકન, પ્રાથમિક શિક્ષણ, અધ્યાપન પ્રયુક્તિ અને વિજ્ઞાન શિક્ષણ

સંશોધનના હેતુઓ :

1. ધોરણ 8 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના પસંદિત એકમો આધારિત પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્યક્રમની સંરચના અને અજમાયશ કરવી.

2. ધોરણ 8 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના પસંદિત એકમો આધારિત પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ અનેવ્યાખ્યાન પદ્ધતિની અસરકારકતા ચકાસવા માટે શૈક્ષણિક સિદ્ધિ કસોટીની સંરચના કરવી.
3. ધોરણ 8 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના પસંદિત એકમો આધારિત પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્યક્રમની જાતીયતાના સંદર્ભમાં અસર તપાસવી.
4. ધોરણ 8 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના પસંદિત એકમો આધારિત પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ અને વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા શિક્ષણની અસરકારકતા ચકાસવી.

સંશોધનના ઉત્કલ્પનાઓ:

1 પ્રાયોગિક જૂથના કુમાર અને કન્યાઓએ એકમ આધારિત સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

2 નિયંત્રિત જૂથના કુમાર અને કન્યાઓએ એકમ આધારે સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

3 પ્રાયોગિક જૂથના કુમાર અને નિયંત્રિત જૂથના કુમાર વિદ્યાર્થીઓએ સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

પ્રાયોગિક જૂથની કન્યાઓ અને નિયંત્રિત જૂથની કન્યા વિદ્યાર્થીઓએ સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ : પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ પદ્ધતિ, વ્યાખ્યાન પદ્ધતિ ; પરિવર્તક ચલ : કુમાર અને કન્યા ; પરતંત્ર ચલ : શૈક્ષણિક સિદ્ધિ કસોટી પરના પ્રાપ્તાંકો ; નિયંત્રિત ચલ : ધોરણ, માધ્યમ, વિષય, વિષયવસ્તુ ; આંતરવર્તી ચલ : રસ અને રુચિ,વલણ, વ્યક્તિગત તફાવત , જૂથો વચ્ચેની આંતરક્રિયા, પ્રયોગનું નાવિન્ય

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પદ્ધતિ : પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓમાં વર્ષ 2021-22 દરમિયાન ધોરણ-8 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી નમૂના તરીકે યાદચ્છિક નમૂના પદ્ધતિની રીતે પાલનપુર તાલુકાની કે. બી કર્ણાવત પ્રાથમિક શાળામાંથી ધોરણ-8 ના 60 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

ઉપકરણ : સ્વ-રચિત સિદ્ધિકસોટી અને અભિપ્રાયાવલિ

પૃથક્કરણની રીત : સિદ્ધિ કસોટી પર મેળવેલ માહિતીનું પૃથકકરણ t-ટેસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું અને અભિપ્રાયાવલિના આધારે મેળવેલ માહિતીનું પૃથકકરણ કાઈવર્ગ દ્વારા કરવામાં આવ્યું હતું.

સંશોધનના તારણો :

ઉત્કલ્પનાના સંદર્ભમાં તારણો:

નિયંત્રિત જૂથના કુમારોની શૈક્ષણિક સિદ્ધિ કન્યાઓની બાબતમાં ચઢિયાતી જોવા મળી હતી. પ્રાયોગિક જૂથના કુમારોએ નિયંત્રિત જૂથના કુમારો કરતા ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. પ્રાયોગિક જૂથની કન્યાઓએ નિયંત્રિત જૂથની કન્યાઓ કરતા ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

અભિપ્રાયાવલિના સંદર્ભમાં તારણો:

પ્રવૃત્તિ દ્વારા શિક્ષણથી શીખેલું ગોખવું પડતું નથી. વ્યાખ્યાન પદ્ધતિ કરતા પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ પદ્ધતિથી ભણવું વધુ ગમે છે. પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ પદ્ધતિ જ્ઞાન સાથે ગમ્મત આપે છે. પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ પદ્ધતિથી શીખવામાં એકાગ્રતા વધે છે. પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ પદ્ધતિથી ભણવામાં વધુ રસ પડે છે. પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ પદ્ધતિથી શીખેલું લાંબા સમય સુધી યાદ રહે છે.

સંશોધનના ફલિતાર્થ :

પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્યક્રમ એ શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતા વધુ અસરકારક રહ્યો હતો. વર્ગશિક્ષણમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતા નાવિન્યતા ધરાવતો પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્યક્રમ વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવ પૂરો પાડે તે પ્રકારનું આયોજન કરવું જોઈએ. શિક્ષકોએ વિવિધ એકમો માટે પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્યક્રમ યોજવા માટે વિવિધ

પ્રવૃત્તિઓની તાલીમ મેળવવી જોઈએ. પાઠ્યપુસ્તકની જટિલ રજૂઆત ધરાવતા એકમો માટે પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્યક્રમ તૈયાર કરી તેનો વર્ગખંડમાં ઉપયોગ કરી શકાય. શાળાઓમાં વર્ગશિક્ષણ દરમિયાન એકમો માટે પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્યક્રમનો ઉપયોગ કરી શકાય તે માટે શાળા સંચાલકોએ જરૂરી સુવિધા પૂરી પાડવી જોઈએ.

**ઉપસંહાર :**

પ્રસ્તુત સંશોધનમાં ધોરણ-8 ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના પસંદિત એકમો માટે પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્યક્રમની રચના અને અસરકારકતા પર હાથ ધરેલ હતું. જેમાં વ્યવહારિક સંશોધન સંખ્યાત્મક પ્રકારનું હતું. આ પ્રાયોગિક સંશોધનમાં પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓમાં વર્ષ 2021- 22 દરમિયાન ધોરણ-8 ના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વ્યાપવિશ્વ બન્યા હતા. સંશોધનમાં સિદ્ધિ કસોટી પર મેળવેલ માહિતીનું પૃથક્કરણ t- ટેસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. અભિપ્રાયાવલિના આધારે મેળવેલ માહિતીનું પૃથક્કરણ કાઇવર્ગ દ્વારા કરવામાં આવ્યું હતું. જે પરથી તારવવામાં આવ્યું હતું કે, પ્રાયોગિક જૂથના કુમારોએ નિયંત્રિત જૂથના કુમારો કરતા ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. એટલે કે વ્યાખ્યાન પદ્ધતિ કરતા પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ પદ્ધતિથી ભણવું વધુ ગમેછે.

ચાવીરૂપ શબ્દો : વિજ્ઞાન અને ટેકનોલોજી, પ્રવૃત્તિ શિક્ષણ, શૈક્ષણિક સિદ્ધિ

<u>સંશોધન સારાંશ</u> 34

સંશોધક : પરમાર હાર્દિકાબેન વી.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ.એડ્ કોલેજ પાલનપુર

માર્ગદર્શક : ડૉ. છાયાબેન એમ. ત્રિવેદી

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

ધોરણ-11 ના જીવ વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ આધારિત પ્રશ્નબેંક સંરચના

Construction Of A Question Bank Based On Syllabus Of Biology Subject Of Standard 11

સંશોધનનું ક્ષેત્ર : શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન, વિજ્ઞાન શિક્ષણ

સંશોધનના હેતુઓ :

1. ધોરણ-11 ના જીવ વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ આધારિત પ્રશ્નબેંકની સંરચના કરવી.
2. ધોરણ-11 ના જીવ વિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ આધારિત હેતુલક્ષી, ટૂંક જવાબી, મધ્યમ જવાબી તથા વિસ્તૃત પ્રકારના પ્રશ્નોની રચના કરવી.
3. રચાયેલા પ્રશ્નોની તજજ્ઞ અભિપ્રાય દ્વારા તથા અગાઉની પરીક્ષાના પ્રશ્નપત્રોની મદદથી યોગ્યતા તપાસવી.

સંશોધનની ઉત્કલ્પના :

1. ધોરણ-11 ના જીવવિજ્ઞાન વિષયના હેતુલક્ષી પ્રશ્નો યોગ્યતાની દ્રષ્ટિએ કેવા હશે?
2. ધોરણ-11 ના જીવવિજ્ઞાન વિષયના ટૂંક જવાબી પ્રશ્નો યોગ્યતાની દ્રષ્ટિએ કેવા હશે?
3. ધોરણ-11 ના જીવવિજ્ઞાન વિષયના મધ્યમ જવાબી પ્રશ્નો યોગ્યતાની દ્રષ્ટિએ કેવા હશે
4. ધોરણ 11 ના જીવ વિજ્ઞાન વિષયના વિસ્તૃત પ્રકારના પ્રશ્નો યોગ્યતાની દ્રષ્ટિએ કેવા હશે?

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પદ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો :

ધોરણ-11 નું જીવ વિજ્ઞાન વિષયનું પાઠ્યપુસ્તક, ધોરણ-11 ના જીવવિજ્ઞાન વિષયના 22 પ્રકરણો, વર્ષ 2019, 2021 તથા 2022 ના વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રો તથા તજજ્ઞ અભિપ્રાય માટે 10 જીવ વિજ્ઞાન વિષયના શિક્ષકો.

ઉપકરણ : સ્વરચિત પ્રશ્નબેંક મૂલ્યાંકન પત્રક

પૃથક્કરણની રીત : સાદી ટકાવારી દ્વારા માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

સંશોધનના તારણો :

રચવામાં આવેલા પ્રશ્નો તજજ્ઞ અભિપ્રાયના આધારે યોગ્ય હતા. રચવામાં આવેલા પ્રશ્નો અગાઉના ત્રણ વર્ષની વાર્ષિક પરીક્ષામાં પુછાયેલા પ્રશ્નપત્રોના પ્રશ્નોના આધારે યોગ્ય હતા. પ્રશ્નબેંકના 946 પ્રશ્નોમાંથી 525 પ્રશ્નો સ્વીકૃત થયા હતા. પ્રશ્નબેંકના 946 પ્રશ્નોમાંથી 421 પ્રશ્નો અસ્વીકૃત થયા હતા.

સંશોધનના ફલિતાર્થ :

પ્રાશ્નિકો પ્રશ્નબેંકની મદદથી ધોરણ-11 ના પ્રશ્નપત્રમાં જીવવિજ્ઞાન પાઠ્યક્રમ પરના યોગ્ય પ્રશ્નો મૂકી શકશે. અભ્યાસ સલાહકારોને શિક્ષણ સુધારણા માટે ઉપયોગી બનશે. શિક્ષણને અસરકારક અને વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં ઉપયોગી બનશે. શિક્ષક વડે થયેલું અધ્યાપન કાર્ય કેટલું અસરકારક રહ્યું તે જાણવા માટે પ્રશ્નબેંક નો ઉપયોગ કરી શકાશે. શિક્ષક પોતાની શિક્ષણ પદ્ધતિનું મૂલ્યાંકન કરવા માટે પણ પ્રશ્નબેંકનો ઉપયોગ કરી શકશે. વિદ્યાર્થીઓ પરીક્ષામાં પુછાતા પ્રશ્નોની જાણકારી મેળવી શકશે.

ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ ધોરણ-11ના જીવવિજ્ઞાન વિષયના પાઠ્યક્રમ આધારિત પ્રશ્નબેંકની સંરચના કરવાનો હતો. જેમાં વ્યાપવિશ્વ તરીકે ધોરણ-11 નું જીવ વિજ્ઞાન વિષયનું પાઠ્યપુસ્તક લેવામાં આવ્યું હતું અને નમૂના તરીકે ધોરણ-11 ના જીવવિજ્ઞાન વિષયના 22 પ્રકરણ, 3 અગાઉની પરીક્ષાના પ્રશ્નપત્રો તથા 10 જીવવિજ્ઞાન વિષયના તજજ્ઞોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સંશોધનનું ક્ષેત્ર શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન તથા વિજ્ઞાન શિક્ષણ હતું. આ સંશોધન વ્યવહારિક પ્રકારનું હતું. સાદી ટકાવારી દ્વારા માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. સંશોધક દ્વારા રચિત પ્રશ્ન બેંકમાંથી 525 પ્રશ્નો સ્વીકૃત થયા હતા જે પ્રશ્ન બેંકમાં સમાવવામાં આવ્યા હતા. આ પ્રશ્નબેંક વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને ઉપયોગી થશે તથા આ સંશોધન ભાવિ સંશોધન કરી અન્ય વિષયની પ્રશ્નબેંક રચવા પ્રેરણા આપશે.

ચાવીરૂપ શબ્દો : જીવ વિજ્ઞાન, પાઠ્યક્રમ, સંરચના, પ્રશ્નબેંક

<u>સંશોધન સારાંશ 35</u>

સંશોધક : પરમાર હરકિશનલાલ ડી.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : શ્રીમતી તનુંશ્રી એસ. ભાર્ગવ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

ધોરણ 10 નાગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતાનો અભ્યાસ

Study of English Reading Comprehension Ability for Standard 10 Gujarati Medium Students

સંશોધનનું શ્રેત્ર : માપન અને મૂલ્યાંકન, માધ્યમિક શિક્ષણ, ભાષા શિક્ષણ

સંશોધનના હેતુઓ :

1. ધોરણ 10 ના ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા કાર્યક્રમની અસરકારકતા તપાસવા માટે સ્વ –નિર્મિત સિદ્ધિ કસોટીની રચના કરવી.
2. ધોરણ 10 નાગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા જાણવી.
3. ધોરણ 10 ના ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા કાર્યક્રમની અસરકારકતા વિસ્તારના સંદર્ભમાં તપાસવી.

સંશોધનની ઉત્કલ્પનાઓ :

1. ધોરણ 10 ના ગુજરાતી માધ્યમના ગ્રામ્ય વિસ્તારના કુમારો અને કન્યાઓએ વાંચન અર્થગ્રહણ ક્ષમતા કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

2. ધોરણ 10 ના ગુજરાતી માધ્યમના શહેરી વિસ્તારના કુમારો અને કન્યાઓએ વાંચન અર્થગ્રહણ ક્ષમતા કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
3. ધોરણ 10 ના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કુમારોએ વાંચન અર્થગ્રહણ ક્ષમતા કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ : જાતિ અને વિસ્તાર, અંકુશીત ચલ : વયજૂથ: પરતંત્ર ચલ : અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા, આંતરવર્તીય ચલ : વિદ્યાર્થીઓના વ્યક્તિગત તફાવતો, વલણ

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પધ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની ગ્રામ્ય અને શહેરી વિસ્તારની શાળાઓમાં 2022 - 23 માં ધોરણ – 10 માં અભ્યાસ કરતાં કુલ-120 વિદ્યાર્થીઓને સહેતુક નમૂના પદ્ધતિ દ્વારા પસંદ કરવામાં આવ્યા.

ઉપકરણ : સ્વ રચિત અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા કસોટી

પૃથકકરણની રીત : સંશોધક દ્વારા વિદ્યાથીઓની અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતાના અભ્યાસ માટે કસોટીના આધારે સરાસરી, પ્રમાણ વિચલન અને પ્રમાણ વિચલન ભૂલની ગણતરી કરી હતી. પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થકતા જાણવા માટે ટી-ટેસ્ટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સંશોધનના તારણો:

1. ધોરણ 10 નાગુજરાતી માધ્યમના વિદ્યાથીઓ માટે અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા કાર્યક્રમ અસરકારક રહ્યો ન હતો.
2. ગ્રામ્ય વિસ્તારના કુમારો અને કન્યાઓ માટે વાંચન અર્થગ્રહણ ક્ષમતા કાર્યક્રમની હકારાત્મક અસર જોવા મળી ન હતી. માટે ગ્રામ્ય વિસ્તારના કુમારો અને કન્યાઓ માટે વાંચન અર્થગ્રહણ કાર્યક્રમ અસરકારક રહ્યો ન હતો.
3. શહેર વિસ્તારના કુમારો અને કન્યાઓ માટે વાંચન અર્થગ્રહણ ક્ષમતા કાર્યક્રમની અસર જોવા મળી ન હતી. માટે શહેરી વિસ્તારના કુમારો અને કન્યાઓ માટે વાંચન અર્થગ્રહણ કાર્યક્રમ અસરકારક રહ્યો ન હતો.
4. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કુમારો માટે અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. ગ્રામ્ય વિસ્તારના કુમારોની અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા વધુ જોવા મળી હતી. માટે ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કુમારો માટે વાંચન અર્થગ્રહણ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.
5. ગ્રામ્ય અને શહેરી વિસ્તારની કન્યાઓ માટે અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા કાર્યક્રમ અસરકારક રહ્યો ન હતો. માટે ગ્રામ્ય અને શહેરી વિસ્તારની કન્યાઓ માટે વાંચન અર્થગ્રહણ કાર્યક્રમ અસરકારક રહ્યો ન હતો.

શૈક્ષણિક ફલિતાર્થ :

ધોરણ 10 ગુજરાતી માધ્યમના વિદ્યાથીઓ માટે અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા કાર્યક્રમ અસરકારક જોવા મળ્યો ન હતો. ગ્રામ્ય વિસ્તારના કુમારો અને કન્યાઓ માટે વાંચન અર્થગ્રહણ ક્ષમતા કાર્યક્રમની હકારાત્મક અસર જોવા મળી ન હતી. માટે ગ્રામ્યવિસ્તારના કુમારો અને કન્યાઓ માટે વાંચન અર્થગ્રહણ કાર્યક્રમ અસરકારક જોવા મળ્યો ન હતો. શહેરી વિસ્તારના કુમારો અને કન્યાઓ માટે વાંચત અર્થગ્રહણ ક્ષમતાકાર્યક્રમની હકારાત્મક અસર જોવા મળી ન હતી. માટે શહેરી વિસ્તારના કુમારો અને કન્યાઓ માટે વાંચન અર્થગ્રહણ કાર્યક્રમ અસરકારક જોવા મળ્યો ન હતો. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કુમારો માટે અંગ્રેજી વાંચન અર્થગ્રહ ક્ષમતા કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. માટે, ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કુમારો માટે વાંચન અર્થગ્રહણ કાર્યક્રમ અસરકારક જોવા મળ્યો હતો. ગ્રામ્ય અને શહેરી વિસ્તારની કન્યાઓ માટે અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા કાર્યક્રમ અસરકારક રહ્યો નહતો. માટે ગ્રામ્ય અને શહેરી વિસ્તારની કન્યાઓ માટે વાંચન અર્થગ્રહણ કાર્યક્રમ અસરકારક જોવા મળ્યો હતો.

ઉપસંહાર :

પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ 10 નાં ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા કાર્યક્રમની અસરકારક્તા ગ્રામ્ય અને શહેરી વિસ્તારના સંદર્ભમાં તપાસવી તેમુખ્ય હેતું હતો. તેમાં અલગ અલગ સંદર્ભે દ્વારા

અભ્યાસ કરવામાં આવ્યો છે. એમાં સંદર્ભે સાહિત્યની સમીક્ષા પણ કરવામાં આવી છે. તથા અભ્યાસ માટે ધોરણ 10 ના ગુજરાતી માધ્યમના અંગ્રેજી વિષયના પાઠ્યપુસ્તકનો આધાર તરીકે ઉપયોગ કરાયો હતો અને સ્વનિર્મિત કસોટી દ્વારા મળેલ પ્રાપ્તાંકોની સરાસરીની સાર્થકતા ટી- કસોટીથી તપાસવામાં આવી હતી.
ચાવીરૂપ શબ્દો : વાંચન, અર્થગ્રહણ ક્ષમતા, ભાષા શિક્ષણ

<u>સંશોધન સારાંશ 36</u>
સંશોધક : જોશી કિંજલબેન બી.
કોલેજ : શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર
માર્ગદર્શક : શ્રી જયંતિભાઈ વી. પટેલ
વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.
સંશોધનનું શીર્ષક :
બનાસકાંઠા જીલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકોએ કરેલ નવતર પ્રયોગની અસરકારકતાનો અભ્યાસ
A study of the Effectiveness of an Innovative Experiment By primary school teachers of Banaskantha District

સંશોધનનું ક્ષેત્ર : માપન અને મૂલ્યાંકન, સર્જનાત્મકતા અને સુધારણા, પ્રાથમિક શિક્ષણ
સંશોધનના હેતુઓ:
બનાસકાંઠા જીલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકોએ કરેલ નવતર પ્રયોગની અસરકારકતાનો અભ્યાસ કરવો.
સંશોધનની ઉત્કલ્પનાઓ:
1) પ્રાથમિક શાળાઓમાં કેવા પ્રકારના નવતર પ્રયોગો થઇ રહ્યા છે.?
2) નવતર પ્રયોગો માટે શિક્ષક કેટલો રસ ધરાવે છે.
3) બનાસકાંઠા જિલ્લામાં કેવા પ્રકારના નવતર પ્રયોગનું આયોજન કરવામાં આવે છે.
4) બનાસકાંઠા જિલ્લામાં પ્રયોગની અસરકારકતા વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો પર કેવી પડે છે.
સંશોધનના પ્રશ્નો :
૧) નવા પાઠ્યક્રમ તથા જુના પાઠ્યક્રમમાં કુલ કેટલા એકમો છે?
૨) નવા પાઠ્યક્રમ તથા જૂના પાઠ્યક્રમમાં સમાન એકમો કયા છે?
સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી ગુણાત્મક સંશોધન
સંશોધનની પધ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ
વ્યાપવિશ્વ અને નમૂનો : બનાસકાંઠા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો પૈકી વિશિષ્ટ શિક્ષકોનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો.
ઉપકરણ : સ્વ- રચિત ઉપકરણમાં શિક્ષકોએ કરેલ નવતર પ્રયોગ અંગેની વિગતનું આલેખન પત્ર
પૃથક્કરણની રીત : પ્રસ્તુત સંશોધનમાં નમૂનામાં સમાવિષ્ટ કરેલ શિક્ષકોએ કરેલ નવતર પ્રયોગની માહિતી અહેવાલ રૂપે હતી. તેથી તે માહિતીનું વિષયવસ્તુ વિશ્લેષણ રીતે પૃથક્કરણ કરવામાં આવેલ છે.
સંશોધનના તારણો :

શાળા કક્ષાએ બાળમિત્ર વર્ગ, ઇકો કોર્નર, હેલ્થ કોર્નર, સ્ટડી કોર્નર વિકસાવી શિક્ષણ પ્રક્રિયામાં તેનો ઉપયોગ કરવાથી શૈક્ષણિક ગુણવત્તા સુધારણા થઈ શકે છે. આ પ્રકારના વર્ગ કે કોર્નર થકી બહુશ્રેણીય શિક્ષણ પણ થઈ શકે છે. કલ્ચર કલબ અંતર્ગત વિવિધ તહેવારોની ઉજવણી,દિન- વિશેષની ઉજવણી, નાટક, રાસગરબા, વક્તવ્ય, વક્તૃત્વ સ્પર્ધા, દેશભક્તિ ગીત, સ્વચ્છતા જાળવણી, સમાજ જાગૃતિ, વ્યસન મુક્તિ જેવા કાર્યક્રમોનું શાળા કક્ષાએ આયોજન કરી બાળકોમાં સાંસ્કૃતિક મૂલ્યો વિકસિત કરી શકાય છે.

સંશોધનના ફલિતાર્થ-

લોક સહકાર પ્રાપ્ત કરવા માટે ગામ લોકોનો વિશ્વાસ પ્રાપ્ત કરવો જરૂરી છે. ગામ લોકોનો સહકાર પ્રાપ્ત કરી મહત્તમ પ્રમાણમાં દાન પ્રાપ્ત કરી શકાય છે. આ દાનની રકમનો ઉપયોગ શાળા વિકાસમાં કરી તેના થકી અપેક્ષિત પરિણામો મેળવી શકાય છે. શિક્ષકના સંનિષ્ઠ પ્રયાસો થકી શાળાનું આદર્શ ભૌતિક પરિસર નિર્માણ કરી શકાય છે અને શાળામાં મહત્તમ ભૌતિક સુવિધાઓની પ્રાપ્તિ થઈ શકે છે.

ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધન બનાસકાંઠા જિલ્લામાં નવતર પ્રયોગ કરનાર શિક્ષકોને અનુલક્ષીને હતું. આ શિક્ષકોએ કરેલ નવતર પ્રયોગોને અનુલક્ષીને પ્રાપ્ત થયેલ તારણો શિક્ષણક્ષેત્રે કાર્ય કરનાર સૌ કોઈ માટે ઉપયોગી સાબિત થઈ શકશે. શાળા કક્ષાએ બાળમિત્ર વર્ગ, ઇકો કોર્નર, હેલ્થ કોર્નર, સ્ટડી કોર્નર વિકસાવી શિક્ષણ પ્રક્રિયામાં તેનો ઉપયોગ કરવાથી શૈક્ષણિક ગુણવત્તા સુધારણા થઈ શકે છે. આ પ્રકારના વર્ગ કે કોર્નર થકી બહુશ્રેણીય શિક્ષણ પણ થઈ શકે છે. કલ્ચર કલબ અંતર્ગત વિવિધ તહેવારોની ઉજવણી,દિન- વિશેષની ઉજવણી, નાટક, રાસગરબા, વક્તવ્ય, વક્તૃત્વ સ્પર્ધા, દેશભક્તિ ગીત, સ્વચ્છતા જાળવણી, સમાજ જાગૃતિ, વ્યસન મુક્તિ જેવા કાર્યક્રમોનું શાળા કક્ષાએ આયોજન કરી બાળકોમાં સાંસ્કૃતિક મૂલ્યો વિકસિત કરી શકાય છે.

ચાવીરૂપ શબ્દો : શિક્ષકો, નવતર પ્રયોગો

<u>સંશોધન સારાંશ 37</u>

સંશોધક : મહુડીયા મોતીભાઈ જે.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : શ્રી પિયુષકુમાર કે. પંચોલી

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધનનું શીર્ષક :

ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક વર્ષ 2018-19 ના વર્ષથી ધોરણ-08 માં અમલી બનેલ N.C.E.R.T. પાઠ્યપુસ્તકો પરત્વે વિદ્યાર્થીઓ અને શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ

A Study of Opinions of the Students and Teachers Regarding N.C.E.R.T. Textbook of standard 8 in force from Academic year 2018-19 In Gujarat State

સંશોધનનું ક્ષેત્ર : માપન અને મૂલ્યાંકન , અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક , પ્રાથમિક શિક્ષણ

સંશોધનના હેતુઓ :

(1) ગુજરાત રાજ્યમાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષણના ધોરણ-08 માં જૂન 2018-19 થી અમલમાં આવેલા N.C.E.R.T. પાઠ્યપુસ્તકો પરત્વે વિદ્યાર્થીઓ અને શિક્ષકોના અભિગમ જાણવા માટે અભિપ્રાયાવલીઓની રચના કરવી.

(2) ગુજરાત રાજ્યમાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષણના ધોરણ-08 માં જૂન 2018-19 થી અમલમાં આવેલા N.C.E.R.T. પાઠ્યપુસ્તકો પરત્વે વિદ્યાર્થીઓ અને શિક્ષકોના અભિપ્રાયો જાણવા.

સંશોધનના પ્રશ્નો :

(1) ગુજરાત રાજ્યમાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષણના ધોરણ-08 માં જૂન 2018-19 થી અમલમાં આવેલા N.C.E.R.T. પાઠ્યપુસ્તક પરત્વે વિદ્યાર્થીઓના અભિપ્રાયો કેવા હશે?

(2) ગુજરાત રાજ્યમાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષણના ધોરણ-08 માં જૂન 2018-19 થી અમલમાં આવેલા N.C.E.R.T.પાઠ્યપુસ્તકો પરત્વે શિક્ષકોના અભિપ્રાયો કેવા હશે ?

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ :- વિદ્યાર્થીઓ અને શિક્ષકો; પરતંત્ર ચલ :- વિદ્યાર્થીઓ અને શિક્ષકોના અભિપ્રાયો; અંકુશિત ચલ :- ધોરણ-08, ગુજરાતી માધ્યમ અને અમીરગઢ તાલુકો

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પધ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો :** બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાની ગુજરાતી માધ્યમની ધોરણ-08 ની પ્રાથમિક શાળાઓના 200 વિદ્યાર્થીઓ અને 50 શિક્ષકો નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ :** અભીપ્રાયાવલી

**પૃથક્કરણની રીત :** અભિપ્રાયાવલિના આધારે મેળવેલ માહિતીનું પૃથક્કરણ કાઈવર્ગ દ્વારા કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો :**

વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકોનું કદ યોગ્ય લાગે છે જ્યારે શિક્ષકોને પાઠ્યપુસ્તકોનું કદ મોટું લાગે છે. વિદ્યાર્થીઓને ભણવામાં રસપ્રદ લાગે છે જ્યારે શિક્ષકોને પાઠ્યપુસ્તકો ભણાવવામાં ઓછા રસપ્રદ લાગે છે. વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકોનું ભારણ વધુ લાગતું નથી જ્યારે શિક્ષકોને પાઠ્યપુસ્તકોનું ભારણ વધુ હોય તેવું લાગે છે.

**સંશોધનના ફલિતાર્થ :**

પ્રસ્તુત અભ્યાસમાં અભિપ્રાયાવલીઓની મદદથી ધોરણ-08 ના N.C.E.R.T. પાઠયપુસ્તકો અંગેના વિદ્યાર્થીઓ અને શિક્ષકોના અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતાં. આમ અભિપ્રાયાવલીની મદદથી કોઈપણ ધોરણના પાઠ્યપુસ્તક વિશેના વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ તથા આચાર્યોના અભિપ્રાયો મેળવી શકાય છે.

**ઉપસંહાર :**

પ્રસ્તુત સંશોધનમાં સમસ્યા શીર્ષકથી શરૂ કરીને અભ્યાસ દ્વારા મળેલ ભાવિ સંશોધન અંગેની ભલામણો સુધીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સંશોધનમાં સંશોધકે સંબંધિત સાહિત્યનો અભ્યાસ કરીને નિષ્ણાંતો પાસે માર્ગદર્શન મેળવીને સંશોધન માટેના ઉપકરણની રચના કરી તથા તેનું સંચાલન કર્યું. ઉપકરણ દ્વારા એકત્ર કરેલી માહિતીનું વર્ગીકરણ કરીને તેનું કાઈવર્ગ દ્વારા પૃથ્થક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકોનું કદ યોગ્ય લાગે છે જ્યારે શિક્ષકોને પાઠ્યપુસ્તકોનું કદ મોટું લાગે છે. વિદ્યાર્થીઓને ભણવામાં રસપ્રદ લાગે છે જ્યારે શિક્ષકોને પાઠ્યપુસ્તકો ભણાવવામાં ઓછા રસપ્રદ લાગે છે. વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકોનું ભારણ વધુ લાગતું નથી જ્યારે શિક્ષકોને પાઠ્યપુસ્તકોનું ભારણ વધુ હોય તેવું લાગે છે.

**ચાવીરૂપ શબ્દો :** પાઠ્યપુસ્તક , અભિપ્રાયાવલી

<u>સંશોધન સારાંશ 38</u>

**સંશોધક :** પરમાર પ્રકાશકુમાર કે.

**કોલેજ :** શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

**માર્ગદર્શક :** ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** : 2021-23 / HNGU, Patan / M.Ed.

**સંશોધનનું શીર્ષક :**

**ધોરણ 7 ના અંગ્રેજી વ્યાકરણના પસંદિત એકમો માટે નિદાન ઉપચાર કાર્યક્રમની અસરકારકતા**

Effectiveness of diagnostic Remedial Programme for Some Unit of English Grammar of Std. 7

**સંશોધનનું ક્ષેત્ર :** ભાષા અને વ્યાકરણ શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ, શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન

**સંશોધનના હેતુઓ :**

1. **ધોરણ 7 ના અંગ્રેજી વ્યાકરણના પસંદ કરેલ** Simple Past Tense, Simple Present tense **અને** Simple future tense **તેમજ** the adjectives **નું શિક્ષણ કાર્ય કરવું.**
2. **ધોરણ 7 ના વિદ્યાર્થીઓની અંગ્રેજી વ્યાકરણમાં** Simple Past tense, Simple Present tense, Simple future tense **તેમજ** the adjectives **માટે નિદાન કસોટી બનાવવી.**
3. **ધોરણ 7 ના વિદ્યાર્થીઓનું અંગ્રેજી વ્યાકરણમાં** Simple Past tense, Simple Present tense, Simple future tense **તેમજ** the adjectives **માટેના એકમોનું નિદાન કરવું.**

સંશોધનના ઉત્કલ્પનાઓ :

1. છોકરાઓ અને છોકરીઓએ નિદાન કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
2. છોકરાઓ અને છોકરીઓએ પુનઃનિદાન કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
3. નિદાન કસોટી અને પુનઃનિદાન કસોટી પર છોકરાઓએ મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
4. નિદાન કસોટી અને પુનઃનિદાન કસોટી પર છોકરીઓએ મેળવેલ મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ : નિદાન-ઉપચાર કાર્યક્રમ , પરતંત્ર ચલ : શૈક્ષણિક સિદ્ધિ , પરીવર્તક ચલ : જાતીયતા

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પદ્ધતિ : પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : પાલનપુર શહેરમાં આવેલી ઉચ્ચ પ્રાથમિક શાળાના ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા ધોરણ-7ના વિદ્યાર્થીઓ પૈકી યાદરિછક રીતે શ્રીમતી હેતીબેન કાથરોટિયા ઉચ્ચ પ્રાથમિક શાળા પસંદ કરી તે શાળાના ધોરણ-7 નાં વિદ્યાર્થીઓને ઝૂમખા પ્રયુક્તિથી નમૂનાં તરીકે પસંદ કરવામાં આવ્યા.

ઉપકરણ : સ્વ નિર્મિત ઉપચાર કાર્યક્રમ તેમજ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી.

પૃથક્કરણની રીત : સાદી ટકાવારી દ્વારા અને નિદાન કસોટી અને પુન:નિદાન કસોટીના પ્રાપ્તાંકો સરાસરીની સાર્થકતા "t" કસોટી વડે ચકાસવામાં આવી.

સંશોધનના તારણો :

નિદાન કસોટીમાં વિવિધ મુદ્દાઓમાં વિદ્યાર્થીઓની કચાશનું પ્રમાણ વધુ હતું. નિદાન કસોટીમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ કચાશ ધરાવતા હતા. પુનઃનિદાન કસોટી દ્વારા વિદ્યાર્થીઓની કચાશનું પ્રમાણ 10 % થી 39 % ઘટ્યું એટલે કે વિદ્યાર્થીઓની સિદ્ધિ 10 % થી 34 % વધી નિદાન કસોટી પર જાતિની સાર્થક અસર જોવા મળી નહી તેથી નિદાન કસોટી પર છોકરા અને છોકરીઓની સિદ્ધિ સમાંતર હતી.

સંશોધનના ફલિતાર્થ :

પ્રસ્તુત સંશોધનમાં કસોટીના ઉત્તરો આપવા માટે વિદ્યાર્થીઓએ વધુ સમય લીધો. તેથી શાળા અને શિક્ષકો દ્વારા વારંવાર અનાત્મલક્ષી કસોટીનો મહાવરો વિદ્યાર્થીઓને કરાવી શકાય. વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં નિરસતા ધરાવે છે.તેથી આચાર્ય, શિક્ષકો દ્વારા અંગ્રેજી મંડળ વગેરેએ જુદી જુદી પ્રવૃતિઓ હાથ ધરી, અંગ્રેજી વિષયનું મહત્વ સમજાવી વિદ્યાર્થીઓને આ વિષયમાં રસ લેતા કરી શકાય. વિદ્યાર્થીઓને રસ પડે તે પ્રકારનું શિક્ષણકાર્ય કરવાથી અંગ્રેજી વિષયને સરળ બનાવી શકાય.

ઉપસંહાર :

સમસ્યા ઉકેલની યોજના અસ્તિત્વની સમસ્યાનું સમાધાન થતું નથી. યોજના તો માત્ર સમસ્યાના ઉકેલની એક સંભવિતતા સૂચવે છે. મોટાપાયે પર ઉદભવેલી સમસ્યાના ઉકેલ માટે સહિયાર પ્રયત્નોની આવશ્યકતા રહે છે. પ્રયત્નોનું પુનરાવર્તન જ ક્યારેક ઉકેલની સાચી દિક્ષા બક્ષે છે અને પ્રત્યેક પ્રયત્નને ઉકેલી સંભવિતતા વધતી જાય છે. નિદાન કસોટીમાં વિવિધ મુદ્દાઓમાં વિદ્યાર્થીઓની કચાશનું પ્રમાણ વધુ હતું. નિદાન કસોટીમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ કચાશ ધરાવતા હતા. પુનઃનિદાન કસોટી દ્વારા વિદ્યાર્થીઓની કચાશનું પ્રમાણ 10 % થી 39 % ઘટ્યું એટલે કે વિદ્યાર્થીઓની સિદ્ધિ 10 % થી 34 % વધી નિદાન કસોટી પર જાતિની સાર્થક અસર જોવા મળી નહી તેથી નિદાન કસોટી પર છોકરા અને છોકરીઓની સિદ્ધિ સમાંતર હતી.

ચાવીરૂપ શબ્દો : વ્યાકરણ, નિદાન કસોટી, ઉપચાર

સંશોધન સારાંશ 39

સંશોધક : ચૌહાણ પ્રતિક્ષાબેન ડી.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : શ્રી જયંતિભાઈ વી. પટેલ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શિર્ષક :

પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાના વિધાર્થીઓની પર્યાવરણ પ્રત્યેની સભાનતાનો અભ્યાસ

A Study on Envivonmental awareness in Secondary Schools Students of Palanpur Taluka

સંશોધનનું ક્ષેત્ર : માપન અને મૂલ્યાંકન, પર્યાવરણ વિષયક અભ્યાસો, માધ્યમિક શિક્ષણ

સંશોધનના હેતુઓ :

1. માધ્યમિક શાળાના વિધાર્થીઓ માટે પર્યાવરણીય સભાનતા જાણવી.
2. માધ્યમિક શાળાના વિધાર્થીઓ માટે પર્યાવરણીય સભાનતા માપદંડની રચના કરવી.
3. માધ્યમિક શાળાના વિધાર્થીઓની પર્યાવરણીય સભાનતા જાતી અને વિસ્તારના સંદર્ભમાં જાણવી.

સંશોધનની ઉત્કલ્પનાઓ :

1. માધ્યમિક શાળાના વિધાર્થીઓએ પર્યાવરણીય સભાનતા માપદંડ પર મેળવેલ પ્રાપ્તાંકોના સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહી હોય.
2. માધ્યમિક શાળાના ગ્રામીણ અને શહેરી વિસ્તારના વિધાર્થીઓનું પર્યાવરણીય સભાનતાના માપદંડ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહી હોય.
3. માધ્યમિક શાળાના કુમારો અને કન્યાઓએ પર્યાવરણીય સભાનતાના માપદંડ પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહી હોય.

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ : જાતિ, વિસ્તાર - પરતંત્ર ચલ : પર્યાવરણ સભાનતા

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પધ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : પાલનપુર તાલકુાની માધ્યમિક શાળાઓ પૈકી ગ્રામ્ય શાળાના ૮૦ વિધાર્થીઓ અને શહેરી શાળાના ૮૦ વિધાર્થીઓ એમ કુલ ૧૬૦ વિધાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

ઉપકરણ : સ્વનિર્મિત પર્યાવરણીય સભાનતા માપદંડ

પૃથકકરણની રીત : પર્યાવરણીય સભાનતાની સાર્થકતાની ટી મૂલ્ય દ્વારા ચકાસણી કરવામાં આવી હતી.

સંશોધનના તારણો :

માધ્યમિક શાળાના કન્યા અને કુમારની જાતીયતાના સંદર્ભમાં પર્યાવરણીય સભાનતા માપદંડ પરના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો. માધ્યમિક શાળાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિધાર્થીઓના વિસ્તારના સંદર્ભમાં પર્યાવરણીય સભાનતા પરના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો. માધ્યમિક શાળાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિધાર્થીઓમાં પર્યાવરણીય સભાનતા સમાન જોવા મળી હતી.

સંશોધનના ફલિતાર્થ :

કન્યાઓની પર્યાવરણીય સભાનતા કુમારોની સરખામણીમાં ઓછી હોવાને કારણે તેને વિકસાવવાના પ્રયત્નો કરી શકાય છે. માધ્યમિક શાળાના વિધાર્થીઓ માટે પર્યાવરણ સભાનતા કાર્યક્રમોની રચના કરી તેની અસરકારકતા તપાસી શકાય છે. વાલીઓ પર્યાવરણ પ્રત્યે સજાગ બનશે અને પોતાના બાળકોને પર્યાવરણનું મહત્વ સમજાવશે.

ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધનમાં માધ્યમિક શાળાના વિધાર્થીઓની પર્યાવરણીય સભાનતા જાણી તેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો અને માધ્યમિક શાળાના વિધાર્થીઓની જાતીયતા અને વિસ્તારના સંદર્ભમાં પર્યાવરણીય સભાનતામાં

માપદંડકની રચના કરવામાં આવી હતી. જે પર થી જાણવા મળ્યુ કે જાતીયતા અનુસાર કન્યા અને કુમારની પર્યાવરણ સભાનતામાં સાર્થક તફાવત રહેલો હતો. જયારે વિસ્તારના સંદર્ભમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિધાર્થીઓની પર્યાવરણ સભાનતા માપદંડ પરના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળતો નથી. આમ એમ કહી શકાય કે વિસ્તારની કોઇ અસર વિધાર્થીઓની પર્યાવરણ સભાનતા ઉપર પડતી નથી. આમ માધ્યમિક શાળાના કુમાર અને કન્યા વિધાર્થીઓ પર્યાવરણ પ્રત્યે સમાન રીતે સભાન છે.

ચાવીરૂપ શબ્દો : પર્યાવરણ, માધ્યમિક શાળા, પર્યાવરણ સભાનતા

<u>સંશોધન સારાંશ 40</u>

સંશોધક : જોષી રક્ષાબેન વી.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : શ્રી પિયુષકુમાર કે. પંચોલી

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

ધોરણ 9 ના અંગ્રેજી વ્યાકરણના નામયોગી અવ્યય એકમ માટે નિદાન ઉપચાર કાર્યક્રમની રચના અને અસરકારકતા

Construction And Try Out Of Diagnoses And Remedial Programme On ‘The Preposition’ Unit Of English Grammer For Std. 9.

સંશોધનનું ક્ષેત્ર : માપન અને મુલ્યાંકન

સંશોધનના હેતુઓ:

1. ધોરણ 9 ના અંગ્રેજી વ્યાકરણના નામયોગી અવ્યય એકમ પર નિદાન કસોટીની મદદથી નામયોગી અવ્યય એકમના વિવિધ વિષય વસ્તુના સંદર્ભમાં વિધાર્થીઓની કચાશ જાણવી.
2. ધોરણ 9 ના અંગ્રેજી વ્યાકરણના નામયોગી અવ્યય એકમ માટે નિદાન કસોટીની રચના કરવી.
3. ધોરણ 9 ના અંગ્રેજી વ્યાકરણના નામયોગી અવ્યય એકમના શિક્ષણમાં રહી ગયેલ કચાશ દૂર કરવા પુનઃ શિક્ષણ ઉપચાર શિક્ષણની અસર તપાસવી.

સંશોધનની ઉત્કલ્પનાઓ :

1. ધોરણ 9 ના અંગ્રેજી વ્યાકરણના નામયોગી અવ્યય એકમ પર શિક્ષણ ઉપચાર કાર્યક્રમની પહેલાં સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.
2. ધોરણ 9 ના અંગ્રેજી વ્યાકરણના નામયોગી અવ્યય એકમ પર શિક્ષણ ઉપચાર કાર્યક્રમની બાદ સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ: નિદાન કસોટી પરના પ્રાપ્તાંકો, પરતંત્ર ચલ: શૈક્ષણિક સિદ્ધિ

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પધ્ધતિ : પ્રાયોગિક સંશોધન પધ્ધતિ

વ્યાપવિશ્વ અને નમુનો: ડીસા શહેરની માધ્યમિક શાળાઓ પૈકી સરસ્વતી વિદ્યાસંકુલ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૯ ના બે વર્ગમાંથી ચીઠ્ઠી ઉપાડીને આકસ્મિત રીતે ૩૦ કન્યાઓ અને ૩૦ કુમારોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

ઉપકરણ : શૈક્ષણિક સિદ્ધિ માપન કસોટી

પૃથ્થકરણની રીત : ટી –કસોટી દ્વારા સાર્થકતાની કક્ષા નક્કી કરવામાં આવી.

સંસોધનના તારણો :

ધોરણ 9 ના અંગ્રેજી વ્યાકરણના નામયોગી અવ્યય એકમ માટે નિદાન કસોટીની મદદ દ્વારા શિક્ષણમાં રહી ગયેલ કચાશ જાણી શકાઈ હતી. શિક્ષણ ઉપચાર કાર્યક્રમની પહેલાં મળેલ સિદ્ધિ કરતાં શિક્ષણ ઉપચાર કાર્યક્રમની બાદ મળેલ સિદ્ધિ સાર્થક રીતે ઊંચી જોવા મળે છે.

સંસોધનના ફલીતાર્થ :

નિદાન કસોટીની મદદથી વિદ્યાર્થીઓની કચાશ જાણી શકાય છે. આ કચાશ દૂર કરવા સ્વાધ્યાયનું આયોજન કરવું જોઈએ. આ ઉપરાંત વિશિષ્ટ પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ. વિશિષ્ટ પ્રવૃત્તિઓ સાથે નિદાન દ્વારા મળેલ ભૂલો જાણી ઉપચાર કાર્યક્રમ કરવા જોઈએ.

ઉપસંહાર :

પ્રસ્તુત અભ્યાસનો હેતુ ધોરણ નવના અંગ્રેજી વ્યાકરણના નામયોગી અવ્યય પર નિદાન કસોટીની રચના અને તેના દ્વારા કચાશ પારખવાનો અને ઉપચાર શિક્ષણ માટે "સ્વાધ્યાય અભિગમમાં વિશિષ્ટ પ્રયુક્તિ અભિગમ અને પુનઃ શિક્ષણ અભિગમનું આયોજન અને અમલીકરણ કરવાનો હતો. અભ્યાસમાં ધોરણ નવના અંગ્રેજી વ્યાકરણના નામયોગી અવ્યય એકમ પરની નિદાન કસોટીની રચના કરી ડીસા શહેરની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળા ઓ પૈકી ડીસા શહેરની શાળા સરસ્વતી વિદ્યા સંકુલ ડીસાના એક વર્ગના ૩૦ કુમારો અને ૩૦ કન્યાઓ ને નમુના તરીકે પસંદ કરી તેના પર કસોટીની અજમાયશ કરવામાં આવી હતી.

ચાવીરૂપ શબ્દો : ઉપચારાત્મક કાર્ય, પુનઃ શિક્ષણ અભિગમ

<u>સંશોધન સારાંશ 41</u>

સંશોધક : સોલંકી શર્મીલાબેન બી.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : શ્રી જયંતિભાઈ વી. પટેલ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

દાંતા તાલુકાના પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના ધોરણ – ૮ ના સામાજિક વિજ્ઞાન વિષયની અધ્યયન નિષ્પતિઓનો અભ્યાસ.

A study of Learning outcomes of social science subject for the students of std-8 in primary school of Danta Taluka

સંશોધનનું ક્ષેત્ર : માપન અને મૂલ્યાંકન, અધ્યયન નિષ્પતિઓ

સંશોધનના હેતુઓ :

1. દાંતા તાલુકાની પ્રાથમિક શાળાઓના ધો-8 ના વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાન વિષયની અધ્યયન નિષ્પતિઓનો અભ્યાસ કરવો.
2. ધો-8 ના વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાન વિષયની અધ્યયન નિષ્પતિઓનો જાતીયતા સંદર્ભમાં અભ્યાસ કરવો.
3. ધો-8 ના વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાન વિષયની અધ્યયન નિષ્પતિઓનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

સંશોધનની ઉત્કલ્પનાઓ:

1. ધો-8 ના ગ્રામીણ વિસ્તારના કુમારો અને કન્યાઓએ સામાજિક વિજ્ઞાન વિષયની અધ્યયન નિષ્પતિમાં મેળવેલા પ્રપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.
2. ધો-8 ના શહેરી વિસ્તારના કુમારો અને કન્યાઓએ સામાજિક વિજ્ઞાન વિષયની અધ્યયન નિષ્પતિમાં મેળવેલા પ્રપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.
3. ધો-8 ના ગ્રામીણ અને શહેરી વિસ્તારના કુમારોએ સામાજિક વિજ્ઞાન વિષયની અધ્યયન નિષ્પતિમાં મેળવેલા પ્રપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

સંશોધનના ચલ :

સ્વતંત્ર ચલ – જાતીયતા, વિસ્તાર; પરતંત્ર ચલ – અધ્યયન નિષ્પતિઓ

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પધ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમુનો : દાંતા તાલુકાની પ્રાથમિક શાળાઓના ધોરણ -૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી નમૂના તરીકે કુલ ૫ શાળાઓ ગ્રામીણ વિસ્તાર અને ૫ શાળાઓ શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ પસંદ કરેલ છે.

ઉપકરણ : અધ્યયન નિષ્પતિ પત્રક – A

પૃથક્કરણની રીત : અધ્યયન નિષ્પતિઓમાં મેળવેલા પ્રપ્તાંકોની સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીની પ્રમાંણભૂલ અને ક્રાંતિક ગુણોત્તરના મુલ્યો શોધી તેના આધારે ઉત્કલ્પનાઓની ચકાસણી કરવામાં આવેલ છે.

સશોધનના તારણો :

વિસ્તારની દ્રષ્ટીએ ગ્રામીણ અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ સામજિક વિજ્ઞાન વિષયની અધ્યયન નિષ્પતિઓના ઉત્તમ કક્ષા ધરાવનાર વિદ્યાર્થીઓની ટકાવારી દ્રષ્ટીએ ગ્રામીણ જૂથની ટકાવારી કરતા શહેરી જૂથની ટકાવારી વધુ છે. મધ્યમ કક્ષા ધરાવનાર વિદ્યાર્થીઓની સંખ્યાની ટકાવારીની દ્રષ્ટિએ ગ્રામીણ જૂથની ટકાવારી કરતા શહેરી જૂથની ટકાવારી વધુ છે .જયારે નિમ્ન કક્ષા ધરાવનાર વિદ્યાર્થીઓની સંખ્યાની ટકાવારીની દ્રષ્ટિએ ગ્રામીણ જૂથની ટકાવારી કરતા શહેરી જૂથની ટકાવારી વધુ છે .

સંશોધનના ફલિતાર્થ :

વિદ્યાર્થીઓની અધ્યયન નિષ્પતિઓ સિદ્ધ કરવા માટે અલગ અલગ પ્રયુક્તિઓનો ઉપયોગ કરવો જોઈએ. વિદ્યાર્થીઓના કોઈપણ વિષયના પાયાના ખ્યાલો સ્પષ્ટ કરવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. સામાજિક વિજ્ઞાન સિવાયના અન્ય વિષયની અધ્યયન નિષ્પતિઓનો અભ્યાસ હાથ ધરી શકાય. અધ્યયન નિષ્પતિમાં મેળવેલા પ્રાપ્તાંકો પર જાતીયતા , વિસ્તારની અસર જણાઇ ન હતી . આથી આ કાર્યક્રમો તેમના માટે અલગ- અલગ કરવાને બદલે સાથે જ રાખી શકાય.

ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધનનો હેતુ દાંતા તાલુકાની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના ધોરણ-૮ ના સામાજિક વિજ્ઞાન વિષયની અધ્યયન નિષ્પતિઓ નો અભ્યાસ કરવાનો હતો. વ્યાપવિશ્વ તરીકે દાંતા તાલુકાની પ્રાથમિક શાળાના ધોરણ-૮ ના વિદ્યાર્થીઓ પૈકી નમૂના તરીકે દાંતા તાલુકાની કુલ ૫ શાળાઓમાં ગ્રામીણ વિસ્તારમાંથી અને ૫ શાળાઓ શહેરી લેવામાં આવી હતી . આ સંશોધનમાં અધ્યયન નિષ્પતિનો અભ્યાસ કરવામાં આવેલ છે. જે પરથી તારવવામાં આવે છે કે વિસ્તાર અને અધ્યયન નિષ્પતિઓ અસર કરનાર પરિબળ છે વિસ્તારની દ્રષ્ટીએ ગ્રામીણ અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ સામજિક વિજ્ઞાન વિષયની અધ્યયન નિષ્પતિઓના ઉત્તમ કક્ષા ધરાવનાર વિદ્યાર્થીઓની ટકાવારી દ્રષ્ટીએ ગ્રામીણ જૂથની ટકાવારી કરતા શહેરી જૂથની ટકાવારી વધુ છે. મધ્યમ કક્ષા ધરાવનાર વિદ્યાર્થીઓની સંખ્યાની ટકાવારીની દ્રષ્ટિએ ગ્રામીણ જૂથની ટકાવારી કરતા શહેરી જૂથની ટકાવારી વધુ છે .જયારે નિમ્ન કક્ષા ધરાવનાર વિદ્યાર્થીઓની સંખ્યાની ટકાવારીની દ્રષ્ટિએ ગ્રામીણ જૂથની ટકાવારી કરતા શહેરી જૂથની ટકાવારી વધુ છે .

ચાવીરૂપ શબ્દો : પ્રાથમિક શાળા, સામાજિક વિજ્ઞાન, અધ્યયન નિષ્પતિ

<u>સંશોધન સારાંશ 42</u>

સંશોધક : વારેચા સ્મિતા જી.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : ડો. છાયાબેન એમ. ત્રિવેદી

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

પાલનપુર તાલુકાના ધોરણ આઠમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ગણિત વિષયના પાયાના ખ્યાલોનો અભ્યાસ.

AStudy of the basic concepts in Mathematics subject of the students of standard 8 of Palanpurtaluka.

સંશોધનનું ક્ષેત્ર : માપન અને મૂલ્યાંકન, શૈક્ષણિક સંચાલન, ગણિત શિક્ષણ

સંશોધનના હેતુઓ :

1. ધોરણ 8 ના વિદ્યાર્થીઓ માટે ગણિત વિષયના પાયાના ખ્યાલો જાણવા માટે પ્રશ્નાવલિની રચના કરવી.
2. ધોરણ 8 ના વિદ્યાર્થીઓ માટે ગણિત વિષયના પાયાના ખ્યાલો જાણવા માટે પ્રશ્નાવલિની અજમાયશ કરવી.
3. ધોરણ 8 ના વિદ્યાર્થીઓ માટે ગણિત વિષયના પાયાના ખ્યાલો પર જાતિયતાની અસર તપાસવી.
4. ધોરણ 8 ના વિદ્યાર્થીઓ માટે ગણિત વિષયના પાયાના ખ્યાલો પર સરકારી અને સ્વ-નિર્ભર શાળાઓની અસર તપાસવી.

સંશોધનની ઉત્કલ્પનાઓ :

1. ધોરણ 8 ના કુમાર અને કન્યાના ગણિત વિષયના પાયાના ખ્યાલોની પ્રશ્નાવલીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
2. ધોરણ 8 ના ગણિત વિષયના પાયાના ખ્યાલોની સરકારી અને સ્વનિર્ભર શાળાઓની પ્રશ્નાવલીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
3. ધોરણ 8 ના સરકારી શાળાઓના કુમાર અને કન્યાના ગણિત વિષયના પાયાના ખ્યાલોની પ્રશ્નાવલીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
4. ધોરણ 8 ના સ્વનિર્ભર શાળાઓના કુમાર અને કન્યાના ગણિત વિષયના પાયાના ખ્યાલોની પ્રશ્નાવલીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
5. ધોરણ 8 ના સરકારી શાળાના કુમાર અને સ્વનિર્ભર શાળાના કુમારોના ગણિત વિષયના પાયાના ખ્યાલોની પ્રશ્નાવલીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
6. ધોરણ 8 ની સરકારી શાળાની કન્યાઓ અને સ્વનિર્ભર શાળાની કન્યાઓની ગણિત વિષયના પાયાના ખ્યાલોની પ્રશ્નાવલીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

સંશોધનના ચલ :

સ્વતંત્ર ચલ : જાતિ, શાળાનો પ્રકાર ; પરતંત્ર ચલ : ગણિત વિષયના પાયાના ખ્યાલો આધારિત પ્રશ્નાવલીના પ્રાપ્તાંકો

સંશોધનનો પ્રકાર: વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પધ્ધતિ :- વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : પાલનપુર તાલુકાની ગ્રામ્ય કક્ષાની સરકારી અને સ્વનિર્ભર શાળાના ધોરણ-8માં અભ્યાસ કરતા ગુજરાતી ભાષાના વિદ્યાર્થીઓ પૈકી કુલ 197 વિદ્યાર્થીઓને પસંદ કર્યા હતા.

ઉપકરણ : ગણિત વિષયના પાયાના ખ્યાલો જાણવા માટે પ્રશ્નાવલીની રચના કરી હતી.

પૃથક્કરણની રીત: કલમ પૃથક્કરણ દ્વારા પ્રશ્નોનાં કઠિનતા મૂલ્ય અને ભેદ પરખ મૂલ્યની ગણતરી કરવામાં આવી હતી.

સંશોધનના તારણો :

ધોરણ 8 ના સરકારી અને સ્વનિર્ભર શાળાઓના વિદ્યાર્થીઓના ગણિત વિષયના પાયાના ખ્યાલો માટે પ્રશ્નાવલીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે તફાવત અર્થસૂચક નથી. ધોરણ 8 ના સરકારી શાળાના કુમાર અને સ્વનિર્ભર શાળાના કુમારોની ગણિત વિષયના પાયાના ખ્યાલો માટે પ્રશ્નાવલીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે તફાવત અર્થસૂચક નથી. ધોરણ આઠના સરકારી શાળાની કન્યાઓ અને સ્વનિર્ભર શાળાની કન્યાઓની ગણિત વિષયના પાયાના ખ્યાલો માટે પ્રશ્નાવલીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચેનો તફાવત અર્થસૂચક છે.

સંશોધનના ફલિતાર્થ :

શિક્ષકે વિદ્યાર્થીઓની કક્ષા અનુસાર વિદ્યાર્થીઓમાં યોગ્ય રીતે શિક્ષણ કાર્ય કરવું અને માર્ગદર્શન આપવું જોઈએ. વિદ્યાર્થીઓએ પણ પોતાની રસ અને રુચિ અનુસાર યોગ્ય કારકિર્દીની પસંદગી કરવી જોઈએ. વાલીઓ પણ પોતાના બાળકોની વિષય પ્રત્યેની તત્પરતાને ધ્યાનમાં રાખીને યોગ્ય કારકિર્દી અંગે માર્ગદર્શન આપવું જોઈએ. વિદ્યાર્થીઓને ગાણિતિક શક્તિનો વિકાસ થાય તે માટે તેને પોષક એવી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરાવી જોઈએ. વિદ્યાર્થીઓ પાસે વિવિધ ગાણિતિક પ્રકારના કોયડા પુસ્તકોનો અભ્યાસ કરાવો જેથી તેમની તર્ક શક્તિનો વિકાસ થઈ શકે.

ઉપસંહાર:

પ્રસ્તુત લઘુશોધ નિબંધમાં પાલનપુર તાલુકાના ધોરણ- ૪ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ગણિત વિષયના પાયાના ખ્યાલોનો અભ્યાસ કરવામાં આવ્યો. જેમાં વિદ્યાર્થીઓના ગણિત વિષયના પાયાના ખ્યાલો જાણવા માટે પ્રશ્નાવલીની રચના કરી અને તેની અજમાયશ કરવામાં આવી. વિદ્યાર્થીઓમાં ગણિત વિષયના પાયાના ખ્યાલો પર જાતીયતાની અસર તપાસવામાં આવી. જેમાં ગણિત વિષયમાં ગ્રામ્ય વિસ્તારની છોકરીઓ કરતા છોકરાઓ ચડિયાતા જોવા મળે છે. શિક્ષકે વિદ્યાર્થીઓની કક્ષા અનુસાર વિદ્યાર્થીઓમાં યોગ્ય રીતે શિક્ષણ કાર્ય કરવું અને વિદ્યાર્થીઓએ પણ પોતાની રસ અને રુચિ અનુસાર યોગ્ય કારકિર્દીની પસંદગી કરવીજોઈએ. શિક્ષકે વિદ્યાર્થીઓ પાસે વિવિધ ગાણિતિક પ્રકારના કોયડા પુસ્તકોનો અભ્યાસ કરાવો જેથી તેમની તર્ક શક્તિનો વિકાસ થઈ શકે.

ચાવીરૂપ શબ્દો : ગણિત વિષય, પાયો, ખ્યાલ

<u>સંશોધન સારાંશ 43</u>

સંશોધક : રાજપૂત સોનલબેન એમ.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : ડો. પિનાક્ષીબેન બી. પટેલ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

સતલાસણા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ચાલતી પ્રાર્થના પ્રવૃત્તિઓનો અભ્યાસ

A Study Of The Prayer Activities In Primary Scool Of Satlasana Taluka

સંશોધનનું ક્ષેત્ર : પ્રાથમિક શિક્ષણ

સંશોધનના હેતુઓ :

1. પ્રાથમિક શાળામાં કરવામાં આવતી પ્રાર્થના પ્રવૃત્તિઓ અંગેની જાણકારી મેળવવી.
2. પ્રાર્થના પ્રવૃત્તિ માટેના સ્થળ, સમય, રજૂઆત, આયોજન, વાતાવરણ અને સંચાલન વિશે જાણવું.
3. પ્રાથમિક શાળાઓમાં થતી પ્રાર્થના પ્રવૃત્તિઓના આયોજનમાં પડતી મુશ્કેલીઓ જાણવી અને દૂર કરવાના ઉપાયો સૂચવવા.
4. પ્રાથમિક શાળાઓમા થતી વિવિધ પ્રકારની પ્રાર્થનાઓ અને સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ અંગેની જાણકારી મેળવવી.

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પધ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમુનો : સતલાસણા તાલુકાની પ્રાથમિક શાળાઓ પૈકી નમૂના તરીકે ધોરણ 6 થી 8 ના 200 વિધાર્થીઓ અને 100 શિક્ષકો પંસંદ કરવામાં આવ્યા હતા.

ઉપકરણ : સ્વરચિત પ્રશ્નાવલિ

પૃથક્કરણની રીત : સાદી ટકાવરી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

સંશોધનના તારણો :

વિધાર્થીઓ અને શિક્ષકો માટે મોટાભાગની શાળાઓમાં પ્રાર્થના મેદાનમાં થાય છે. મોટાભાગની શાળાઓમાં પ્રાર્થના પ્રવૃત્તિઓના આયોજનમાં કોઈ મુશ્કેલી નડતી નથી. મુશ્કેલી નડતી હોય તેવી શાળાઓનું પ્રમાણ ઓછુ છે તેમાં જે મુશ્કેલીઓ પડે છે તે સ્થળ અને સમય અંગેની છે અન્ય કોઇ પણ મુશ્કેલી પડતી નથી. દરેક શાળાઓમાં પ્રાર્થના સમૂહમાં થાય છે જેનો સમય 20 મિનિટ થી 25 મીનીટનો છે. મોટાભાગની શાળાઓમાં પ્રશ્નોતરી, વકતૃત્વ સ્પર્ધા, સંગીત સ્પર્ધા, નાટક સ્પર્ધા, યોગાસન, વાંચન સ્પર્ધા, લેખન સ્પર્ધા, સાંપ્રત ઘટનાઓ, રંગોળી સ્પર્ધા, નવરાત્રી, ઉત્તરાયણ તેમજ ખેલકૂદ જેવી સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. પ્રાર્થના પ્રવૃત્તિઓ દ્વારા સારા સંસ્કારો મળે છે, વિચારો શુધ્ધ થાય છે, સમૂહ ભાવના કેળવાય છે અને સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય છે.

સંશોધનના શૈક્ષણિક ફલિતાર્થો :

પ્રાથમિક શાળાઓમાં વિવિધ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઇએ. વિધાર્થીઓની સુષુપ્ત શક્તિઓને જાણી તેમને યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ. પ્રાથમિક શાળાઓમાં પ્રાર્થના પ્રવૃત્તિઓનો સમય વધારવો જોઈએ. પ્રાથમિક શાળાઓમાં થતી પ્રાર્થના પ્રવૃત્તિઓની શિક્ષકો દ્વારા તાલીમ આપવી જોઈએ. પ્રવૃત્તિઓમાં ભાગ લેનારા વિધાર્થીઓને પ્રોત્સાહન આપવું જોઈએ. દરેક વિધાર્થી પોતાની રસ, રુચિ પ્રમાણે ભાગે લે તેવા પ્રયત્નો શિક્ષકોએ કરવા જોઈએ.

ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધનમાં પ્રાથમિક શાળાઓમા ચાલતી પ્રાર્થના પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. સંશોધનનો પ્રકાર વ્યાવહારિક પૈકીનો સંખ્યાત્મક પ્રકાર છે。 પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે સતલાસણા તાલુકો અને નમૂના તરીકે સતલાસણાની 20 શાળાઓના 100 શિક્ષકો અને 200 વિધાર્થીઓ પસંદ કરેલા છે. ઉપકરણ તરીકે સ્વરચિત પ્રશ્નાવલિનો ઉપયોગ કરેલો છે. પ્રશ્નાવલિના 48 વિધાનો નું "હા "અને "ના"અનુસાર સાદી ટકાવારી દ્વારા પૃથક્કરણ કર્યું હતું. પ્રાર્થના પ્રવુતિઓનું આયોજન વિધાર્થી મંડળ અને શિક્ષકો દ્વારા થાય છે .દરેક પ્રાથમિક શાળાઓમાં પ્રાર્થનાનો સમય 20 થી 25 મિનિટ નો હોય છે, દરેક પ્રાથમિક શાળાઓમા પ્રાર્થના પ્રવત્તિઓ અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન થવું જોઈએ. દરેક વિધાર્થી પોતાના રસ અને રુચિ પ્રમાણે પ્રવૃત્તિઓમાં ભાગ લે તેવા પ્રયત્નો શિક્ષકો એ કરવા જોઈએ.

ચાવીરૂપ શબ્દો : પ્રાર્થના, સહ-અભ્યાસિક પ્રવૃત્તિ

<u>સંશોધન સારાંશ 44</u>

સંશોધક : અનાવાડીયા સુર્યકુમાર વી.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : ડો. પીનાક્ષીબેન બી. પટેલ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધનનું શીર્ષક :

કોલેજના વિદ્યાર્થીઓ માટે HIV- AIDS જાગૃતિ કાર્યક્રમની રચના અને અસરકારકતા

Construction And Effectiveness Of HIV - AIDS Awareness Program For College Students

સંશોધનનું ક્ષેત્ર : માપન અને મૂલ્યાંકન, શારીરિક સ્વાસ્થ્ય શિક્ષણ

સંશોધનના હેતુઓ :

1. કોલેજના વિદ્યાર્થીઓ માટે HIV- AIDS જાગૃતતા કાર્યક્રમની રચના કરવી.
2. કોલેજના વિદ્યાર્થીઓ માટે HIV- AIDS જાગૃતતા કાર્યક્રમની અસરકારકતા તપાસવા માટે સ્વનિર્મિત સિદ્ધિ કસોટીની રચના કરવી.
3. કોલેજના વિદ્યાર્થીઓ માટે HIV- AIDS જાગૃતતા કાર્યક્રમની અસરકારકતા તપાસવા માટે સ્વનિર્મિત સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોના આધારે કાર્યક્રમની અસરકારકતા જાણવી.

સંશોધનની ઉત્કલ્પનાઓ :

1. કોલેજના વિદ્યાર્થીઓ માટે HIV- AIDS જાગૃતતા કાર્યક્રમની અસરકારકતા તપાસવા માટે રચેલ પૂર્વ કસોટી અને સિદ્ધિ કસોટીમાં કુમારોએ મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
2. કોલેજના વિદ્યાર્થીઓ માટે HIV- AIDS જાગૃતતા કાર્યક્રમની અસરકારકતા તપાસવા માટે રચેલ પૂર્વ કસોટી અને સિદ્ધિ કસોટીમાં કન્યાઓએ મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
3. કોલેજના વિદ્યાર્થીઓ માટે HIV- AIDS જાગૃતતા કાર્યક્રમની અસરકારકતા તપાસવા માટે રચેલ સિદ્ધિ કસોટીમાં કુમાર અને કન્યાઓએ મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ : અધ્યાપન પદ્ધતિ, અંકુશિત ચલ : કૉલેજ, વિસ્તાર, વય જૂથ, પરતંત્ર ચલ : શૈક્ષણિક સિદ્ધિ, આંતરવર્તીય ચલ : જૂથના પાત્રો વચ્ચે થતી આંતરક્રિયા,વલણ વ્યક્તિગત તફાવત

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પદ્ધતિ : પ્રાયોગિક અભ્યાસ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : ડીસા નગરપાલિકા સાયન્સ કોલેજ, ડીસામાં વર્ષ 2022-23 દરમિયાન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કર્યા હતા.

ઉપકરણ : સ્વ રચિત સિદ્ધિ કસોટી

પૃથક્કરણની રીત : ઉત્તર કસોટી દ્વારા મળેલ પ્રાપ્તાંકોની યોગ્ય ગોઠવણી કરી હતી અને પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કરવા માટે આંકડાશાસ્ત્રીય ટી-કસોટીનો ઉપયોગ કરવાનું ઉચિત માન્યું હતું.

સંશોધનના તારણો :

કોલેજના વિદ્યાર્થીઓ માટે HIV-AIDS જાગૃતી કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. HIV-AIDS જાગૃતતા કાર્યક્રમની કુમારોની શૈક્ષણિક સિદ્ધિ પર હકારાત્મક અસર જોવા મળી ન હતી માટે કુમારોની બાબતમાં HIV-AIDS જાગૃતતા કાર્યક્રમ અસરકારક જોવા મળ્યો ન હતો. HIV-AIDS જાગૃતતા કાર્યક્રમની કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ ઉપર હકારાત્મક અસર જોવા મળી હતી તેથી કહી શકાય કે કન્યાઓની બાબતમાંHIV-AIDS જાગૃતતા કાર્યક્રમ અસરકારક જોવા મળ્યો હતો. HIV-AIDS જાગૃતતા કાર્યક્રમની કુમાર અને કન્યાની શૈક્ષણિક સિદ્ધિ ઉપર સમાન અસર જોવા મળી હતી. સિદ્ધિ કસોટીની બાબતમાં કુમાર અને કન્યાઓ માટે HIV-AIDS જાગૃતતા કાર્યક્રમ સમાન રીતે અસરકારક જોવા મળ્યો હતો.

સંશોધનના ફલિતાર્થ :

કોલેજના વિદ્યાર્થીઓ માટે HIV-AIDS જાગૃતી કાર્યક્રમ અસરકારક જોવા મળ્યો હતો. HIV-AIDS જાગૃતતા કાર્યક્રમની કુમારોની શૈક્ષણિક સિદ્ધિ પર હકારાત્મક અસર જોવા મળી ન હતી માટે કુમારોની બાબતમા HIV-AIDS જાગ્રુતતા કાર્યક્રમ અસરકારક રહ્યો ન હતો. HIV-AIDS જાગૃતતા કાર્યક્રમની કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ ઉપર હકારત્મક અસર જોવા મળી હતી તેથી કહી શકાય કે કન્યાઓની બાબતમાંHIV-AIDS જાગૃતતા કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.

ઉપસંહાર :

પ્રસ્તુત અભ્યાસમાં કોલેજના વિદ્યાર્થીઓ માટે HIV AIDS જાગૃતતા કાર્યક્રમની રચના અને અસરકારકતા તપાસવી તે મુખ્ય હેતું હતો. પ્રસ્તુત અભ્યાસમાં કોલેજ ના વિદ્યાર્થીઓ માટે કાર્યકમની રચના કરવામાં આવી હતી અને સ્વનિર્મિત સિદ્ધિ કસોટી દ્વારામળેલ પ્રાપ્તાંકોની સરાસરીની સાર્થકતા ટી- કસોટીથી તપાસવામાં આવી હતી. કોલેજના વિદ્યાર્થીઓ માટે HIV-AIDS જાગૃતિ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. HIV-AIDS જાગૃતતા કાર્યક્રમની કુમારોની શૈક્ષણિક સિદ્ધિ પર હકારાત્મક અસર જોવા મળી ન હતી રોની બાબતમાંમાટે કુમા HIV-AIDS જાગૃતતા કાર્યક્રમ અસરકારક જોવા મળ્યો ન હતો. HIV-AIDS જાગૃતતા કાર્યક્રમની કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ ઉપર હકારાત્મક અસર જોવા મળી હતી

ચાવીરૂપ શબ્દો : HIV-AIDS, જાગૃતિ

<u>સંશોધન સારાંશ 45</u>

સંશોધક : દેસાઈ ઉષાબેન એ.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : ડૉ. જ્યોત્સનાબેન એલ. બારડ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધનનું શીર્ષક :

સરસ્વતી તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓના ધોરણ 7 ના વિદ્યાર્થીઓની ગુજરાતી વિષયની અધ્યયન નિષ્પત્તિઓનો અભ્યાસ

A Study Of Learning Outcomesof Gujarati Subject In The Student Of Std7 Ln Upper Primary School Of Saraswati taluka

સંશોધનનું ક્ષેત્ર : માપન અને મૂલ્યાંકન, ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ

સંશોધનના હેતુઓ :

1. સરસ્વતી તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓનાં ધોરણ 7 ના વિદ્યાર્થીઓની ગુજરાતી વિષયની અધ્યયન નિષ્પત્તિઓનો અભ્યાસ કરવો.
2. ધોરણ 7 ના વિદ્યાર્થીઓની ગુજરાતી વિષયની અધ્યયન નિષ્પત્તિઓનો જાતિયતાના સંદર્ભમાં અભ્યાસ કરવો.
3. ધોરણ 7 ના વિદ્યાર્થીઓની ગુજરાતી વિષયની અધ્યયન નિષ્પત્તિઓનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

સંશોધનની ઉત્કલ્પનાઓ :

1. ધોરણ 7 ના ગ્રામીણ વિસ્તારના કુમારો અને કન્યાઓએ ગુજરાતી વિષયની અધ્યયન નિષ્પત્તિમાં મેળવેલાં પ્રાપ્તાકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિં હોય.
2. ધોરણ 7 ના શહેરી વિસ્તારના કુમારો અને કન્યાઓએ ગુજરાતી વિષયની અધ્યયન નિષ્પત્તિમાં મેળવેલાં પ્રાપ્તાકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિં હોય.
3. ધોરણ 7 ના ગ્રામીણ અને શહેરી વિસ્તારના કુમારોએ ગુજરાતી વિષયની અધ્યયન નિષ્પત્તિમાં મેળવેલાં પ્રાપ્તાકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિં હોય.
4. ધોરણ 7 ના ગ્રામીણ અને શહેરી વિસ્તારની કન્યાઓએ ગુજરાતી વિષયની અધ્યયન નિષ્પત્તિમાં મેળવેલાં પ્રાપ્તાકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહિં હોય.

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ : જાતીયતા, વિસ્તાર; પરતંત્ર ચલ : અધ્યયન નિષ્પત્તિમાં મેળવેલાં ગુણ

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પધ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : સરસ્વતી તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળામાં ધોરણ 7 માં વર્ષ 2022-2023 દરમિયાન અભ્યાસ કરતા 240 વિદ્યાર્થીઓ.

સંશોધનના તારણો :

વિસ્તારની દ્રષ્ટિએ : ગ્રામિણ અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓએ ગુજરાતી વિષયની અધ્યયન નિષ્પત્તિઓમા ઉત્તમકક્ષા ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યાની ટકાવારીની દ્રષ્ટિએ ગ્રામિણ જૂથની ટકાવારી કરતા શહેરી જૂથની ટકાવારી વધુ છે.

જાતીયતાની દ્રષ્ટિએ : કુમાર અને કન્યાઓએ ગુજરાતી વિષયની અધ્યયન નિષ્પત્તિઓમાં ઉત્તમ કક્ષા ધરાવનાર વિદ્યાર્થીઓની સંખ્યાની ટકાવારીની દ્રષ્ટિએ કુમારોના જુથની ટકાવારી કન્યાઓના જુથની ટકાવારી કરતાં વધુ છે

ઉત્કલ્પનાઓના આધારે : ગ્રામીણ વિસ્તારના કુમારો અને કન્યાઓએ ગુજરાતી વિષયની અધ્યયન નિષ્પત્તિમાં મેળવેલાં પ્રાપ્તાકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો. આથી બંને જુથ સમકક્ષ છે

સંશોધનના ફલિતાર્થ :

ગુજરાતી વિષય સિવાયના અન્ય વિષયની અધ્યયન નિષ્પત્તિઓનો અભ્યાસ હાથ ધરી શકાય. વિદ્યાર્થીઓ અધ્યયન નિષ્પત્તિઓ સહજતાથી સિદ્ધ કરે તે માટે શિક્ષકોએ વ્યક્તિગત શિક્ષણ પર વધુ ભાર મૂકવો જોઈએ. વિદ્યાર્થીઓના કોઈપણ વિષયના પાયાનો ખ્યાલ સ્પષ્ટ કરવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. વિષયની અધ્યયન નિષ્પત્તિમાં સિદ્ધ કરવા માટે અલગ અલગ પ્રયુક્તિઓનો ઉપયોગ કરવો જોઈએ .અધ્યયન નિષ્પત્તિમા મેળવેલા પ્રાપ્તાંકો પર જાતીયતા વિસ્તારની અસર જણાઈ ન હતી આથી આ કાર્યક્રમો તેમના માટે અલગ અલગ કરવાને બદલે સાથે જ રાખી શકાય.

ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધનમાં સરસ્વતી તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓના ધોરણ 7 ના વિદ્યાર્થીઓની ગુજરાતી વિષયની અધ્યયન નિષ્પત્તિઓનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. તેમાં વિદ્યાર્થીઓની જાતિયતા અને વિસ્તારની દ્રષ્ટિએ સિદ્ધ થયેલ અધ્યયન નિષ્પત્તિઓ જાણવા મળી હતી તેમાં સ્વતંત્ર ચલ તરીકે જાતીયતા અને વિસ્તાર, પરતંત્ર ચલ તરીકે ધોરણ7ના ગુજરાતી વિષયની અધ્યયન નિષ્પત્તિઓમાં મેળવેલા ગુણ લેવામાં આવ્યા હતા. સંશોધન વ્યવહારૂ પ્રકારનું હતું. ઉપકરણ તરીકે ધોરણ 7 ની ગુજરાતી વિષયની અધ્યન નિષ્પત્તિઓ અંગેનું પત્રક A નોઉપયોગ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં

ધોરણ 7ના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ગુજરાતી વિષયની અધ્યયન નિષ્પત્તિમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો..

ચાવીરૂપ શબ્દો : ઉચ્ચ પ્રાથમિક શાળા, સરસ્વતી તાલુકો, અધ્યયન નિષ્પત્તિ

<u>સંશોધન સારાંશ 46</u>

સંશોધક : પુરોહિત વીણા આર.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : ડો. છાયાબેન એમ. ત્રિવેદી

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

સ્ત્રી શિક્ષણ જાગૃતિ કાર્યક્રમની સંરચના અને અસરકારકતા

Construction of women Education Awareness program and Effectiveness

સંશોધનનું ક્ષેત્ર : માધ્યમિક શિક્ષણ, માપન અને મૂલ્યાંકન, સ્ત્રી શિક્ષણ

સંશોધનના હેતુઓ :

1. ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સ્ત્રી શિક્ષણ જાગૃતિ કાર્યક્રમની રચના કરવી.
2. ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સ્ત્રી શિક્ષણ જાગૃતિ તપાસવા માટે સ્ત્રી શિક્ષણ જાગૃતિ ઉત્તર કસોટીની સંરચના કરવી.
3. ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમા સ્ત્રી શિક્ષણ જાગૃતિ કાર્યક્રમની અસરકારકતા ચકાસવી.

સંશોધનની ઉત્કલ્પનાઓ :

1. પ્રાયોગિક જૂથ અને નિયંત્રણ જૂથના વિદ્યાર્થીઓએ સ્ત્રી શિક્ષણ જાગૃતિ આધારિત પૂર્વ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
2. પ્રાયોગિક જૂથ અને નિયંત્રણ જૂથના વિદ્યાર્થીઓએ સ્ત્રી શિક્ષણ જાગૃતિ આધારિત ઉત્તર કસોટીના મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
3. પ્રાયોગિક જુથના વિદ્યાર્થીઓએ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
4. નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીમાં મેળવલે પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

સંશોધનનાં ચલ : સ્વતંત્ર ચલ : સ્ત્રી શિક્ષણ જાગૃતિ કાર્યક્રમ ; પરતંત્ર ચલ : સ્ત્રી શિક્ષણ જાગૃતિ કાર્યક્રમ પરના પ્રાપ્તાંક ; નિયંત્રિત ચલ : ધોરણ, માધ્યમ, એકમ , વિસ્તાર, જાતિયતા, પ્રયોગનો સમયગાળો, શાળાનું વાતાવરણ

સંશોધનનો પ્રકાર : વ્યાવહારિક સંશોધન પૈકીનું સંખ્યાત્મક સંશોધન

સંશોધન પદ્ધતિ : પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ પૈકી સહેતુક નમૂના પસંદગીની રીતે શહેરી વિસ્તારની શ્રીમતી માણેકબેન કાલિદાસ સુણસરા ઉચ્ચતર માધ્યમિક શાળા, લક્ષ્મીપુરાના 100 વિદ્યાર્થીઓમાંથી આકસ્મિક ચિઠ્ઠી દ્વારા ૬0 વિદ્યાર્થીઓને નમૂના તરીકે લેવામાં આવ્યા હતા.

ઉપકરણ: સ્વનિર્મિત સ્ત્રી શિક્ષણ જાગૃતિ માપન કસોટી

પૃથક્કરણની રીત : પ્રાપ્તાંકો પર સરાસરી,પ્રમાણ વિચલન અને પ્રમાણભૂલ દ્વારા માહિતીનું પૃથક્કરણ ટી-કસોટી દ્વારા કરવામાં આવ્યું હતું.

સંશોધનના તારણો :

ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થી માટે રચવામાં આવેલ સ્ત્રી શિક્ષણ જાગૃતિ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. સ્ત્રી શિક્ષણ જાગૃતિ કાર્યક્રમને પરિણામે પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી ઊંચી જોવા મળી હતી માટે આ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના ઉત્તર કસોટી અને પૂર્વ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે મોટો તફાવત જોવા મળ્યો હતો જે સ્ત્રી શિક્ષણ જાગૃતિ કાર્યક્રમને આભારી હતો. નિયંત્રિત જુથના વિદ્યાર્થીઓના ઉત્તર કસોટી અને પૂર્વ કસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સમાનતા જોવા મળી હતી.

સંશોધનન ફલિતાર્થ :

ઉચ્ચતર માધ્યમિકનાં વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલ સ્ત્રી શિક્ષણ જાગૃતિ કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો હતો. આમ ઉપરોક્ત તારણ મુજબ સૂચવી શકાય કે કાર્યક્રમ દ્વારા જો વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય કરાવવામાં આવે તો તેમની શૈક્ષણિક સિદ્ધિમાં વધારો કરી શકાય છે. આમ ઉપરોક્ત તારણ મુજબ સૂચવી શકાય કે અન્ય સમાજ ઉપયોગી વિષયોમાં બહુમાધ્યમનો ઉપયોગ કરી શકાય.

ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધનનો હેતુ સ્ત્રી શિક્ષણ જાગૃતિ કાર્યક્રમની સંરચના અને અસરકારકતા તપાસવાનો હતો. પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાના આકસ્મિક ચિઠ્ઠી દ્વારા ૬૦ વિદ્યાર્થીઓને નમૂના તરીકે લેવામાં આવ્યા હતા. માહિતી એકત્રિકરણ માટે સ્ત્રી શિક્ષણ જાગૃતિ માપન કસોટીનો ઉપયોગ કર્યો હતો અને પ્રાપ્ત માહિતીના પ્રાપ્તાંકોનું સરાસરી,પ્રમાણ વિચલન દ્વારા માહિતીનું પૃથક્કરણ ટી કસોટી દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના ઉત્તર કસોટી અને પૂર્વ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે મોટો તફાવત જોવા મળ્યો હતો જે સ્ત્રી શિક્ષણ જાગૃતિ કાર્યક્રમને આભારી હતો. નિયંત્રિત જુથના વિદ્યાર્થીઓના ઉત્તર કસોટી અને પૂર્વ કસોટીનાં પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સમાનતા જોવા મળી હતી. જેમાં ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓ માટે રચવામાં આવેલ સ્ત્રી શિક્ષણ જાગૃતિ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.

ચાવીરૂપ શબ્દો : સ્ત્રી શિક્ષણ, કેળવણી, જાગૃત

---

## પ્રકરણ - 7

## શિક્ષણનું મનોવિજ્ઞાન (47 થી 55)

સંશોધન સારાંશ 47

**સંશોધક : ચૌધરી અલ્પેશકુમાર ડી.**

**કોલેજ : શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર**

**માર્ગદર્શક : ડૉ. છાયાબેન એમ. ત્રિવેદી**

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** : 2021-23 / HNGU, Patan / M.Ed.

**સંશોધન શીર્ષક:**

**ધાનેરા તાલુકામાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં પ્રવર્તમાન અંધશ્રદ્ધાનો અભ્યાસ**

A Study Of Superstition Among Students Of Science Stream In Dhanera Taluka

**સંશોધનનુ ક્ષેત્ર: શિક્ષણનું મનોવિજ્ઞાન, શૈક્ષણિક પરીક્ષણ અને મૂલ્યાંકન**

**સંશોધનના હેતુઓ :**

1. ધાનેરા તાલુકામાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં પ્રવર્તમાન અંધશ્રદ્ધાનો અભ્યાસ અને અભિપ્રાયાવલિની સંરચના કરવી.
2. ધાનેરા તાલુકામાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં જાતિવાર અંધશ્રદ્ધાના પ્રમાણનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો :**

1. વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અંધશ્રદ્ધા અંગે કેટલે અંશે જાણતા હશે ?
2. વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અંધશ્રદ્ધા પ્રત્યે કેવું વિચારતા હશે?

3. વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ જુદી જુદી અંધશ્રદ્ધા વિશે છોકરીઓ અને છોકરાઓના અભિપ્રાયો -કેવા હશે ?

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ : જાતિયતા; પરતંત્ર ચલ : અભિપ્રાયાવલિ ; અંકુશિત ચલ : વિષય, ગુજરાતી માધ્યમ, શૈક્ષણિક કક્ષા

સંશોધનનો પ્રકાર : વ્યાવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પધ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : ધાનેરા તાલુકાની ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં ધો-11 અને 12 ના કુલ 150 વિદ્યાર્થીઓને સ્તરીકૃત યાદચ્છિક ઝૂમખા નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા હતા.

ઉપકરણ : સ્વરચિત અભિપ્રાયાવલિ

પૃથક્કરણની રીત : અંકશાસ્ત્રીય પ્રયુક્તિ તરીકે કાઇ-વર્ગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સંશોધનના તારણો :

વારને લગતી અંધશ્રદ્ધામાં સામાન્ય રીતે જોતાં 10.33% વિદ્યાર્થીઓ સંપૂર્ણ સહમત, 16.66% વિદ્યાર્થીઓ અસહમત, 31.66% વિદ્યાર્થીઓ અસહમત, 15.88% વિદ્યાર્થીઓ તટસ્થ તેમજ 25.44% સંપૂર્ણ અસહમત છે. આથી કહી શકાય કે વારને લગતી અંધશ્રદ્ધામાં વિદ્યાર્થીઓ સંપૂર્ણ અસહમત છે તેથી વારને લગતી અંધશ્રદ્ધાનું ઓછું પ્રમાણ વિદ્યાર્થીઓમાં જોવા મળે છે. અન્ય અંધશ્રદ્ધામાં સામાન્ય રીતે છોકરીઓમાં જોતાં 8.49% સંપૂર્ણ સહમત, 11.15% સહમત, 16.56% અસહમત, 33.82% તટસ્થ તેમજ 29.96% સંપૂર્ણ અસહમત છે આથી કહી શકાય કે વિધાન નંબર 3/4/5/6/7/17/18/20/21/22/23/24/25/27/33/35 માં છોકરાઓ કરતાં છોકરીઓનું તટસ્થતાનું પ્રમાણ વધુ જોવા મળે છે.

સંશોધનના ફલિતાર્થ :

શિક્ષણમાં પરિવર્તન લાવવા માટે વિદ્યાર્થીઓમા વૈચારિક ક્રાંતિ લાવવી જરૂરી છે. આ ક્રાંતિ લાવવાનું કામ શિક્ષક જ સારા પ્રમાણમાં કરી શકે પરંતુ આજના આધુનિક યુગના શિક્ષકોમાં પણ અંધશ્રદ્ધા/ખોટી માન્યતાઓ વગેરેમાં માને છે તથા બાળકોને પણ તે બાબતમાં માનતા કારવા માટે ઉત્પ્રેરિત કરે છે. આવા સંજોગોમાં અંધશ્રદ્ધા અંગેના કેટલાક ખ્યાલોનો અભ્યાસ કરવો જરૂરી છે. તેમાં ખાસ કરીને શિક્ષણ ક્ષેત્રે મહત્વની ભૂમિકા ભજવી રહેલા એવા શિક્ષકોની અંધશ્રદ્ધા અંગેના ખ્યાલોનો તુલનાત્મક અભ્યાસ કરવો જરૂરી બને છે જેના કારણે શિક્ષણમાં સમૂળી ક્રાંતિ લાવી શકાય.

ઉપસંહાર:

પ્રસ્તુત સંશોધનનો હેતુ ધાનેરા તાલુકામાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં ધો-11 અને 12 ના વિદ્યાર્થીઓમાં પ્રવર્તમાન અંધશ્રદ્ધાનો અભ્યાસ કરવાનો છે. તેમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે ધાનેરા તાલુકાની ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં ધો-11 અને 12 ના વિદ્યાર્થીઓનો સ્વીકાર કરેલ છે. તથા નમૂના તરીકે 150 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા. માહિતીનું પૃથક્કરણ અભિપ્રાયાવલિ દ્વારા કરવામાં આવ્યું. વારને લગતી અંધશ્રદ્ધામાં સામાન્ય રીતે જોતાં 10.33% વિદ્યાર્થીઓ સંપૂર્ણ સહમત, 16.66% વિદ્યાર્થીઓ અસહમત, 31.66% વિદ્યાર્થીઓ અસહમત, 15.88% વિદ્યાર્થીઓ તટસ્થ તેમજ 25.44% સંપૂર્ણ અસહમત છે. આથી કહી શકાય કે વારને લગતી અંધશ્રદ્ધામાં વિદ્યાર્થીઓ સંપૂર્ણ અસહમત છે તેથી વારને લગતી અંધશ્રદ્ધાનું ઓછું પ્રમાણ વિદ્યાર્થીઓમાં જોવા મળે છે. અન્ય અંધશ્રદ્ધામાં સામાન્ય રીતે છોકરીઓમાં જોતાં 8.49% સંપૂર્ણ સહમત, 11.15% સહમત, 16.56% અસહમત, 33.82% તટસ્થ તેમજ 29.96% સંપૂર્ણ અસહમત છે

ચાવીરૂપ શબ્દો: અંધશ્રદ્ધા, વિજ્ઞાન પ્રવાહ

<u>સંશોધન સારાંશ 48</u>

સંશોધક : જોષી ચક્ષુ સી.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધનનું શીર્ષક :

ધોરણ ૯ ના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ

A Study of Spiritual Intelligence of the Standard 9th Students with Reference to Some variable

સંશોધનનું ક્ષેત્ર- શિક્ષણનું મનોવિજ્ઞાન, શિક્ષણનું તત્વજ્ઞાન

સંશોધનના હેતુઓ :

1. ધોરણ-૯ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિનું માપન કરવું.
2. ધોરણ-૯ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિ પર જાતીયતા, વિસ્તાર અને કુટુંબના પ્રકારની અસર તપાસવી.

સંશોધનના પ્રશ્નો :

1. છોકરાઓ અને છોકરીઓએ આધ્યાત્મિક બુદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
2. શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓએ આધ્યાત્મિક બુદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
3. સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબના વિદ્યાર્થીઓએ આધ્યાત્મિક બુદ્ધિ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ- જાતિ, વિસ્તાર, કુટુંબનો પ્રકાર

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પદ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો- બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ પૈકી ધોરણ-૯ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ.

ઉપકરણ : સ્વ રચિત આધ્યાત્મિક કસોટી

પૃથક્કરણની રીત : માહિતીના આંકડાશાસ્ત્રીય પૃથક્કરણમાં સરાસરી, પ્રમાણિત વિચલન, મધ્યસ્થ, ચતુર્થકો દ્વારા સાંખ્યિકી ગણતરી કરી હતી.

સંશોધનના તારણો :

છોકરાઓ અને છોકરીઓની આધ્યાત્મિક બુદ્ધિમાં તફાવત હતો એટલે કે છોકરાઓ કરતા છોકરીઓ ચડિયાતી હતી. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિમાં તફાવત હતો એટલે કે શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ કરતા ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ ચડીયાતા હતા. સંયુક્ત અને વિભક્ત કુટુંબના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિમાં તફાવત ન હતો. એટલે કે સંયુક્ત અને વિભક્ત કુટુંબના વિદ્યાર્થીઓ સમાન હતા.

સંશોધનના ફલિતાર્થ :

વર્તમાન સમયમાં આર્થિક મૂલ્યોનું મહત્વ વધી રહ્યું છે. નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો વિસરાઈ રહ્યા છે. બાળકમાં આધ્યાત્મિક મૂલ્ય માટે શ્રદ્ધા ઉત્પન્ન કરવા માટે એવી પરિસ્થિતિનું સર્જન કરવું જોઈએ કે જેમાં રહીને તે પવિત્ર જીવન જીવીને આધ્યાત્મિકતા પ્રાપ્ત કરી શકે.બાળકનો આધ્યાત્મિક વિકાસ કરવા માટે તેની જન્મજાત પ્રકૃતિને આધ્યાત્મિક પ્રવૃત્તિમાં બદલવી જરૂરી છે. આ માટે શિક્ષકો, આચાર્યો, વાલીઓ, સમાજના અગ્રણીઓ, સાધુ સંતો અને શિક્ષણનીતિઓ દ્વારા જો

આધ્યાત્મિક મૂલ્યાભિમુખતાની બાબતમાં વધારે ધ્યાન આપવામાં આવે, ઉપરાંત જે તે બાબતને ધ્યાનમાં રાખીને શિક્ષણ કાર્ય કરે તો વિદ્યાર્થીઓ આધ્યાત્મિક મૂલ્યના ઘટકોમાં ભિન્નતા આવવામાં ઘટાડો લાવી શકાય.

ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય ઉદ્દેશ ધોરણ-૯ના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ કરવાનો હતો. આ સંશોધન માટે સ્વરચિત ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આધ્યાત્મિક બુદ્ધિના ચલો પૈકી કુટુંબનો પ્રકાર ચલમાં છોકરાઓ અને છોકરીઓ સમાન જોવા મળે છે જ્યારે જાતિ અને વિસ્તાર જેવા ચલોની બાબતમાં ભિન્નતા જોવા મળે છે. આધ્યાત્મિક બુદ્ધિની બાબતમાં છોકરીઓ વધુ હકારાત્મકતા ધરાવે છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓમાં ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ વધુ હકારાત્મકતા ધરાવે છે. છોકરાઓ અને છોકરીઓની આધ્યાત્મિક બુદ્ધિમાં તફાવત હતો એટલે કે છોકરાઓ કરતા છોકરીઓ ચડિયાતી હતી. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિમાં તફાવત હતો એટલે કે શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ કરતા ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ ચડીયાતા હતા.

ચાવીરૂપ શબ્દો : આધ્યાત્મિકતા, બુદ્ધિ, આધ્યાત્મિક બુદ્ધિ

<u>સંશોધન સારાંશ 49</u>

સંશોધક : વડનગરા જીજ્ઞાસા કે.

કોલેજ : શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર.

માર્ગદર્શક : ડૉ. જ્યોત્સનાબેન એલ. બારડ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

ધોરણ- 9 ના વિદ્યાર્થીઓના અનુકૂલનનો સ્વ-સન્માનના સંદર્ભમાં અભ્યાસ

A Study Of Adjustment Of Std. 9 Students In Relation To Self Esteem

સંશોધનનું ક્ષેત્ર : શિક્ષણનું મનોવિજ્ઞાન

સંશોધનના હેતુઓ :

1. ધોરણ 9 ના વિદ્યાર્થીઓના અનુકૂલનનો અભ્યાસ કરવો.
2. ધોરણ 9 ના વિદ્યાર્થીઓના અનુકૂલનનો જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.
3. ધોરણ 9 ના વિદ્યાર્થીઓના સ્વ-સન્માનની કક્ષાનું માપન કરવું.
4. ધોરણ 9 ના વિદ્યાર્થીઓના અનુકૂલનનો સ્વ-સન્માનના ઘટકોના સંદર્ભમાં અભ્યાસ કરવો.

સંશોધનની ઉત્કલ્પનાઓ :

1. ઉચ્ચ અને નિમ્ન સ્વ-સન્માન ધરાવતા વિદ્યાર્થીઓમાં અનુકૂલનના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
2. ઉચ્ચ અને નિમ્ન સ્વ-સન્માનના જૂથ ઘટક ધરાવતા વિદ્યાર્થીઓના અનુકૂલનના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
3. ઉચ્ચ અને નિમ્ન સ્વ-સન્માનના સામાજિક સ્વ ના ઘટક ધરાવતા વિદ્યાર્થીઓના અનુકૂલનના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ : સ્વ સન્માન ; પરિવર્તિત ચલ : જાતિ ; પરતંત્ર ચલ : અનુકૂલન

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પદ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો :પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ પૈકી ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના ધોરણ-09 ના 300 વિદ્યાર્થીઓ.

ઉપકરણ : સ્વ-રચિત સ્વ સન્માન સંશોધિની અને ડો. કે.જી.દેસાઈ રચિત અનુકૂલન સંશોધિની

પૃથક્કરણની રીત : પૃથક્કરણની રીતમાં મધ્યક, પ્રમાણિત વિચલન, અને ટી-કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સંશોધનના તારણો :

ઉચ્ચ સ્વ-સન્માન ધરાવતા વિદ્યાર્થીઓ નિમ્ન સ્વ-સન્માન ધરાવતા વિદ્યાર્થીઓ કરતા વધુ અનુકૂલિત જોવા મળે છે. ઉચ્ચ સ્વ સન્માન ધરાવતા છોકરાઓ નિમ્ન સ્વ સન્માન ધરાવતા છોકરાઓ કરતા વધુ અનુકૂલિત જોવા મળે છે. ઉચ્ચ સ્વ સન્માન ધરાવતી છોકરીઓ નિમ્ન સ્વ સન્માન ધરાવતી છોકરીઓ કરતા વધુ અનુકૂલિત જોવા મળે છે. ઉચ્ચ સ્વ સન્માન જૂથ ઘટક ધરાવતા વિદ્યાર્થીઓ નિમ્ન સ્વ સન્માન ધરાવતા વિદ્યાર્થીઓ કરતા વધુ અનુકૂલિત જોવા મળે છે. ઉચ્ચ અને નિમ્ન સ્વ સન્માનના જૂથ ઘટક ધરાવતા છોકરાઓ અનુકૂલનમાં સમાન જોવા મળે છે.

સંશોધનના ફલિતાર્થ :

છોકરાઓનું સ્વ સન્માન વધારવા માટે સ્વ સન્માન ને લગતી પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ. સંચાલક મંડળે જે તે ધોરણ ને લગતા અભ્યાસ સિવાયના પુસ્તકો ગ્રંથાલયમાં વિકસાવવા જોઈએ. વિદ્યાર્થીઓમાં સ્વ સન્માન વધારવા માટે શિક્ષકો વાલી મીટીંગ રાખી દરેક બાળક પ્રત્યે સમાનતા રાખવી તે વિશે ચર્ચા કરવી. આચાર્યોએ વિદ્યાર્થીઓએ ગ્રંથાલયનો ઉપયોગ કરી વધુ વાંચન માટે પ્રેરાય તેવા ધારા ધોરણો નક્કી કરવા જોઈએ. વિદ્યાર્થીઓને શૈક્ષણિક સમસ્યા માટે નિદાન કેમ્પનું આયોજન રાખવું જોઈએ. વિદ્યાર્થીઓના વિવિધ સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે માર્ગદર્શન પરિષદનું આયોજન કરવું જોઈએ.

ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધનમાં ધોરણ 9ના વિદ્યાર્થીઓના અનુકૂલનનો સ્વ સન્માનના સંદર્ભમાં અભ્યાસ કરવામાં આવેલ હતો. સંશોધનનો મુખ્ય હેતુ એ વિદ્યાર્થીઓના અનુકૂલનનો સ્વ સન્માનના સંદર્ભમાં અભ્યાસ કરવાનો હતો. જેમાં વ્યાપવિશ્વ તરીકે બનાસકાંઠા જિલ્લાની પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાના ધોરણ 9ના 300 વિદ્યાર્થીઓ લેવામાં આવ્યા હતા. સંશોધકનું ક્ષેત્ર એ શિક્ષણનું મનોવિજ્ઞાન હતું. આ સંશોધનની વ્યવહારિક પ્રકારે કરવામાં આવ્યું હતું. જેમાં પૃથક્કરણ ની રીત મધ્યક, પ્રમાણિત વિચલનઅને ટી-કસોટી ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સંશોધનમાં ઉચ્ચ સ્વસન્માન ધરાવતા વિદ્યાર્થીઓ કરતા નિમ્ન સ્વ સન્માન ધરાવતા વિદ્યાર્થીઓ વધુ અનુકૂલિત જોવા મળે છે. આ સંશોધન દ્વારા વિદ્યાર્થીઓમાં અનુકૂલન અને સ્વ-સન્માન વધારી શકાય છે.

ચાવીરૂપ શબ્દો : અનુકૂલન, સ્વ સન્માન, અભ્યાસ

<u>સંશોધન સારાંશ 50</u>

સંશોધક : ગામી મુકેશકુમાર એમ.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : ડૉ. છાયાબેન એમ. ત્રિવેદી

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાઓમાં ધોરણ -10 માં સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓની અભિરુચિ વધારવા માટેના કાર્યક્રમની રચના અને તેની અસરકારકતા

Construction And Effectiveness Of Interest growing Programme For The Student Of Social Science Subject Of Standrad - 10 In PalanpurTaluka

સંશોધન નું ક્ષેત્ર: સામાજિક વિજ્ઞાન શિક્ષણ, શિક્ષણનું મનોવિજ્ઞાન, માધ્યમિક શિક્ષણ

સંશોધનના હેતુઓ :

1. વિદ્યાર્થીઓ માટે સામાજિક વિજ્ઞાન વિષયમાં અભિરુચિ જાણવા માટે અભિરુચિ સંશોધનિકાની રચના કરવી.
2. સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓની અભિરુચિ વધારવા માટેના શૈક્ષણિક કાર્યક્રમની રચના કરવી.
3. સામાજિક વિજ્ઞાન વિષયમાં અભિરુચિ કાર્યક્રમની અસરકારકતા તપાસવી.
4. અભિરુચિ કાર્યક્રમની અસરકારકતા જાતીયતાના સંદર્ભમાં તપાસવી.

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ : અભિરુચિ કાર્યક્રમ ; પરતંત્ર ચલ : અભિરુચિ સંશોધનીકા કસોટીના પ્રાપ્તાંકો ; અંકુશિત ચલ: ધોરણ, માધ્યમ ; પરિવર્તક ચલ : જાતીયતા

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પદ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની વર્ષ 2022-23 ની માધ્યમિક શાળાઓ પૈકી સહેતુક નમૂના પસંદગીથી શ્રી ટી. ડી. શાહ વિધાલય સાગ્રોસણા ધોરણ 10 ના 30 વિદ્યાર્થીઓ.

ઉપકરણ : સ્વ રચિત અભિરુચિ સંશોધનિકા

પૃથક્કરણની રીત : ટી-કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

સંશોધનના તારણો :

આ કાર્યમાં સામાજિક વિજ્ઞાનમાં પૂર્વ કસોટીમાં અને ઉત્તર કસોટીમાં પ્રાપ્તાંક મેળવ્યા જેમાંપૂર્વ કસોટી કરતા ઉત્તર કસોટીના કુલ પ્રાપ્તાંકો વધુ છે. તેથી અભિરુચિ ઊંચી જોવા મળી હતી. સામાજિક વિજ્ઞાન અભિરુચિ વૃદ્ધિ કાર્યક્રમ આપ્યા પહેલા કરતા કાર્યક્રમ આપ્યા પછી વિદ્યાર્થીઓમાં અભિરુચિ વૃદ્ધિનો વિકાસ થયો હતો. ધોરણ 10 ના કુમારોમા અને કન્યાઓમાં અભિરુચિ વૃદ્ધિ કાર્યક્રમ આપ્યા પહેલા કરતા અભિરુચિ વૃદ્ધિ કાર્યક્રમ આપ્યા પછી અભિરુચિ વૃદ્ધિનો વિકાસ થયો હતો. તેથી કહી શકાય કે સામાજિક વિજ્ઞાન અભિરુચિ વૃદ્ધિ કાર્યક્રમ ખુબ અસરકારક રહ્યો હતો. કુમાર અને કન્યાઓના પૂર્વ કસોટી કરતા ઉત્તર કસોટીના સરેરાશ અંકો ઊંચા હતા

સંશોધનના ફલિતાર્થ :

સંશોધકે અભ્યાસના તારણો પરથી ફલીત થતી બાબતો આ મુજબ દર્શાવી છે. સામાજિક વિજ્ઞાનનું અભિરુચિ વૃદ્ધિ વિકસાવવા માટે સામાજિક વિજ્ઞાન અભિરુચિવૃદ્ધિ કાર્યક્રમ અસરકારક બન્યો હતો. ધોરણ 10ના વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાનના શિક્ષણમાં અભીરૂચિનું પ્રમાણ નબળું હતું. જે કાર્યક્રમથી સુધારી શકાયું હતું. આમ વર્ગ કાર્ય દરમિયાન આ રીતે વિવિધ પ્રવૃત્તિ કરાવી ઉપચાર કાર્ય કરવામાં આવે તો વિદ્યાર્થીઓમાં અભિરુચિ વૃદ્ધિનો વિકાસ કરી શકાય.

ઉપસંહાર :

પ્રસ્તુત અભ્યાસનો હેતુ પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાઓમાં ધોરણ -10 માં સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓની અભિરુચિ વધારવા માટેના કાર્યક્રમની રચના અને તેની અસરકારકતા તપાસવાનો હતો. આ કાર્યમાં સામાજિક વિજ્ઞાનમાં પૂર્વ કસોટીમાં અને ઉત્તર કસોટીમાં પ્રાપ્તાંક મેળવ્યા જેમાંપૂર્વ કસોટી કરતા ઉત્તર કસોટીના કુલ પ્રાપ્તાંકો વધુ છે. તેથી અભિરુચિ ઊંચી જોવા મળી હતી. સામાજિક વિજ્ઞાન અભિરુચિ વૃદ્ધિ કાર્યક્રમ આપ્યા પહેલા કરતા કાર્યક્રમ આપ્યા પછી વિદ્યાર્થીઓમાં અભિરુચિ વૃદ્ધિનો વિકાસ થયો હતો. ધોરણ 10 ના કુમારોમા અને કન્યાઓમાં અભિરુચિ વૃદ્ધિ કાર્યક્રમ આપ્યા પહેલા કરતા અભિરુચિ વૃદ્ધિ કાર્યક્રમ આપ્યા પછી અભિરુચિ વૃદ્ધિનો વિકાસ થયો હતો. તેથી કહી શકાય કે સામાજિક વિજ્ઞાન અભિરુચિ વૃદ્ધિ કાર્યક્રમ ખુબ અસરકારક રહ્યો હતો. કુમાર અને કન્યાઓના પૂર્વ કસોટી કરતા ઉત્તર કસોટીના સરેરાશ અંકો ઊંચા હતા.

ચાવીરૂપ શબ્દો : અભિરુચિ વૃદ્ધિ કાર્યક્રમ, સામાજિક વિજ્ઞાન, અભિરૂચિ,

<u>સંશોધન સારાંશ 51</u>

સંશોધક : નાયક પંકજકુમાર વી.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર

માર્ગદર્શક : ડૉ. છાયાબેન એમ ત્રિવેદી

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધનનું શીર્ષક :

ધોરણ 9 ના વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાન વિષય પરત્વેના વલણોના કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ

A Study of Attitude Toward Social Science Subject of Standard-IX Students in Contex Certain Variables

**સંશોધનનું ક્ષેત્ર :** માધ્યમિક શિક્ષણ, શિક્ષણનું સમાજશાસ્ત્ર, શિક્ષણનું મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ :**

1. માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યેના વલણોનો અભ્યાસ કરવો તથા વલણ માપદંડની રચના કરવી.
2. માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષય પરત્વેના વલણોના તેમના વિસ્તાર અને જાતીયતાના સંદર્ભમાં અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો :**

1. માધ્યમિક શાળાના છોકરા તથા છોકરીઓના સામાજિક વિજ્ઞાન વિષય પરત્વેના વલણ માપદંડ પરના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત નહીં હોય
2. માધ્યમિક શાળામાં ગ્રામીણ તથા શહેરી વિસ્તારની વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષય પરત્વેના વલણ માપદંડ પરના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ :** સ્વતંત્ર ચલ : વિસ્તાર , જાતિ; પરતંત્ર ચલ : સામજિક વિજ્ઞાન વિષય પરત્વેના વલણો ; પરિવર્તક ચલ : કક્ષા- 1 છોકરીઓ , કક્ષા- 2 છોકરાઓ

**સંશોધનનો પ્રકાર :** વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ :** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો :** વડગામ તાલુકાની શહેરી તથા ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાના ધોરણ 9 ના સામાજિક વિજ્ઞાન વિષયના વિદ્યાર્થીઓ પૈકી શહેરી વિસ્તારની ત્રણ તથા ગ્રામ્ય વિસ્તારની ત્રણ એમ મળીને છ શાળા નમૂના તરીકે પસંદ કરેલ છે.

**ઉપકરણ :** સ્વરચિત અભિપ્રાયવલી

**પૃથક્કરણની રીત :** મધ્યસ્થ, પ્રમાણ વિચલન, વિચરણ, વિષમતા, વિષમતાની પ્રમાણભૂલ, કકુદતા, કકુદતાની પ્રમાણભૂલ, શતાંશસ્થ દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**સંશોધનના તારણો :**

છોકરાઓ અને છોકરીઓ સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યેના વલણોમાં સાર્થક તફાવત જણાયો ન હતો.એટલે કે છોકરાઓની તુલનાએ છોકરીઓના સામાજિક વિજ્ઞાન વિષય પરત્વેના વલણો વધુ ઊંચા અને હકારાત્મક જાણવા મળ્યા હતા. ગ્રામિણ તથા શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યેના વલણોનો સરેરાશ તફાવત સાર્થક જણાયો હતો. અર્થાત્ શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની તુલનાએ ગ્રામિણ વિસ્તારના સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યેના વલણો વધારે ઊંચા પ્રકારના અને હકારાત્મક જોવા મળ્યા હતા. ગ્રામિણ તથા શહેરી વિસ્તારના છોકરાઓ સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યેના વલણાંકોનો સરેરાશ તફાવત સાર્થક જણાયો હતો. અર્થાત્ શહેરી વિસ્તારના છોકરાઓ ગ્રામિણ વિસ્તારના છોકરાઓ કરતા સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યે વધુ હકારાત્મક વલણ ધરાવે છે. ગ્રામિણ તથા શહેરી વિસ્તારની છોકરીઓ સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યેના વલણાંકોનો સરેરાશ તફાવત સાર્થક જણાયો હતો. અર્થાત્ ગ્રામિણ વિસ્તારની છોકરીઓ શહેરી વિસ્તારની છોકરીઓ કરતાં સામાજિક વિજ્ઞાન વિષયપ્રત્યે વધુ હકારાત્મક વલણ ધરાવે છે.

**સંશોધનના ફલિતાર્થ :**

ધોરણ 9 ના સામાજિક વિજ્ઞાન વિષયના વિદ્યાર્થીઓના વલણોની કક્ષાનું પ્રમાણ જાણી તેની પાછળ કેટલા પ્રમાણમાં જે તે શાળાના વિદ્યાર્થીઓના શિક્ષકોના સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યેના વિચારો તથા વર્તનો સર્જવામાં ભાગ ભજવે છે તે જાણી શકાશે. શિક્ષકો તેમના વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યેના વલણો જાણીને તે વલણોને વધુ હકારાત્મક કેવી રીતે બનાવવા તથા નકારાત્મક વલણો કેવી રીતે દૂર કરી શકાશે તે માટેની માહિતી તથા સૂચનો જણાવી જરૂરી પ્રયત્નો કરવામાં મદદરૂપ થશે.

ઉપસંહાર :

પ્રસ્તુત અભ્યાસનો હેતુ ધોરણ 9 ના વિદ્યાર્થીઓની સામાજિક વિજ્ઞાન વિષય પરત્વેના વલણોના કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ કરવાનો હતો. વડગામ તાલુકાની શહેરી તથા ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાના ધોરણ 9 ના સામાજિક વિજ્ઞાન વિષયના વિદ્યાર્થીઓ પૈકી શહેરી વિસ્તારની ત્રણ તથા ગ્રામ્ય વિસ્તારની ત્રણ એમ મળીને છ શાળા નમૂના તરીકે પસંદ કરેલ છે. છોકરાઓ અને છોકરીઓ સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યેના વલણોમાં સાર્થક તફાવત જણાયો ન હતો.એટલે કે છોકરાઓની તુલનાએ છોકરીઓના સામાજિક વિજ્ઞાન વિષય પરત્વેના વલણો વધુ ઊંચા અને હકારાત્મક જાણવા મળ્યા હતા. ગ્રામિણ તથા શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યેના વલણોનો સરેરાશ તફાવત સાર્થક જણાયો હતો. અર્થાત્ શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની તુલનાએ ગ્રામિણ વિસ્તારના સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યેના વલણો વધારે ઊંચા પ્રકારના અને હકારાત્મક જોવા મળ્યા હતા.
ચાવીરૂપ શબ્દો : સામાજિક વિજ્ઞાન, વલણો

<u>સંશોધન સારાંશ 52</u>

સંશોધક : સોલંકી પવનબા પી.
કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્ કોલેજ, પાલનપુર
માર્ગદર્શક : ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ
વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.
સંશોધન શીર્ષક :
પાલનપુર તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિધાર્થીઓના હિન્દી વિષય પ્રત્યેના મનોવલણોનો અભ્યાસ
A Study on the Attitude of Higher Secondary School Stundents of Palanpur Taluka Towards Hindi Subject

સંશોધનનુ ક્ષેત્ર : શિક્ષણનુ મનોવિજ્ઞાન
સંશોધનના હેતુઓ :

1. ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ધોરણ 11 અને 12 નાં વિધાર્થીઓના હિન્દી વિષય અંગેના મનોવલણો જાણવા.
2. ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ધોરણ 11 અને 12 નાં વિધાર્થીઓની જાતિયતા અને વિસ્તારના સંદર્ભમાં હિન્દી વિષય પ્રત્યેના મનોવલણો પર અસર તપાસવી.

સંશોધનની ઉત્કલ્પનાઓ :

1. કુમાર અને કન્યાઓનાં હિન્દી વિષય પ્રત્યેના મનોવલણોમાં કોઇ સાર્થક તફાવત નહિ હોય.
2. શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારના વિધાર્થીઓનાં હિન્દી વિષય પ્રત્યેના મનોવલણોમાં કોઇ સાર્થક તફાવત નહિ હોય.

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ : જાતિયતા, વિસ્તાર; પરતંત્ર ચલ : હિન્દી વિષય પ્રત્યેના મનોવલણો ; અંકુશિત ચલ : વિષય
સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન
સંશોધનની પદ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ
વ્યાપવિશ્વ અને નમૂનો : પાલનપુર તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ પૈકી ગ્રામ્ય વિસ્તારની 4 અને શહેરી વિસ્તારની 4 શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ 11, 12 ના 400 વિધાર્થીઓ.
ઉપકરણ : સ્વરચિત વલણ માપદંડ
પૃથકકારણની રીત : સરાસરી,પ્રમાણ વિચલન, ટી- કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
સંશોધનના તારણો :

કુમાર અને કન્યાઓનાં હિન્દી વિષય પ્રત્યે સમાન મનોવલણો ધરાવે છે. શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારના વિધાર્થીઓ હિન્દી વિષય પ્રત્યે સમાન મનોવલણ ધરાવે છે. ગ્રામ્ય વિસ્તારના કુમાર કરતાં કન્યાઓ હિન્દી વિષય પ્રત્યે ઊંચો મનોવલણ આંક ધરાવે છે. શહેરી વિસ્તારના કુમાર એ શહેરી વિસ્તારની કન્યાઓ કરતાં હિન્દી વિષય પ્રત્યે ઊંચો મનોવલણ આંક ધરાવે છે.

સંશોધનના ફલિતાર્થ :

વિદ્યાર્થીઓ હિન્દી વિષય પ્રત્યે સજાગ બનશે. શિક્ષકો હિન્દી વિષયનું અસરકારક અધ્યાપન મોડલ બનાવવા પ્રેરાશે. વાલીઓને હિન્દી વિષયનું મહત્વ આંકવા મદદરૂપ બનશે પોતાના બાળકને હિન્દી વિષયનું મહત્વ સમજાવશે. પ્રસ્તુત સંશોધન દ્વારા શાળા હિન્દી વિષયને અસરકારક બનાવવા વિવિધ પધ્ધતિઓ ઉપયોગમાં લેશે.

ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધનમા પાલનપુર તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓનાં હિન્દી વિષય પ્રત્યેના મનોવલણોનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. જે વ્યાવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક પ્રકારનુ સંશોધન હતુ. આ સર્વેક્ષણ સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે પાલનપુર તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળા અને નમુના તરીકે ધોરણ 11 અને 12 મા વર્ષ 2022-2023 દરમિયાન અભ્યાસ કરતાં 400 વિધાર્થીઓ હતા. આ સંશોધનમાં ઉપકરણ તરીકે સ્વરચિત મનોવલણ માપદંડની રચના કરવામાં આવી હતી અને સરાસરી, પ્રમાણ વિચલન, ટી કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતુ. જે પરથી તારણો તારવવામાં આવ્યા હતા કે કુમાર અને કન્યાઓનાં હિન્દી વિષય પ્રત્યે સમાન મનોવલણો ધરાવે છે. ગ્રામ્ય વિસ્તારના કુમાર કરતા કન્યાઓ હિન્દી વિષય પ્રત્યે ઊંચો મનોવલણ આંક ધરાવે છે. શહેરી વિસ્તારના કુમાર એ શહેરી વિસ્તારની કન્યાઓ કરતા હિન્દી વિષય પ્રત્યે ઊંચો મનોવલણ આંક ધરાવે છે.

ચાવીરૂપ શબ્દો : મનોવલણ

<u>સંશોધન સારાંશ 53</u>

સંશોધક : દરબાર શૈલેષકુમાર કે.

કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર.

માર્ગદર્શક : શ્રી પિયુષકુમાર કે. પંચોલી

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

માધ્યમિક શાળાના ધોરણ 9 ના વિધાર્થીઓની ગણિત વિષયમાં અરૂચિના કારણોની તપાસ

Examination of the causes of distaste in the subject of mathematics of the students of std. 9 of the secondary school

સંશોધનનું ક્ષેત્ર : ગણિત શિક્ષણ , શિક્ષણનું મનોવિજ્ઞાન

સંશોધનના હેતુઓ :

1. માધ્યમિક શાળાના ધોરણ ૯ ના વિધાર્થીઓમાં ગણિત વિષય પ્રત્યે અરૂચિના કારણો જાણવા માટે ઉપકરણની રચના કરવી.
2. માધ્યમિક શાળાના ધોરણ ૯ ના વિધાર્થીઓમાં ગણિત વિષય પ્રત્યે અરૂચિના કારણો જાણવા.

સંશોધનના પ્રશ્નો :

1. માધ્યમિક શાળાના ધોરણ ૯ ના વિધાર્થીઓમાં ગણિત વિષય પ્રત્યે કેવા પ્રકારની અરૂચિ જોવા મળતી હશે.
2. માધ્યમિક શાળાના ધોરણ ૯ ના વિધાર્થીઓમાં ગણિત વિષય પ્રત્યે અરૂચિના મુખ્ય કારણો શું હશે ?
3. માધ્યમિક શાળાના ધોરણ ૯ ના વિધાર્થીઓમાં ગણિત વિષય પ્રત્યે અરૂચિના ગૌણ કારણો શું હશે ?

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પદ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળામાં વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ધોરણ ૯ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૈકી બિન સંભાવ્ય નમૂના પસંદગીની ચાર રીતો પૈકી કુલ ૬૦ વિધાર્થીઓ અનુકૂળ નમૂના પસંદગીની રીતે પસંદ કરવામાં આવ્યા હતા.

ઉપકરણ : સ્વ- રચિત પ્રશ્નાવલિ

પૃથક્કરણની રીત : માહિતી એકત્રીકરણ કરી સાદી ટકાવારી કાઢી તેનું પૃથક્કરણ કરવામાં આવ્યું છે.

**સંશોધનના તારણો :**

**પ્રશ્નના સંદર્ભમાં શાળાનાં કુલ 60 વિધાર્થીઓમાંથી 28 (46.67 %) વિધાર્થીઓએ હા માં જવાબ આપ્યો, જ્યારે 32 (53.33 %) વિધાર્થીઓએ ના માં જવાબ આપ્યો હતો. પ્રશ્નના સંદર્ભમાં શાળાનાં કુલ 60 વિધાર્થીઓમાંથી 21 (35 %) વિધાર્થીઓએ હા માં જવાબ આપ્યો, જ્યારે 39 (65 %) વિધાર્થીઓએ ના માં જવાબ આપ્યો હતો. પ્રશ્નના સંદર્ભમાં શાળાનાં કુલ 60 વિધાર્થીઓમાંથી 1 (1.67 %) વિધાર્થીઓએ હા માં જવાબ આપ્યો, જ્યારે 59 (98.33 %) વિધાર્થીઓએ ના માં જવાબ આપ્યો હતો. પ્રશ્નના સંદર્ભમાં શાળાનાં કુલ 60 વિધાર્થીઓમાંથી 60 (100.00%) વિધાર્થીઓએ હા માં જવાબ આપ્યો, જ્યારે 0 (0.00%) વિધાર્થીઓએ ના માં જવાબ આપ્યો હતો. પ્રશ્નના સંદર્ભમાં શાળાનાં કુલ 60 વિધાર્થીઓમાંથી 6 (10 %) વિધાર્થીઓએ હા માં જવાબ આપ્યો, જ્યારે 54 (90.00%) વિધાર્થીઓએ ના માં જવાબ આપ્યો હતો.**

**સંશોધનના ફલિતાર્થ :**

**ધોરણ 9 નાં વિધાર્થીઓની ગણિત વિષય પ્રત્યેનાં અરૂચિના મુખ્ય કારણોમાં વિધાર્થીઓને બીજગણિત પસંદ નથી. ગણિતમાં સાદૃરૂપ આપતી વખતે મુકવામાં આવતા ચિન્હો + અને - માં ભૂલ પડે છે. ગણિત વિષયમાં કૂટપ્રશ્નો પસંદ નથી. કૂટપ્રશ્નોમાં આપવામાં આવેલ માહિતીનાં એકમ બદલાવમાં ભૂલો થાય છે. આગળનાં ધોરણની વિગત ભૂલી જવાય છે. આગળના ધોરણની વિગત માટે પ્રશ્નાવલીની સાથે પુનરાવર્તન આપવું જોઈએ , સાબિત કરો કે કેવા પ્રકારનાં પ્રશ્નો સમજવામાં મુશ્કેલ લાગે છે, વધુ વિષય હોવાથી વિદ્યાર્થીઓ ગણિત વિષય માટે પૂરતો સમય ફાળવી શકતા નથી. વિધાર્થીઓ પહેલેથી ગણિત વિષયની લઘુતાગ્રંથીથી પિડાય છે એવા કારણો મળે છે.**

**ઉપસંહાર :**

**પ્રસ્તુત સંશોધનનો હેતુ માધ્યમિક શાળાના ધોરણ 9 ના વિધાર્થીઓની ગણિત વિષયમાં અરૂચિના કારણોની તપાસ કરવાનો હતો. પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળામાં વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ધોરણ ૯ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૈકી બિન સંભાવ્ય નમૂના પસંદગીની ચાર રીતો પૈકી કુલ ૬૦ વિધાર્થીઓ અનુકૂળ નમૂના પસંદગીની રીતે પસંદ કરવામાં આવ્યા હતા. ધોરણ 9 નાં વિધાર્થીઓની ગણિત વિષય પ્રત્યેનાં મુખ્ય કારણોમાં વિધાર્થીઓને બીજગણિત પસંદ નથી. ગણિત માં સાદૃરૂપ આપતી વખતે મુકવામાં આવતા ચિન્હો + અને - માં ભૂલ પડે છે. ગણિત વિષયમાં કૂટપ્રશ્નો પસંદ નથી. કૂટપ્રશ્નોમાં આપવામાં આવેલ માહિતીનાં એકમ બદલાવમાં ભૂલો થાય છે. આગળનાં ધોરણની વિગત ભૂલી જવાય છે. આગળના ધોરણની વિગત માટે પ્રશ્નાવલીની સાથે પુનરાવર્તન આપવું જોઈએ , સાબિત કરો કે કેવા પ્રકારનાં પ્રશ્નો સમજવામાં મુશ્કેલ લાગે છે, વધુ વિષય હોવાથી વિદ્યાર્થીઓ ગણિત વિષય માટે પૂરતો સમય ફાળવી શકતા નથી.**

**ચાવીરૂપ શબ્દો : અરૂચિ , કારણોની તપાસ**

<u>સંશોધન સારાંશ 54</u>

**સંશોધક : પટેલ સ્નેહલ આર.**

**કોલેજ : શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર.**

**માર્ગદર્શક : શ્રી જયંતિભાઈ વી. પટેલ**

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** : 2021-23 / HNGU, Patan / M.Ed.

**સંશોધનનું શીર્ષક :**

**તરુણાવસ્થાની સમસ્યાઓ માટે સહકારી માર્ગદર્શન કાર્યક્રમની સંરચના અને અસરકારકતા**

Construction and Effectiveness of Co-Operative Guidance Programme For Adolescent Students Problems

**સંશોધનનું ક્ષેત્ર : શિક્ષણનું મનોવિજ્ઞાન, શિક્ષણનું સમાજશાસ્ત્ર, માર્ગદર્શન અને સલાહ**

**સંશોધનના હેતુઓ :**

1. **તરુણો માટે સમસ્યાસૂચિ માપદંડની રચના કરવી.**
2. **તરુણોની સમસ્યાના નિવારણ માટે સહકારી માર્ગદર્શન કાર્યક્રમની રચના કરવી.**

3. સહકારી માર્ગદર્શન કાર્યક્રમનું અમલીકરણ કરવું.
4. સહકારી માર્ગદર્શન કાર્યક્રમની અસરકારકતા તપાસવી.
5. સહકારી માર્ગદર્શન કાર્યક્રમની અસરકારકતા જાતીયતાના સંદર્ભમાં તપાસવી.

સંશોધનના પ્રશ્નો :

1. પ્રાયોગિક જૂથની પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીમાં સામાજિક, શૈક્ષણિક અને જાતીય સમસ્યાઓના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
2. પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની પૂર્વ કસોટીની સામાજિક, શૈક્ષણિક અને જાતીય સમસ્યાઓના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
3. પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓની ઉત્તર કસોટીની સામાજિક, શૈક્ષણિક અને જાતીય સમસ્યાના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ : સહકારી માર્ગદર્શન કાર્યક્રમ ; પરતંત્ર ચલ : તરુણોની સમસ્યાઓ ; પરિવર્તક ચલ : જાતિયતા ; અંકુશિત ચલ : ધોરણ ; આંતરવર્તી ચલ- વ્યક્તિગત ભિન્નતા

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પદ્ધતિ : પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો : પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના શૈક્ષણિક વર્ષ 2021- 23 દરમિયાન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી સંભાવ્ય નમૂના પસંદગીની યાદચ્છિક પ્રયુક્તિથી નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો.

ઉપકરણ : સમસ્યા સૂચિમાપદંડ

પૃથક્કરણની રીત : આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિ સરાસરી, પ્રમાણ વિચલન, પ્રમાણભૂતતા અને ટી- મૂલ્ય દ્વારા.

સંશોધનના તારણો :

સામાજિક, શૈક્ષણિક અને જાતીય સમસ્યાઓના સંદર્ભમાં સહકારી માર્ગદર્શન કાર્યક્રમ અસરકારક હતો. એટલે કે સહકારી માર્ગદર્શન કાર્યક્રમની અસરથી વિદ્યાર્થીઓની સામાજિક, શૈક્ષણિક અને જાતીય સમસ્યાઓમાં ઘટાડો જોવા મળ્યો હતો. પૂર્વ કસોટીના સંદર્ભમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ સમાન સામાજિક, શૈક્ષણિક અને જાતીય સમસ્યાઓમાં વધુ ધરાવે છે. ઉત્તર કસોટીના સંદર્ભમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ સમાન શૈક્ષણિક, જાતીય અને સામાજિક સમસ્યાઓ ધરાવે છે એટલે કે જાતીયતાની અસર જોવા મળી ન હતી.

સંશોધનના ફલિતાર્થ :

વિદ્યાર્થીઓએ વિવિધ સમસ્યાઓના ઉકેલ માટે સલાહ અને માર્ગદર્શન લેવું જોઈએ. ઘરમાં વડીલો સાથે, શાળામાં શિક્ષકો અને આચાર્ય સાથે કોઈપણ પ્રકારની મૂંઝવણ વગર ચર્ચા કરવી જોઈએ. તેમજ નિયંત્રણ કરતા શીખવું જોઈએ. શિક્ષકોએ વિદ્યાર્થીઓની સમસ્યાઓ જાણવી જોઈએ. વર્ગખંડમાં સહકારી માર્ગદર્શન દ્વારા વિદ્યાર્થીઓની સમસ્યાઓ ઉકેલવી જોઈએ. તરુણાવસ્થા તેમજ જાતીય શિક્ષણ વિશે સમજ આપવી જોઈએ. શિક્ષકોએ વિદ્યાર્થીઓ પોતાની સમસ્યાઓ જણાવી શકે તે માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા જોઈએ.

ઉપસંહાર :

આ પ્રાયોગિક સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના ધોરણ-9 ના શૈક્ષણિક વર્ષ 2023 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા. તેમજ સંભાવ્ય નમૂના પસંદગીની યાદચ્છિક પ્રયુક્તિથી નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો. ઉપકરણ તરીકે સમસ્યા સૂચિમાપદંડની રચના કરવામાં આવી હતી. અને t કસોટી દ્વારા પૃથકકરણ કરવામાં આવ્યું હતું. જે પરથી તારવવામાં આવ્યું હતું કે સામાજિક, શૈક્ષણિક અને જાતીય સમસ્યાઓના સંદર્ભમાં સહકારી માર્ગદર્શન કાર્યક્રમ અસરકારક હતો એટલેકે સહકારી માર્ગદર્શન કાર્યક્રમની અસરથી વિદ્યાર્થીઓની સામાજિક, શૈક્ષણિક અને જાતીય સમસ્યાઓમાં ઘટાડો જોવા મળ્યો હતો.

ચાવીરૂપ શબ્દો : તરુણાવસ્થા, સહકારી માર્ગદર્શન, સમસ્યાઓ

<u>સંશોધન સારાંશ 55</u>

સંશોધક : ચૌધરી વિણાબેન આઈ.
કોલેજ : શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર
માર્ગદર્શક : ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ

વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી : 2021-23 / HNGU, Patan / M.Ed.

સંશોધન શીર્ષક :

**ધોરણ-8 નાં વિદ્યાર્થીઓ માટે ગણિત વિષયમાં માનસિક શક્તિ કસોટીની રચના અને અસરકારકતા**

Construction and Effectiveness of Mental Ability Test for Mathematics Students of Standard- 8

સંશોધનનુ ક્ષેત્ર : પ્રાથમિક શિક્ષણ, શૈક્ષણિક મનોવિજ્ઞાન અને ગણિત શિક્ષણ

સંશોધનના હેતુઓ :

1. ધોરણ 8 નાં ગણિત વિષયની માનસિક શક્તિ કસોટીની રચના કરવી.
2. ધોરણ 8 નાં ગણિત વિષયની માનસિક શક્તિ કસોટીની અજમાયશ કરવી.
3. ધોરણ 8 નાં ગણિત વિષયની માનસિક શક્તિ કસોટીની જાતિ અને વિસ્તારનાં સંદર્ભમાં અસર તપાસવી.

સંશોધનની ઉત્કલ્પનાઓ :

1. ધોરણ 8 નાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની ગણિત વિષયની માનસિક કસોટીમાં પ્રાપ્ત કરેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
2. ધોરણ 8 નાં શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારનાં વિદ્યાર્થીઓનાં ગણિત વિષયની માનસિક કસોટીમાં પ્રાપ્ત કરેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

સંશોધનના ચલ : સ્વતંત્ર ચલ : જાતિયતા અને વિસ્તાર ; અંકુશિત ચલ : ગણિત અને ધોરણ 8 ; પરતંત્ર ચલ : ગણિત વિષયની માનસિક કસોટીમાં પ્રાપ્ત કરેલ પ્રાપ્તાંકો

સંશોધનનો પ્રકાર : વ્યવહારિક સંશોધન પૈકી સંખ્યાત્મક સંશોધન

સંશોધનની પદ્ધતિ : વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

વ્યાપવિશ્વ અને નમૂનો :

ધાનેરા તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓનાં ધોરણ 8 માં વર્ષ 2022-2023 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ પૈકી 2 ગ્રામ્ય અને 2 શહેરી વિસ્તારની શાળાઓમાંથી દરેક શાળામાંથી 25 કુમારો અને 25 કન્યાઓ એમ કુલ 200 પાત્રો સહેતુક નમૂના પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા હતા.

ઉપકરણ : સ્વ નિર્મિત માનસિક કસોટી

પૃથક્કરણની રીત : આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિ સરાસરી, પ્રમાણ વિચલન, પ્રમાણભૂતતા અને ટી- મૂલ્ય દ્વારા.

સંશોધનના તારણો :

ધોરણ 8 નાં શહેરી વિસ્તારનાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની ગણિત વિષયની માનસિક કસોટીમાં પ્રાપ્ત કરેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત રહેલો નથી. આમ, શહેરી વિસ્તારનાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની ગણિત વિષયની માનસિક ક્ષમતાની દ્રષ્ટિએ સમકક્ષ છે. ગ્રામ્ય વિસ્તારનાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની ગણિત વિષયની માનસિક કસોટીમાં પ્રાપ્ત કરેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત રહેલો નથી. આમ, ગ્રામ્ય વિસ્તારનાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની ગણિત વિષયની માનસિક ક્ષમતાની દ્રષ્ટિએ સમકક્ષ છે. શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારનાં વિદ્યાર્થીઓનાં ગણિત વિષયની માનસિક કસોટીમાં પ્રાપ્ત કરેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત રહેલો છે. આમ, શહેરી વિસ્તારનાં વિદ્યાર્થીઓ ગ્રામ્ય વિસ્તારનાં વિદ્યાર્થીઓ કરતાં માનસિક ક્ષમતામાં ચઢિયાતા છે. શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારની વિદ્યાર્થીનીઓનાં ગણિત વિષયની માનસિક કસોટીમાં પ્રાપ્ત કરેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત રહેલો છે. આમ, શહેરી વિસ્તારની વિદ્યાર્થીનીઓ ગ્રામ્ય વિસ્તારની વિદ્યાર્થીનીઓ કરતાં માનસિક ક્ષમતામાં ચઢિયાતી છે.

સંશોધનના ફલિતાર્થ :

શિક્ષકોએ ગણિત વિષયમાં સિદ્ધિ કસોટીની રચના દ્વારા શિક્ષણ કાર્ય કરવું જોઈએ. શિક્ષકોએ નિદાનાત્મક કસોટી રચી વિદ્યાર્થીઓની કચાશ દૂર થાય તેવું શિક્ષણ કાર્ય કરવું જોઈએ. શિક્ષકોએ વિદ્યાર્થીઓને ગણિત વિષયમાં માનસિક શક્તિ કસોટીનો શિક્ષણમાં ઉપયોગ કરવો જોઈએ. શિક્ષકોએ વિદ્યાર્થીઓને ગણિત વિષયમાં સ્વ રચિત કસોટી તૈયાર કરી અભ્યાસકાર્ય કરાવવું જોઈએ.

ઉપસંહાર :

પ્રસ્તુત સંશોધનનો હેતુ ધોરણ 8 નાં ગણિત વિષયમાં માનસિક શક્તિ કસોટીની રચના કરવાન હતો. આ સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું. સંશોધનમાં નમૂના તરીકે ધાનેરા તાલુકાની 2 ગ્રામ્ય અને 2 શહેરી વિસ્તારની શાળાઓમાંથી ધોરણ 8 માં 2022- 2023 માં અભ્યાસ કરતાં દરેક શાળામાંથી 25 કુમારો અને 25 કન્યાઓ એમ કુલ 200 પાત્રોનો નમૂનો સહેતુક નમૂના પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ સ્વ નિર્મિત માનસિક કસોટી હતી. અને માહિતી એકત્રીકરણ કર્યા બાદ ટી કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. તેનાં પરથી જાણવા મળ્યું હતું કે, સંશોધનમાં સ્વ રચિત માનસિક શક્તિ કસોટી દ્વારા શિક્ષણ અંગેનાં અભિપ્રાયો હકારાત્મક જોવા મળેલ હતાં.

ચાવીરૂપ શબ્દો : ગણિત, ઉચ્ચ પ્રાથમિક વિભાગ, માનસિક શક્તિ કસોટી

# NOTES:

# EDUCATIONAL RESEARCH MONOGRAPH

**(2021-23)**

**:Chief Editor:**

Dr. Pinakshiben B. Patel (Prof. & Head)

**:Sub Editors:**

Shri. Piyushkumar K. Pancholi (Asst. Prof)

Shri Jayantibhai V. Patel (Asst. Prof)

Dr. Jyotsanaben L. Barad (Asst. Prof)

Smt. Tanushree S. Bhargava (Asst. Prof)

**SMT. R.K.D. KHANUSHIYA M.ED. COLLEGE, PALANPUR**

**AFFILIATED WITH**

**HEMCHANDRA ACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN**

**MANAGED BY**

**SHRI BANASKANTHA KADVA PATIDAR SANSKAR MANDAL, PALANPUR**

# સંપાદક મંડળ

## માર્ગદર્શક અધ્યાપકશ્રીઓ



ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ



શ્રી પિયુષકુમાર કે. પંચોલી



શ્રી જયંતિભાઈ વી. પટેલ



ડૉ. જ્યોત્સનાબેન એલ. બારડ



શ્રીમતી તનુશ્રી એસ. ભાર્ગવા

"We want the education by which character is formed, strength of mind is increased, the intellect is expanded, and by which one can stand on one's own feet."

- **Swami Vivekanada**

**Publisher:**
Shri BKKPSM TRUST, Karnavat School Campus, Gobri Road, Palanpur-385001
Dist. – Banaskantha (Gujarat)